દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 33 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 February 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કૉંગ્રેસના સાંસદે પાકિસ્તાન વતી જાસૂસી કરી હોવાનો આક્ષેપ

## ગોગોઈ અને તેની પત્નીએ દુશ્મનોને ગુપ્ત માહિતી આપી હતીઃ આસામના મુખ્ય પ્રધાન

નવી દિલ્હીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સર્માએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ, તેમની બ્રિટિશ પત્ની ઍલિઝાબૅથ કૉલબર્ન અને પાકિસ્તાની નાગરિક અલી તાકીર શેખ એકમેક સાથે સઘન રીતે સંકળાયેલા હતા અને ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ની માહિતી ગુપ્ત રીતે પડોશી દેશ પાકિસ્તાનને પહોંચાડવામાં આવતી હતી. નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા બાદની સ્થિતિ અંગે કૉલબર્ન આઈબીના સૂત્રો પાસેથી માહિતી મેળવતી હતી. કૉલબર્ને શેખને ૪૫ પાનાંનો રિપોર્ટ પણ મોકલાવ્યો હતો.

કૉલબર્ન ભારતમાં કામ કરતી હતી ત્યારે શેખ દ્વારા તેને પગાર આપવામાં ફૉરેન કોન્ટ્રીબ્યૂશન રેગ્યુલેશન ઍક્ટ (એફસીઆરએ)નો ભંગ કરવામાં આવ્યો હોવાનો સર્માએ વિધાનસભાની ચૂંટણી અગાઉ પત્રકાર પરિષદને આપેલી મુલાકાતમાં દાવો કર્યો હતો.

વર્ષ ૨૦૧૩માં ગોગોઈએ ખૂબ જ ગુપ્ત રીતે પાકિસ્તાનની મુલાકાત લીધી હતી અને ત્યાં તેમને અમુક પ્રકારની તાલીમ આપવામાં આવી હોવાનો આક્ષેપ કરી સર્માએ આ મામલે ગોગોઈને પોતાની નિર્દોષતા પુરવાર કરવાનો અન્યથા રાષ્ટ્રદ્રોહનો સામનો કરવાનો પડકાર ફેંક્યો હતો.

રાજ્યમાં કૉંગ્રેસ એકમના વડા ગોગોઈએ સર્માના આ આક્ષેપોને સી-ગ્રેડના સિનેમા કરતાં પણ ખરાબ અને ફ્લોપ લેખાવ્યા હતા.

સર્માએ કહ્યું હતું કે આપણે માની લઈએ કે ગોગોઈ, કૉલબર્ન અને શેખ એકમેક સાથે સઘન રીતે સંકળાયેલા હતા. આપણે એ પણ માની લઈએ કે કૉલબર્ન અને શેખ આંતરરાષ્ટ્રીય કાવતરાંનો હિસ્સો હતા.

સર્માએ ભારપૂર્વક કહ્યું હતું કે સ્થાનિક મ્યુનિસિપલ એજન્સી સાથે કામ કરવા આ લોકોએ ભારત સરકારને અવગણીને વૈકલ્પિક માર્ગ અપનાવ્યો હતો જેની તપાસ આસામ પોલીસ પાસે કરાવી ન શકાય અને તેથી જ અમે ગૃહ ખાતા દ્વારા આ મામલે રાષ્ટ્રીય તપાસ કરાવવામાં આવવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

સર્માએ દાવો કર્યો હતો કે એ જ ગ્રૂપ સાથે કામ કરવા ભારતમાં ટ્રાન્સફર કરવામાં આવી તે અગાઉ કૉલબર્ન શેખ દ્વારા ચલાવવામાં આવતી 'લીડ



પાકિસ્તાન' સંસ્થા સાથે કામ કરતી હતી, પરંતુ તેને પગાર શેખ દ્વારા આપવામાં આવતો હતો.

'લીડ પાકિસ્તાન' દ્વારા 'લીડ ઈન્ડિયા'ને રૂપિયા મોકલવામાં આવતા હતા અને ત્યાર બાદ એફસીઆરએ રેગ્યુલેશનનો ભંગ કરીને કૉલબર્નને ચુકવણી કરવામાં આવતી હતી, એવો આક્ષેપ તેમણે કર્યો હતો.

ભારત દુશ્મન દેશ હોવાને કારણે પાકિસ્તાની એજન્સી કોઈ પણ ભારતીય સંસ્થાને દાન આપી ન શકે. યુપીએ સરકારના શાસનકાળમાં કૉલબર્નને પગાર ચૂકવવા વિશેષ પરવાનગી લેવામાં આવી હોઈ શકે, એમ તેમણે કહ્યું હતું.

ભારતમાં કામ કર્યા બાદ કૉલબર્ને ભારતને લગતી માહિતી ભેગી કરવાનું અને શેખને રિપોર્ટ આપવાનું શરૂ કર્યું હતું એમ જણાવી તેમણે દાવો કર્યો હતો કે 'લીડ ઈન્ડિયા' સાથે કામ કરતી હતી ત્યારે કૉલબર્ને છ વાર અને અન્ય એક એનજીઓ સાથે જોડાયા બાદ ત્રણ વાર પાકિસ્તાનની મુલાકાત લીધી હતી.

સર્માએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૩માં કૉંગ્રેસના સાંસદે પાકિસ્તાનની ગુપ્ત મુલાકાત લીધી હતી અને તે જ સમયે તેમની પત્નીની ભારતમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. તે સમયે તે મુખ્ય પ્રધાનના નિવાસસ્થાનમાં રહેતી હતી. એ સમયે સાંસદના પિતા દિવંગત તરુણ ગોગોઈ આસામના મુખ્ય પ્રધાન હતા.

સર્માએ દાવો કર્યો હતો કે પાકિસ્તાનની ૧૦ દિવસની મુલાકાતેથી પાછા આવ્યા બાદ ગૌરવ ગોગોઈ સાંસદ બન્યા હતા અને લોકસભામાં તેમણે ભારતની લશ્કરી તૈયારી, સુરક્ષા, ડિફેન્સ હાર્ડવેર, ન્યૂક્લિયર પ્લાન્ટ, જાસૂસી, કાશ્મીર સંઘર્ષ અને અન્ય સંવેદનશીલ મુદ્દાઓ અંગે પ્રશ્નો કર્યા હતા. પ્રથમ જ વાર સાંસદ બનેલા સાંસદ દ્વારા કરવામાં આવેલા આ પ્રકારના સંવેદનશીલ પ્રશ્નોને કેમ તેમની પાકિસ્તાનની મુલાકાત સાથે સાંકળી લેવામાં ન આવે? એવો સવાલ સર્માએ કર્યો હતો.

જો આ મામલે ગોગોઈ સ્પષ્ટતા ન કરે તો તેમની પર રાષ્ટ્રદ્રોહનો આરોપ લાગી શકે છે.

યુપીએના શાસનકાળમાં વર્ષ ૨૦૧૦થી ૨૦૧૩ દરમિયાન શેખે ૧૩ વખત ભારતની મુલાકાત લીધી હતી અને વૈશ્વિક સ્તરે ભારતવિરોધી માહોલ નિર્માણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આસામ પોલીસે તપાસ આરંભ્યા બાદ શેખે કોઈને બચાવવા તમામ ટ્વીટ ડિલિટ કરી નાખ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

પુત્રને બ્રિટનનું નાગરિકત્વ આપવામાં આવ્યા બાદ વર્ષ ૨૦૨૨માં ગોગોઈએ તેનાં પુત્રનો ભારતીય પાસપોર્ટ સરન્ડર કરી દીધો હતો. ગોગોઈનો પુત્ર ભારતીય પાસપોર્ટમાં ધર્મની કોલમમાં હિન્દુ લખતો હતો, પરંતુ નાગરિકતા બદલાયા બાદ એ કોલમ ખાલી

(જુઓ પાનું ૨) ▸▸

# ₹૧,૨૦૦ કરોડનું બૅન્ક લૉન કૌભાંડઃ આરોપીઓ વિદેશ નાસી ગયા

નવી દિલ્હીઃ રૂ. ૧,૨૦૦ કરોડનું બૅન્ક લૉન કૌભાંડને મામલે દિલ્હીસ્થિત ચોખાની કંપનીના બે પ્રમોટરને અહીંની વિશેષ અદાલતે ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કર્યા હતા. કોર્ટ ઑફ સ્પેશ્યલ જજ રાજેશ મલિકે ફ્યૂગેટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ ઍક્ટ (એફઈઓએ) ૨૦૧૮ અંતર્ગત શુક્રવારે અમિરા પ્યોર ફૂડ પ્રા. લિ. (એપીએફપીએલ)ના અધ્યક્ષ કરણ એ. ચનાના અને કંપનીનાં ફૂલટાઈમ ડિરેક્ટ અનિતા દાઈન્ગને ભાગેડુ જાહેર કર્યા હતા. આરોપીઓની રૂ. ૧૨૩ કરોડની સંપત્તિ જપ્ત કરવાનો પણ કોર્ટે આદેશ આપ્યો હોવાનું ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)ના અધિકારીએ કહ્યું હતું. ચનાના હાલ યુકેમાં તો દાઈન્ગ દુબઈમાં હોવાનું માનવામાં આવે છે.

છેતરપિંડી, બિનહિસાબી સંપત્તિ, વિશ્વાસભંગ અને કેનેરા બૅન્કના વડપણ હેઠળની કોન્સોર્ટિયમ ઑફ બૅન્કોને રૂ. ૧,૨૦૧.૮૫ કરોડનું નુકસાન કરવા

(જુઓ પાનું ૨) ▸▸

# સૂરજકુંડ મેળામાં બે દુર્ઘટનાઃ એકનું મોત, ૧૩ ઘાયલ

ફરીદાબાદઃ ફરીદાબાદમાં શનિવારે રાત્રે ૩૯મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય આત્મનિર્ભર ક્રાફ્ટ ફેસ્ટિવલમાં હાઇ સ્પીડ સુનામી સ્વિંગ નામની રાઇડ તૂટી પડતાં એક પોલીસ ઇન્સ્પેક્ટરનું મોત થયું હતું. જ્યારે ૧૩ લોકો ઘાયલ થયા હતા.

ફરીદાબાદ પોલીસે સૂરજકુંડ પોલીસ સ્ટેશનમાં બીએનએસની કલમ ૧૦૫ હેઠળ સ્વિંગ ઓપરેટર અને તેના સ્ટાફ વિરુદ્ધ એફઆઇઆર નોંધી છે. જો કે તે રાત્રે મેળાના મેદાનમાં બનેલી આ એકમાત્ર દુર્ઘટના ન હતી. સુનામી સ્વિંગ નામની રાઇડ હવામાં તૂટીને જમીન પર પટકાઇ તેના પહેલા ભારે પવનને કારણે ફૂડ કોર્ટનો એક દરવાજો પણ તૂટી પડ્યો હતો. જેના કારણે એક મુલાકાતી ઘાયલ થયો હતો.

પોલીસે જણાવ્યું કે સેક્ટર ૨૮ના

(જુઓ પાનું ૨) ▸▸

# ભારત-મલયેશિયા વચ્ચે સૅમિકંડક્ટર, ડિજિટલ પેમેન્ટ સહિત અનેક કરાર

કુઆલાલંપુરઃ મલયેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહીમે રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સાચા મિત્ર ગણાવ્યા અને કહ્યું કે તેમની સાથે તેમનો વિશ્વાસપાત્ર સંબંધ રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં મલયેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહીમે કહ્યું કે ભારત અને મલયેશિયા વચ્ચેની આ મુલાકાત અને દસ્તાવેજોનું આદાન-પ્રદાન સંબંધોને મજબૂત બનાવવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ, વ્યૂહાત્મક અને આવશ્યક છે. બંને દેશો ૧૯૫૭થી લાંબા સમયથી સંબંધો ધરાવે છે, પરંતુ ૨૦૨૪માં તેને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં ફેરવવામાં આવી હતી. મલેશિયાના વડા પ્રધાને કહ્યું હતું કે "અમે તમામ ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવીશું. વેપાર અને રોકાણ, સૅમિકન્ડક્ટર, ડિજિટલ અર્થતંત્ર, સ્થાનિક ચલણમાં વેપાર, કનેક્ટિવિટી, ઊર્જા, કૃષિ, ખાદ્ય સુરક્ષા, સંરક્ષણ, શિક્ષણ, આરોગ્યસંભાળ, પર્યટન, સંસ્કૃતિમાં સંબંધો મજબૂત બનશે. અમે માનીએ છીએ કે બંને સરકારો અને બંને વિદેશ પ્રધાનોની પ્રતિબદ્ધતા સાથે તે ઝડપથી

(જુઓ પાનું ૨) ▸▸

# વૉટ્સએપ ગ્રૂપ દ્વારા કરાતું રોકાણ કૌભાંડ પકડાયું

અલીગઢ (ઉત્તર પ્રદેશ): આખા ભારતમાં ચાલતું સાયબર ઈન્વેસ્ટમેન્ટ કૌભાંડ છ રાજ્યોના ૧૨ ઈસમની ધરપકડ સાથે પકડાયું હતું, એવી માહિતી પોલીસે આપી હતી. આરોપી ઉત્તરાખંડ, ઓડિશા, છત્તીસગઢ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશથી પકડાયા હતા.

એસપી (રૂરલ) અમૃત જૈને કહ્યું હતું કે આ આરોપી વૉટ્સએપ ગ્રૂપ દ્વારા આખા ભારતમાં રોકાણ કૌભાંડ ચલાવતા હતા. ટેલિકોમ્યુનિકેશન મંત્રાલય સાથે સંકલન કરીને અલીગઢ સાયબર ક્રાઈમ સેલે આખા દેશના રોકાણકારોને લલચાવવા અને છેતરવા માટે ચાલતા ૬૦૦ વૉટ્સએપ ગ્રૂપ શોધી કાઢ્યા હતા. પોલીસે દાવો કર્યો હતો કે સમયસર કાર્યવાહીને લીધે દેશના દોઢ લાખ લોકોના

(જુઓ પાનું ૨) ▸▸

# રશિયામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ પર ચાકુ વડે હુમલો

મોસ્કોઃ રશિયાના બશ્કોર્તોસ્તાન રિપબ્લિકમાં શનિવારના રોજ એક યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાર્થીઓ પર ચાકુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત છ લોકો ઘાયલ થયા હોવાનું ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું.

પ્રારંભિક અહેવાલો અનુસાર બશ્કોર્તોસ્તાન રિપબ્લિકના ઉફામાં સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીની એક હોસ્ટેલમાં એક કિશોર ચાકુ લઇને ઘૂસી આવ્યો હતો. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે તેણે ત્યાં રહેતા વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો હતો. જેમાંના ઘણા વિદ્યાર્થીઓને ચાકુ માર્યા હતા.

ગૃહ મંત્રાલયના પ્રવક્તા મેજર જનરલ ઇરિના વોલ્કાએ જણાવ્યું કે હુમલાખોરે ધરપકડનો વિરોધ કરતાં બે પોલીસ

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયાનો યુક્રેન પર ફરી હુમલો

કિવઃ પૂર્વી યુક્રેનમાં રહેણાક વિસ્તાર પર રશિયન હવાઈ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું અને બે ઘાયલ થયા હતા. યુક્રેનના અધિકારીઓએ આ જાણકારી આપી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું હતું કે અમેરિકાએ યુક્રેન અને રશિયાને શાંતિ કરાર પર પહોંચવા માટે જૂન મહિનાની સમયમર્યાદા નક્કી કરી છે.

યુક્રેનની સ્ટેટ ઈમરજન્સી સર્વિસના જણાવ્યા અનુસાર, યુક્રેનના ડોનેટ્સક પ્રદેશના ક્રામાટોરસ્ક શહેર પર એક હુમલામાં નવ માળના એપાર્ટમેન્ટ બ્લોકમાં આગ લાગી હતી. યુક્રેનની સરકારી ગેસ કંપની નાફ્ટોગાઝના ચીફ એક્ઝિક્યુટિવ સેરહી કોરેત્સ્કીએ જણાવ્યું હતું કે, રશિયાએ રવિવારે રાત્રે યુક્રેનના પોલ્ટાવા પ્રદેશમાં ઊર્જા માળખા પર પણ હુમલો કર્યો હતો.


રશિયાએ લગભગ ૪ વર્ષથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ખાસ કરીને શિયાળામાં યુક્રેનના પાવર ગ્રીડને નુકસાન પહોંચાડ્યું છે. તેનો હેતુ યુક્રેનનો વિરોધ કરવાની ઈચ્છાને નબળી પાડવાની છે જેમને કિવના અધિકારીઓ

(જુઓ પાનું ૨) ▸▸

# સરકાર બૅન્કિંગ ક્ષેત્ર માટે ઉચ્ચ સ્તરની સમિતિ રચશે

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે કહ્યું હતું કે વિકસિત ભારતની આર્થિક જરૂરિયાતો પૂરી કરી શકે તેવા સક્ષમ અને મોટા ધિરાણકર્તાઓની બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરવા સરકાર જલદી જ ઉચ્ચ સ્તરની સમિતિની રચના કરશે.

અમે ઈચ્છીએ છીએ કે સમિતિ અમને જણાવે કે વિકસિત ભારત માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવા ક્યા પ્રકારની બૅન્કિંગ સિસ્ટમ ઊભી કરવાની જરૂરિયાત છે, એમ તેમણે કહ્યું હતું. સમિતિ જો જાહેરક્ષેત્રની બૅન્કોના મર્જરની ભલામણ કરશે તો? એ પ્રકારના પ્રશ્નનો જવાબ આપતાં સીતારમણે કહ્યું હતું કે કોઈએ આ પ્રકારે સંકુચિત મનથી ન વિચારવું જોઈએ. આ માટે ભારતના બૅન્કિંગ ક્ષેત્રએ વિકસિત ભારતને માટે પૂરતું ભંડોળ પૂરું પાડી શકાય તે માટે મોટું પગલું લેવું જોઈએ. વિકસિત ભારતના લક્ષ્યને પામવા આર્થિક ભંડોળ, વિશ્વસનીયતા અને બૅન્કિંગ સુવિધા સામાન્ય માણસ સુધી પહોંચે તેની જરૂર છે, એમ તેમણે કહ્યું હતું. સમિતિ કેટલા સમયમાં રચવામાં આવશે એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું હતું કે અમે વહેલામાં વહેલી તકે એ કરીશું. (એજન્સી)




મંદિરની સુરક્ષા : ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં નવી હિમવર્ષાને પગલે ટેકરીઓ હિમાચ્છાદીત થઈ હતી ત્યારે સુરક્ષા ચોકિયાતો કેદારનાથ ધામનું રક્ષણ કરી રહ્યા હતા. (પીટીઆઈ)

# અમૃતસરમાંથી હેરોઈન, શસ્ત્રો જપ્તઃ બે પકડાયા

ચંડીગઢઃ પંજાબના અમૃતસરમાં બે ઈસમ પકડાયા હતા અને તેમની પાસેથી ૨૫ કિલો હેરોઈન, હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યા હતા. પંજાબ પોલીસે બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) સાથે સંયુક્ત ઑપરેશનમાં બે ઈસમની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ ઑફિસરે કહ્યું હતું.

ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ (ડીજીપી) ગૌરવ યાદવે એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે પોલીસે સરહદ પર થતી મોટી સફળતામાં કેફી દ્રવ્યો અને હથિયારોની દાણચોરીમાં ૨૫ કિલો હેરોઈન, બે પિસ્તોલ અને ૬૦ જીવંત કારતૂસનું કન્સાઈનમેન્ટ પકડ્યું હતું. પોલીસે ઑપરેશનમાં ઘોઘા એરિયાના બે ઈસમને પકડ્યા હતા. આ દાણચોરી ડ્રોન વડે કરાતી હતી. (એજન્સી) ■

# કર્ણાટકમાં ખાનગી વિમાન તૂટી પડ્યું

વિજયપુરા (કર્ણાટક): એક નાનું ખાનગી વિમાન જિલ્લાના ખુલ્લા ખેતરમાં તૂટી પડ્યું હતું, પરંતુ એક પાઈલટ સહિત બે જણનો ચમત્કારિક બચાવ થયો હતો, એમ પોલીસના સૂત્રોએ કહ્યું હતું.

સૂત્રોએ માહિતી આપી હતી કે કાલબુર્ગીના રેડબર્ડ એવિયેશનનું બે બેઠકવાળું વિમાન વિજયપુરા જિલ્લાના બાબલેશ્વર તાલુકાના મેંગલુરુ ગામમાં તૂટી પડ્યું હતું. વિમાન તૂટ્યું એ પહેલાં વિમાનમાં રહેલા પાઈલટ અને એક યાત્રી બહાર નીકળી ગયા હતા. વિમાન ત્રણ ટૂકડામાં તૂટી પડ્યું હતું. આમાં બચી ગયેલાને રેડબર્ડ એવિયેશનના આસિસ્ટન્ટ ફ્લાઈટ ઈન્સ્ટ્રક્ટર (એએફઆઈ) કૅપ્ટન કુનાલ મલ્હોત્રા અને ટ્રેઈની પાઈલટ ગૌતમ

(જુઓ પાનું ૨) ▸▸

# ભારતના હુમલાથી નુકસાન પામેલા ઍરબૅઝ ખાતે પાકે સમારકામ શરૂ કર્યું

નવી દિલ્હીઃ ગયા વર્ષે ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન પર આક્રમક હુમલાઓ કર્યા હતા. પાકિસ્તાન વાયુસેનાએ સંકેત આપ્યો છે કે તે તેના ભોલારી એરબેઝ પરના હેંગરનું સમારકામ શરૂ કરશે. જેને ૧૦ મે, ૨૦૨૫ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનાના હુમલામાં ભારે નુકસાન થયું હતું. સેટેલાઇટ છબીઓ આ વાતની સાક્ષી આપે છે. આ છબીઓ દર્શાવે છે કે ભોલારી એરબેઝ

(જુઓ પાનું ૨) ▸▸

# મણિપુરમાંથી ચાર ઉગ્રવાદી પકડાયા

ઈમ્ફાલઃ સુરક્ષા દળોએ ખંડણી પ્રવૃત્તિમાં કથિત સંડોવણી બદલ મણિપુરમાંની ખીણના જિલ્લામાંથી વિવિધ પ્રતિબંધિત સંગઠનો સાથે સંકળાયેલા ચાર આતંકવાદીની ધરપકડ કરી હતી, એવી માહિતી પોલીસે રવિવારે આપી હતી.

પોલીસે એક નિવેદનમાં કહ્યું હતું કે સુરક્ષા દળોએ ભારત-મ્યાનમાર સરહદને અડીને આવેલા તેન્ગનૌપાલ જિલ્લાના યાન્ગોબન્ગ એરિયામાં એક મોર્ટાર અને બે ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લેઝિવ ડિવાઈસ (આઈઈડી) પકડ્યા હતા. બૉમ્બ નિષ્ક્રિય કરનારી ટીમે પકડેલા વિસ્ફોટકોનો નાશ કર્યો હતો. પોલીસે કહ્યું હતું કે પીઆરઈપીએકેના બે આતંકવાદીને ઈમ્ફાલ ઈસ્ટ અને વેસ્ટમાંથી પકડવામાં આવ્યા હતા.

એક આતંકવાદીને કાકચિંગ જિલ્લાના કાકચિંગ સમખાઈમાંથી પકડવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# એઆઇ સોફ્ટવેર ઇન્ડસ્ટ્રીને હંમેશાં માટે બદલી નાખશેઃ અશ્વિની વૈષ્ણવ

નવી દિલ્હીઃ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ(એઆઇ) સોફ્ટવેર ઉદ્યોગને હંમેશાં માટે બદલી નાખશે. કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ વાત ક્વાલકોમની હાઇ-ટેક ૨-નેનોમીટર ચીપની જાહેરાત પ્રસંગે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કરી હતી.

તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે એન્થ્રોપિક દ્વારા બિઝનેસ માટે બનાવવામાં આવેલા એઆઇ ઓટોમોશન પ્લેટફોર્મ ક્લાઉડ કોવર્કના લોન્ચ પછી ભારત અને અમેરિકામાં ટેક શેરોમાં ઘટાડો થયો છે.

એન્થ્રોપિકના નવા ઓટોમેશન પ્લગ-ઇન કંપનીઓને એઆઇ સિસ્ટમને ટાસ્ક અને વર્કફ્લો અસાઇન કરવાની સુવિધા આપે છે. એઆઇ એજન્ટ કોડિંગ, આઉટસોર્સિંગ અને એન્ટરપ્રાઇઝ ઓટોમેશન જેવી પરંપરાગત આઇટી સેવાઓની માગ ઘટાડી શકે છે એવી રોકાણકારોમાં ચિંતા પ્રવર્તી રહી છે.

આ કાર્યક્રમને સંબોધતા વૈષ્ણવે જણાવ્યું કે સોફ્ટવેર ઉદ્યોગ પરિવર્તન અને તકોના નવા યુગમાં પ્રવેશી રહ્યો છે. તેમણે કહ્યું કે એઆઇ એજન્ટ અને ઓટોમેશન ટૂલ્સથી સોફ્ટવેર ઉત્પાદનો અને સેવાઓના નિર્માણ અને ડિલીવર કરવાની રીતમાં પરિવર્તન આવશે. જે કંપનીઓ અગાઉ સોફ્ટવેર-આધારિત ઉકેલો પ્રદાન કરતી હતી તેઓએ હવે વૈશ્વિક ગ્રાહકો માટે એઆઇ-આધારિત સોલ્યુશન તરફ આગળ વધવું પડશે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા સાથેના દ્વિપક્ષી વ્યાપારમાં ભારતનો હિસ્સો કેટલો હશે?

**ભારત** અને અમેરિકા વચ્ચેના વચગાળાના ટ્રેડ ડીલ અંગે બંને દેશોએ સંયુક્ત નિવેદન બહાર પાડી દીધું પણ આ નિવેદનમાં ટ્રેડ ડીલ વિશે ઉપરછલ્લી વાતો જ છે. ડીલ વચગાળાનું છે અને હજુ ફાઈનલ ડીલ બાકી છે તેથી એવું કરાયું હશે પણ આ ઉપરછલ્લી વાતોના કારણે પણ આ ટ્રેડ ડીલ ખરેખર ભારતના ફાયદામાં હોવા વિશે શંકાઓ ઊભી થઈ જ ગઈ છે.

આપણા વ્યાપાર પ્રધાન પીયૂષ ગોયલે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર નિવેદન આપીને દાવો કર્યો છે કે, આ ડીલથી ભારતના નિકાસકારો અને ખાસ તો એમએસએમઈ, ખેડૂતો અને માછીમારો માટે ૩૦ ટ્રિલિયન ડૉલરનું અમેરિકન બજાર ખૂલી ગયું છે. જો કે ગોયલની વાતો અને સંયુક્ત નિવેદનને જોયા પછી લાગે કે, આ ડીલ ભારતના નહીં પણ અમેરિકાના ફાયદામાં છે.

ગોયલના કહેવા પ્રમાણે, ભારત અને અમેરિકા એક દાયકામાં દ્વિપક્ષી વ્યાપાર ૫૦૦ અબજ ડૉલર પર લઈ જવા માટે સંમત થયાં છે. સવાલ એ છે કે, આ ૫૦૦ અબજ ડૉલરના દ્વિપક્ષી વ્યાપારમાં ભારતનો હિસ્સો કેટલો હશે ? ગોયલે આ વાતનો ફોડ પાડ્યો નથી કેમ કે સરકાર પારદર્શક નથી. દ્વિપક્ષી વ્યાપાર છેતરામણો શબ્દ છે ને તેમાં આયાત-નિકાસ બંને આવી જાય.

ભારતને દ્વિપક્ષી વ્યાપારમાં નિકાસ વધે તો જ ફાયદો થાય પણ આ ડીલમાં એવી કોઈ જોગવાઈ નથી. અમેરિકા ભારતમાં વરસે ૪૦૦ અબજ ડૉલરનો માલ ખડકે ને ભારતનો ૧૦૦ અબજ ડૉલરનો માલ અમેરિકા જાય તો પણ દ્વિપક્ષી વ્યાપાર ૫૦૦ અબજ ડૉલર થઈ જાય પણ તેમાં ભારતે કમાવાનું કંઈ નથી.

ટૅરિફ લદાયા એ પહેલાં સુધી અમેરિકામાં ભારતની નિકાસ વધારે હતી ને આયાત ઓછી હતી તેથી ભારત ફાયદામાં હતું. ટ્રમ્પે ટૅરિફ લાદ્યા પછી નિકાસ ઘટી તેથી આપણે ટ્રેડ ડીલ કરવા પડ્યા એ સંજોગોમાં ભારત નિકાસ વધારે હોય ને આયાત ઓછી હોય એવી શરત ના મૂકી શકે પણ કમ સે કમ ફિફ્ટી-ફિફ્ટી શેર તો માગી જ શકે તેથી ભારતે સ્પષ્ટ શરત મૂકવી જોઈએ કે, દ્વિપક્ષી વ્યાપારમાં બંનેનો હિસ્સો ફિફ્ટી-ફિફ્ટી હશે. મતલબ કે, દર વરસે અમેરિકા ભારતને ૨૫૦ અબજ ડૉલરનો માલ આપે તો તેની સામે અમેરિકાએ પણ ભારતનો ૨૫૦ અબજ ડૉલરનો માલ લેવાની ખાતરી આપવી પડે.

આ કરારમાં અમેરિકા ભારત પાસેથી દર વરસે કેટલો માલ લેશે તેની કોઈ ખાતરી નથી, સામે ભારતે અમેરિકા પાસેથી પાંચ વર્ષમાં ૫૦૦ અબજ ડૉલરનો માલ લેવો પડશે એવી જોગવાઈ છે. મતલબ કે, અમેરિકા ભારતને વરસે ૧૦૦ અબજ ડૉલરનો માલ તો આપશે જ. આ એકપક્ષીય ને અમેરિકાને ફાયદો થાય એવી શરત છે તો પછી ડીલથી ભારતને કઈ રીતે ફાયદો થયો કહેવાય ?

પીયૂષ ગોયલ અને ભાજપના બીજા નેતા એક રેકર્ડ સતત વગાડ્યા કરે છે કે, ટ્રેડ ડીલ ખેડૂતોનાં હિતોને નુકસાન પહોંચાડતી નથી કેમ કે નિકાસની તકોનો વિસ્તાર કરીને ભારત સરકારે તેમનાં હિતોનું ધ્યાન રાખ્યું છે અને તેમની આજીવિકાનું રક્ષણ કર્યું છે. ગોયલના કહેવાનો અર્થ એ છે કે, ભારતનાં ઘણાં કૃષિ ઉત્પાદનોને અમેરિકામાં ડ્યૂટી ફ્રી અથવા ઓછા કર સાથે નિકાસની મંજૂરી મળી છે તેથી ભારતીય ખેડૂતો માટે પોતાનો માલ અમેરિકામાં નિકાસ કરવાની તક ઊભી થઈ છે તેથી ખેડૂતો માલામાલ થઈ જશે. વાત સાચી છે કે, કેટલાંક ભારતીય કૃષિ ઉત્પાદનોને ડ્યૂટી વિના અમેરિકાના નિકાસ કરવાની છૂટ મળી છે પણ સામે અમેરિકાનાં કૃષિ ઉત્પાદનોને પણ ભારતમાં કોઈ પણ ટેક્સ વિના માલ ઠાલવવાની છૂટ મળી જ છે. એ લોકો અહીં સસ્તા ભાવે માલ આપશે તો ભારતીય માલ કોણ લેશે ?

ગોયલે પોતે જ કહ્યું છે ને જોઈન્ટ સ્ટેટમેન્ટમાં ઉલ્લેખ છે કે, શાકભાજીના બી, અનાજ, જવ, બેકરી ઉત્પાદનો, કોકો ઉત્પાદનો, તલ, ખસખસ અને સાઇટ્રસ ફળોના રસને પારસ્પરિક ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવશે. મતલબ કે, ભારતીય ઉત્પાદનો અમેરિકન બજારમાં ડ્યૂટી-ફ્રી પ્રવેશ કરશે પણ સામે અમેરિકાનો માલ પણ ભારતમાં કોઈ પણ ડ્યૂટી વિના ઠલવાશે.

ભારતીય ખેડૂતોનો મોટો વર્ગ અનાજ અને શાકભાજી વાવીને ગુજરાન ચલાવે છે પણ અમેરિકાનાં અનાજ ને શાકભાજીનાં બિયારણ આવશે પછી ભારતીય ખેડૂતોની સીધી ટક્કર તેમની સાથે છે ને તેમાં ભારતીય ખેડૂતો ઝીંક નહીં ઝીલી શકે કેમ કે અમેરિકન કંપનીઓ ભારતીય બજાર પર કબજો કરવા શરૂઆતમાં ખોટ ખાઈને પણ માલ પધરાવશે. ગ્રાહક તો સસ્તો માલ જ ખરીદવાનો તેથી અમેરિકન કંપનીઓનો માલ જ ખપવાનો. બજાર પર કબજો થાય પછી કંપનીઓ ખેડૂતોને પોતાને સસ્તા ભાવે માલ આપવા ફરજ પાડશે તેથી ખેડૂતોની તબાહી નક્કી છે.

અમેરિકાનાં જે કૃષિ ઉત્પદનો પર ટૅરિફ નહીં લાગે કે સાવ ઘટાડી દેવામાં આવશે તેમાં ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેઇન્સ, પશુ આહાર માટેનો લાલ બાજરો. ટ્રી નટ્સ, પ્રોસેસ્ડ ફળ, સોયાબીન તેલ પણ છે. આ ચીજોમાં સૌથી મહત્વનાં ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેઇન્સ છે. મોટા ભાગના ભારતીયોને ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેઇન્સ શું છે એ ખબર નથી.

અમેરિકા અને યુરોપના દેશોમાં વાઈન, બિયર વગેરે બનાવતી ડિસ્ટિલરીઝમાં પ્રોસેસ પછી જે કૂચો રહે તેને ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેઇન્સ કહે છે. તેનો ઉપયોગ પશુ આહાર તરીકે કરાય છે. બિયર બનાવવામાં જવ મુખ્ય છે પણ એ સિવાય ઘઉં, મકાઈ, ચોખા અને બીજાં અનાજનો ઉપયોગ પણ ડિસ્ટિલરીઝમાં થાય છે.

અમેરિકામાં વરસે લાખો ટન ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેઇન્સ બને છે કે જેનું કોઈ લેવાલ નથી. આ કચરો અમેરિકા ભારતને પધરાવશે ને તેમાંથી અબજોની કમાણી કરશે. ભારતમાં અત્યારે પશુઓને લીલું ઘાસ સહિતનો ખોરાક વધારે અપાય છે પણ ભવિષ્યમાં સસ્તા ભાવે મળતાં ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેઇન્સ અપાશે તેના કારણે ખેડૂતોને નુકસાન જશે કે બીજા કોઈને ?

ભૂતકાળમાં ચીનનો સસ્તો માલ ભારતમાં ઠલવાતો તેના કારણે ભારતના નાના-કારીગરો તબાહ થઈ ગયા. હવે અત્યારે સ્વદેશીનાં નાટકો કરીને આપણા કારીગરોને ઉગારવાના તાયફા થાય છે. અમેરિકાનાં સસ્તાં કૃષિ ઉત્પાદનો ભારતમાં ખડકાશે એટલે એ જ હાલત ખેડૂતોની થશે ને પાંચ-દસ વર્ષ પછી ખેડૂતોને બચાવવાના નામે નાટકો થશે.

અમેરિકા ક્યા પ્રકારના ભારતીય માલ પર ટેક્સ નથી લેવાનું એ પણ સમજવા જેવું છે. ચા, મસાલા, નાળિયેર તેલ, વનસ્પતિ મીણ, સોપારી, બ્રાઝિલ બદામ, ચેસ્ટનટ અને કેટલાંક ફળો અને શાકભાજી પર ટેક્સ નહીં લાગે. હવે ભારતના કુલ કૃષિ ઉત્પાદનમાં આ બધી પ્રોડક્ટનો હિસ્સો માંડ બે ટકા છે. ભારતને અસલી ફાયદો તો કપાસ, શેરડી, કઠોળ વગેરેની ડ્યૂટી ફ્રી નિકાસની અમેરિકામાં મંજૂરી મળે તો થાય પણ એવું કશું કરારમાં છે નહીં.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, સોમવાર, તા. ૯-૨-૨૦૨૬, અષ્ટકા શ્રાદ્ધ, કાલાષ્ટમી

- ભારતીય દિનાંક ૨૦, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા
- ચંદ્ર તુલામાં મધ્યરાત્રે ક. ૨૫-૪૦ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭-૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૦ (તા. ૧૦)
- ઓટઃ સવારે ક. ૧૦-૪૨, રાત્રે ક. ૨૨-૪૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ-અષ્ટમી. અષ્ટમી વૃદ્ધિતિથિ છે. અષ્ટકા શ્રાદ્ધ, કાલાષ્ટમી, જાનકી જન્મ, વિંછુડો પ્રારંભ ક. ૨૫-૪૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા વિશેષરૂપે, ભૈરવદેવતાનું પૂજન, શ્રી સપ્તસતી પાઠ પૂજા, હવન, ઈન્દ્ર-અગ્નિ દેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચના નિત્ય થતાં કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃચંદ્ર-ગુરુ ત્રિકોણ પ્રમાણિક, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ વ્યવહારમાં મુશ્કેલી પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ભારત સામે નહીં ટકે ચીન, અમેરિકા સાથે કરાર પર આપણને થશે વધુ ફાયદોઃ પીયૂષ ગોયલ

નવી દિલ્હીઃ અમેરિકા અને ભારત વચ્ચેના તાજેતરના વચગાળાના વેપાર માળખાને પગલે ભારત ચીન કરતાં નોંધપાત્ર ફાયદો મેળવી રહ્યું હોય તેવું લાગે છે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે આ કરાર ભારતીય નિકાસકારો અને ઉત્પાદન ક્ષેત્ર માટે એક મોટી તક લઈને આવ્યો છે કારણ કે ભારતીય ઉત્પાદનો હવે અમેરિકન બજારમાં ચીની માલસામાન કરતાં વધુ સ્પર્ધાત્મક છે. આ કરાર એવા સમયે થયો છે જ્યારે મોટી વૈશ્વિક કંપનીઓ ચીન પરની તેમની નિર્ભરતા ઘટાડવા અને નવાં ઉત્પાદન કેન્દ્રો શોધવાની વ્યૂહરચના અપનાવી રહી છે. ભારત આ તકનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે અને સરકાર તેને વિકસિત ભારતના લક્ષ્ય સાથે જોડી રહી છે.

નોંધનીય છે કે અમેરિકાએ તાજેતરમાં જ ભારતીય માલસામાન પર સરેરાશ ૧૮ ટકા ટૅરિફ કર્યો છે જ્યારે ચીની વસ્તુઓ પર લગભગ ૩૫ ટકા ટૅરિફ લાગે છે. આનો અર્થ એ છે કે ભારતીય ઉત્પાદનો અમેરિકન બજારમાં ચીની ઉત્પાદનો કરતાં વધુ સસ્તાં છે. આનાથી કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, ઓટો પાર્ટ્સ, રત્નો અને ઘરેણાં અને ઇલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓને નોંધપાત્ર ફાયદો થઈ શકે છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે રવિવારે જણાવ્યું હતું કે પારસ્પરિક ટૅરિફમાં ૧૮ ટકાનો ઘટાડો થયા પછી ભારતીય માલસામાનને ચીન અને અન્ય હરીફ દેશોનાં ઉત્પાદનોની તુલનામાં અમેરિકન બજારોમાં સ્પર્ધાત્મક ફાયદો થશે. ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા માટે એક માળખું તૈયાર કર્યું છે, જેના પર માર્ચના મધ્ય સુધીમાં હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. ગોયલે જણાવ્યું હતું કે ભારત પર પારસ્પરિક ટૅરિફ હવે તેના સ્પર્ધક દેશોની તુલનામાં સૌથી નીચા છે. આ દેશોમાં ચીન (૩૫ ટકા), થાઇલેન્ડ (૧૯ ટકા), મ્યાનમાર (૪૦ ટકા), કંબોડિયા (૧૯ ટકા), બાંગ્લાદેશ (૨૦ ટકા), ઇન્ડોનેશિયા (૧૯ ટકા), બ્રાઝિલ (૫૦ ટકા) અને વિયેતનામ (૨૦ ટકા)નો સમાવેશ થાય છે.

ગોયલે કહ્યું હતું કે ઓછા ટૅરિફ સાથે ભારતનાં શ્રમ-પ્રધાન ક્ષેત્રો જેમ કે કાપડ, ચામડું અને ફૂટવેર, હસ્તકલા, રસાયણો અને રત્નો અને ઝવેરાત આ દેશોની તુલનામાં અમેરિકાના બજારમાં વધુ સ્પર્ધાત્મક કિંમતમાં ઉપલબ્ધ થશે. તેથી આપણે અન્ય દેશો કરતાં આપણને વધુ ફાયદો થશે. આપણા સમકક્ષ દેશો, ઊભરતા બજાર અર્થતંત્રો અને વિકાસશીલ દેશોમાં ભારત પર ઓછો ટૅરિફ છે. તેમણે ઉમેર્યું કે તુલનાત્મક ફાયદો હંમેશાં દેશને વૈશ્વિક બજારોમાં ફાયદો આપે છે.

ગોયલે એવી ટીકાને પણ ફગાવી દીધી હતી કે ભારત સરકારે અમેરિકન માલસામાન પર ડ્યૂટીમાં વધુ છૂટછાટો આપી છે.

# ભારત ફળો, શાકભાજી, ફૂલોની આયાત બંધ કરશે

બેંગલૂરુઃ ભારત ફળો, શાકભાજી અને ફૂલોના ઉત્પાદનમાં સ્વાવલંબી બન્યુ હોવાથી આ ક્ષેત્રોમાં હવે આયાતની જરૂર નહીં રહે, એમ કેન્દ્રના પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે રવિવારે કહ્યું હતું

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (આઈસીએઆર)-ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ હોર્ટિકલ્ચર રિસર્ચ (આઈઆઈએચઆર)ના અધિકારીઓ સાથેની બેઠકને સંબોધતાં ચૌહાણે કહ્યું હતું કે સરકારનું ધ્યાન ઊંચી માગવાળા પાકને શોધવાનું અને તેમનું ઘરેલુ ઉત્પાદન ખેડૂતો માટે નફાકારક રહે એની તકેદારી લેવા પર હતું. તેમણે સરકારી અભિગમની રૂપરેખા આપતાં કહ્યું હતું કે અમારા લક્ષ્યો બે-ત્રણ છે. અમે ફળ, ફૂલ અને શાકભાજીની આયાત નહીં કરીએ. અમે આમાં આત્મનિર્ભર બનાવવા માગીએ છીએ. ચૌહાણે કહ્યું હતું કે ભારતે આમાં ઉલ્લેખનીય સફળતા મેળવી છે. આ વસ્તુઓનું ઉત્પાદન ઐતિહાસિક છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### સૂરજકુંડ મેળામાં

રહેવાસી સુમિત મલ્હોત્રા નામના મુલાકાતીને સારવાર માટે બી કે હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો.

ત્યારબાદ સાંજે ૬-૧૫ વાગ્યાની આસપાસ સુનામી સ્વિંગ નામની રાઇડ તૂટી પડતા તેમાં સવાર લોકોને ઇજા પહોંચી હતી. આ રાઇડમાં લગભગ ૧૯ લોકો સવાર હતા. મેળામાં પોલીસ તહેનાતનો ભાગ રહેલા ઇન્સ્પેક્ટર જગદીશ પ્રસાદ(૫૯)નું રાઇડમાં ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરતી વેળા આ દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું.

સૂરજકુંડ મેળામાં સુનામી સ્વિંગ નામની હાઇ સ્પીડ રાઇડ તૂટી પડ્યાના એક દિવસ પછી પોલીસે રવિવારે રાઇડ ઓપરેટર અને તેના એક સ્ટાફ સભ્યની ધરપકડ કરી હતી. આ દુર્ઘટનામાં ફરજ પર તહેનાત એક ઇન્સ્પેક્ટરનું મૃત્યુ થયું હતું. જ્યારે ૧૨ લોકો ઘાયલ થયા હતા.

ફરીદાબાદ પોલીસના પ્રવક્તા યશપાલના જણાવ્યા અનુસાર આ ઘટનાની તપાસ માટે રચાયેલી એક વિશેષ તપાસ ટીમે બે આરોપીઓની ધરપકડ કરી છે.

જેમાં હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લાના રહેવાસી મોહમ્મદ શાકિર અને ઉત્તર પ્રદેશના મેરઠના રહેવાસી નિતેશના નામનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય લોકોની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે.

આ દરમિયાન હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ સંબંધિત અધિકારીઓને મેળાઓ અને અન્ય જાહેર કાર્યક્રમોમાં સલામતીના ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

સૈનીએ કહ્યું કે સરકાર આ કઠિન સમયમાં ઇન્સ્પેક્ટર જગદીશ પ્રસાદના પરિવાર સાથે અડીખમ ઉભી છે.

દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને રાજ્ય સરકાર તરફથી એક લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.

હરિયાણાના પોલીસ મહાનિર્દેશક અજય સિંઘલે ઇન્સ્પેક્ટર જગદીશ પ્રસાદના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો. તેઓ શનિવારે સૂરજકુંડ મેળા દુર્ઘટનામાં લોકોને બચાવવાનો પ્રયાસ કરતી વખતે મોતને ભેટ્યા હતા. મેળામાં એક વિશાળ રાઇડ હવામાં તૂટીને નીચે પટકાઇ હતી. જેમાં ૧૯ લોકો ઘાયલ થયા હતા.

સિંઘલે મૂળ ઉત્તર પ્રદેશના મથુરાના રહેવાસી અને મેળામાં ફરજ પર રહેલા ઇન્સ્પેક્ટર પ્રસાદની અસાધારણ હિંમત, સમર્પણ અને માનવતાની પ્રશંસા કરી હતી.

તેમણે જણાવ્યું કે અત્યંત મુશ્કેલ અને ખતરનાક પરિસ્થિતિઓનો સામનો કરવા છતાં ઇન્સ્પેક્ટર પ્રસાદે તેમના જીવ કરતાં વધુ લોકોની સલામતીને પ્રાથમિકતા આપી હતી.

સિંઘલે જણાવ્યું કે અધિકારીની તત્પરતા અને બહાદુરીને કારણે ઘણા લોકોના જીવ બચ્યા હતા. જે પોલીસ સેવાની સર્વોચ્ચ પરંપરાઓને પ્રતિબિંબિત કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે સાંજે લગભગ ૬ વાગ્યાની આસપાસ ફરીદાબાદના સૂરજકુંડ મેળામાં એક રાઇડ તૂટી પડી હતી. તે સમયે ફરજ પર રહેલા ઇન્સ્પેક્ટર પ્રસાદે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. બીજાની મદદ કરવાનો પ્રયાસ કરતી વખતે તેમને ગંભીર ઇજાઓ પહોંચી હતી. બાદમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

ડીજીપી સિંઘલે ઇન્સ્પેક્ટર પ્રસાદના પરિવારને એક કરોડ રૂપિયાની પોલિસી રકમ સાથે-સાથે અન્ય વિભાગીય લાભો પણ મળવાની જાહેરાત કરી હતી.

તેમણે શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ ખાતરી આપી હતી કે આ મુશ્કેલ સમયમાં વિભાગ તેમની સાથે અડીખમ ઉભો છે અને શક્ય તમામ મદદ કરશે.

### કૉંગ્રેસના

રાખતો હતો. તેમની પુત્રી બ્રિટિશ પાસપોર્ટમાં ધર્મની કોલમમાં ખ્રિસ્તી લખે છે. પાસપોર્ટ મુજબ ગોગોઈનો ધર્મ હિન્દુ છે. એ કારણે ઘરમાં તે કાયમ લઘુમતી રહેશે.

વર્તમાન સાંસદ હોવાને કારણે તપાસ દરમિયાન આસામ પોલીસની સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ)એ ગોગોઈને સવાલ કેમ ન કર્યા એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપતા સર્માએ કહ્યું હતું કે તેમના હોદ્દાનું માન જાળવીને આ બાબત અમે કેન્દ્ર સરકાર પર છોડી દીધી છે.

જો અત્યારે હું ગોગોઈની ધરપકડ કરીશ તો ચૂંટણી અગાઉ રાજકારણ કરવાનો મારા પર આક્ષેપ થશે.

સર્માએ દાવો કર્યો હતો કે એફસીઆરએના નિયમોનો ભંગ કરી પાકિસ્તાની ભંડોળ મેળવવું સહેલું નથી. તેમણે કહ્યું હતું કે આ કામ માટે યુપીએની ખૂબ જ નિકટ હોય તેવો વધુ એક હેન્ડલર પણ હોવાની શક્યતા છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે પગાર મેળવવા કૉલબર્ન પાકિસ્તાનની બૅન્કમાં પણ ખાતું ધરાવતી હતી. જોકે પ્રશ્નોત્તરી દરમિયાન તેણે આ ખાતું હજુ સક્રિય છે કે બંધ થઈ ગયું છે એ અંગે કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું.

ગોગોઈએ ચૂંટણીનાં સોગંદનામામાં આ પાકિસ્તાની ખાતાનો ઉલ્લેખ નહોતો કર્યો.

હવે મને એવું લાગે છે કે ગોગોઈના પ્રતિસ્પર્ધીએ સોગંદનામામાં ખોટી વિગતો આપવા બદલ ચૂંટણી પંચમાં ફરીયાદ કરવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

ભારત માટે તેની હાજરી જોખમી હોવાને કારણે આસામ સરકાર કૉલબર્નની ઑવરસિસ સિટિઝનશિપ ઑફ ઈન્ડિયા (ઓસીઆઈ) રદ કરવાની માગણી કરશે.

આ પત્રકાર પરિષદ ચાલી રહી હતી ત્યારે ગોગોઈએ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં સર્માના આ આક્ષેપોને સી-ગ્રેડના સિનેમા કરતાં પણ ખરાબ અને ફ્લોપ લેખાવ્યા હતા. (એજન્સી)

### ₹ ૧,૨૦૦ કરોડનું

સહિતના આરોપોને મામલે વર્ષ ૨૦૨૦માં સીબીઆઈ દ્વારા એપીએફપીએલ, ચનાના, દાઈન્ગ અને અન્યો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો હતો. ઈડીના જણાવ્યા અનુસાર ચનાના ગ્લોબલ રાઈસ બ્રાન્ડ અમિરાના વડા છે અને અમેરિકા, યુકે, યુએઈ, જર્મની મૉરેશિયસ સહિતના વિશ્વના જુદા જુદા દેશોમાં બિઝનેસ ધરાવે છે. બંને પ્રતિવાદીઓ વિદેશમાં છે અને ફોજદારી કેસનો સામનો કરવા તેમણે ભારત આવવાનું નકારી કાઢ્યું છે. ફોજદારી કાર્યવાહીને ટાળવા જ બંને ભારત છોડી ગયા હતા. (એજન્સી)■

### ભારતના હુમલાથી

પરના હેંગરનું સમારકામ થઈ રહ્યું છે. સેટેલાઈટ તસવીરોમાં આ વાતનો ખુલાસો થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૮ જાન્યુઆરીના રોજ કોમર્શિયલ સેટેલાઇટ કંપની વેન્ટોર તરફથી લેવામાં આવેલી નવી સેટેલાઇટ તસવીરોમાં જોઈ શકાય છે કે હેંગરની છતનો એક ભાગ હટાવવામાં આવ્યો છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે હજુ જગ્યાને એમ જ છોડવામાં આવી નથી. પરંતુ સમારકામ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જોકે હેંગર હજુ પણ નોંધપાત્ર રીતે ક્ષતિગ્રસ્ત દેખાય છે, છતને હટાવવી પ્રથમ પગલું માનવામાં આવે છે. ભારતીય વાયુસેનાનું માનવું છે કે આ હેંગરમાં પાકિસ્તાનનું મુખ્ય એરબોર્ન અર્લી વોર્નિંગ એરક્રાફ્ટ સિસ્ટમ હાજર હતી. સંભવતઃ 'એરીઆઈ' સિસ્ટમથી સજ્જ એસએએબી ૨૦૦૦ વિમાન હતું. તાજેતરની તસવીરોમાં જોઈ શકાય છે કે હેંગરની લીલી છતનો મોટો ભાગ હટાવવામાં આવ્યો છે.

આ પ્રારંભિક સમારકામ સૂચવે છે અને ભારતીય વાયુસેના દ્વારા હુમલો કરાયેલા અન્ય બેઝ પર પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા સમારકામ જેવી છે. ૧૦ મે, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યાની વચ્ચે ભોલારી હેંગર પર હુમલો કરવામાં આવ્યો હતો. વાયુસેનાએ ભોલારી પરના હુમલામાં વપરાયેલા હથિયારનું નામ આપ્યું નથી. એવું માનવામાં આવે છે કે આઈએએફએ ઓપરેશન સિંદૂર દરમિયાન એર-ટૂ-સરફેસ હથિયારોનો ઉપયોગ કર્યો હતો. અગાઉ અન્ય પાકિસ્તાની લશ્કરી ઠેકાણાઓ પર પણ આવું જ સમારકામ કરવામાં આવ્યું હતું.

### કર્ણાટકમાં

શંકર તરીકે ઓળખવામાં આવ્યા હતા. તાલીમ વિમાન બેલાગવીથી કાલબુર્ગી જઈ રહ્યું હતું. નાગરિક ઉડ્ડયન ખાતાના પ્રવકતાએ કહ્યું હતું કે બેલાગવી હવાઈમથકથી ૧૦૦ કિલોમીટર પૂર્વ આવેલા બાગલકોટના ખુલ્લા મેદાનમાં નાના ખાનગી વિમાનમાં ઉતરાણ કર્યું હતું. (એજન્સી)

### ભારત-મલયેશિયા

આગળ વધી શકે છે.ભારત અને મલયેશિયા વચ્ચે છ મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કુઆલાલંપુરમાં યોજાયેલી આ દ્વિપક્ષીય મંત્રણા દરમિયાન બંને દેશોએ સાંસ્કૃતિક, આર્થિક અને વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવા સંમતિ દર્શાવી હતી. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મુલાકાત ભારત-મલયેશિયાની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવાની દિશામાં એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થશે. વાતચીતમાં વેપાર, રોકાણ, સૅમિકન્ડક્ટર, સંરક્ષણ, સુરક્ષા, દરિયાઈ સહયોગ, ઊર્જા, નવીનીકરણીય સંસાધનો, પ્રવાસન, સાંસ્કૃતિક આદાન-પ્રદાન, ડિજિટલ અને નવી ટેકનોલોજી જેવા અનેક ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓએ પરંપરાગત અને ઉભરતા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. વડા પ્રધાન મોદીએ મલયેશિયા યુનિવર્સિટી ખાતે વિશેષ 'થિરુવલ્લુવર કેન્દ્ર' સ્થાપવા અને થિરુવલ્લુવર સ્કોલરશિપ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ પહેલનો હેતુ પ્રાચીન તમિલ કવિ અને દાર્શનિક થિરુવલ્લુવરના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો અને સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવાનો છે. મલયેશિયાના વડા પ્રધાને કહ્યું કે દેશોએ એમઓયુ સહિત ૧૧ દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા. વડા પ્રધાન ઇબ્રાહીમે ભારત સાથે વેપાર સહયોગમાં વધારો થવાની આશા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તે ૮.૫૯ અબજ ડૉલરથી વધુ વધી શકે છે. તેમણે પર્યટન અને કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે ભારતીય કોન્સ્યુલેટ ખોલવાના ભારત સરકારના નિર્ણયને તાત્કાલિક મંજૂરી આપી હતી.

### રશિયાનો

''શિયાળાને શસ્ત્ર બનાવવા'' તરીકે ઓળખે છે.

ઝેલેન્સકીએ શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકાએ યુક્રેન અને રશિયાને યુદ્ધનો અંત લાવવા માટે જૂન મહિનાની સમયમર્યાદા આપી છે. જો જૂનની સમયમર્યાદા પૂરી નહીં થાય તો ટ્રમ્પ વહીવટીતંત્ર બંને પક્ષો પર દબાણ લાવશે. અમેરિકાની સરકાર એક પ્રસ્તાવ રજૂ કરી રહી છે કે બન્ને પક્ષો આ ઉનાળાની શરૂઆત સુધીમાં યુદ્ધ સમાપ્ત કરવાનો પ્રસ્તાવ મૂકી રહ્યા છે અને કદાચ આ સમયપત્રક અનુસાર પક્ષો પર ચોક્કસ દબાણ લાવશે. તેઓ જૂન સુધીમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે બધું જ કરશે.તેમણે કહ્યું કે અમેરિકાએ આવતા અઠવાડિયે તેમના દેશમાં પ્રથમ વખત ત્રિપક્ષીય વાટાઘાટોનો આગામી તબક્કો યોજવાનો પ્રસ્તાવ મૂક્યો હતો જે કદાચ મિયામીમાં યોજાઈ શકે છે. અમે અમારી ભાગીદારીની પુષ્ટી કરી છે. તાજેતરમાં જ અબુ ધાબીમાં અમેરિકાની મધ્યસ્થતામાં ત્રિપક્ષીય વાટાઘાટો યોજાઈ હતી જેમાં કોઈ સફળતા મળી નથી કારણ કે પક્ષો પરસ્પર વિશિષ્ટ માગણીઓને લઈને અડગ રહ્યા છે. રશિયા યુક્રેન પર ડોનબાસમાંથી ખસી જવા માટે દબાણ કરી રહ્યું છે. જોકે યુક્રેન આ શરત સ્વીકારવા તૈયાર નથી.

### રશિયામાં ચાર

અધિકારીઓ પર ચાકુ વડે હુમલો કર્યો હતો. ઉપરાંત શંકાસ્પદે પોતાને પણ શારીરિક નુકસાન પહોંચાડ્યું હતું.

આ કૃત્યને 'દુર્ભાગ્યપૂર્ણ ઘટના' ગણાવતા ભારતીય દૂતાવાસે કહ્યું કે ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત ઘણા લોકો ઘાયલ થયા છે. દૂતાવાસે કહ્યું કે તે અધિકારીઓના સંપર્કમાં છે. તેમજ કઝાનસ્થિત કોન્સ્યુલેટના અધિકારીઓ ઘાયલ વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવા માટે ઉફા જઇ રહ્યા છે.

રશિયન સંઘીય આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે હુમલામાં ઘાયલ ચાર લોકોની સારવાર ચાલી રહી છે. એકની હાલત ગંભીર છે. જ્યારે અન્ય ત્રણની હાલત સામાન્ય હોવાનું તેમાં જણાવાયું છે. એક ચેનલના અહેવાલ મુજબ હુમલાખોરની ઓળખ ૧૫ વર્ષીય યુવક તરીકે થઇ છે. તેને પણ ગંભીર હાલતમાં સ્થાનિક બાળકોની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

મોસ્કોથી લગભગ ૧૨૦૦ કિમી. પૂર્વમાં બશ્કોર્તોસ્તાન રિપબ્લિકની રાજધાની ઉફામાં અધિકારીઓએ આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે.

હુમલાખોર પ્રતિબંધિત નિયો-નાઝી સંગઠન સાથે સંકળાયેલો હોવાનો ચેનલે દાવો કર્યો છે. હુમલા દરમિયાન તે હોલોકોસ્ટ વિશે રાષ્ટ્રવાદી સૂત્રો પોકારી રહ્યો હતો અને પીડિતોના લોહીથી દીવાલ પર સ્વસ્તિક બનાવ્યું હતું.

### વૉટ્સએપ ગ્રૂપ

ઓછામાં ઓછા ૫૦૦ કરોડ રૂપિયા ફસાતા અટક્યા હતા. નેશનલ બૅન્કના નિવૃત્ત થયેલા ડેપ્યુટી જનરલ મેનેજરે ૩૧ જાન્યુઆરીએ સાયબર સેલને ફરિયાદ કરી હતી. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે વોટ્સએપ આધારિત રોકાણ યોજના દ્વારા મારી સાથે ૧૧ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે. શર્માને અઠવાડિયાના ૪૦ ટકા રિટર્નની લાલચ આપીને ફસાવવામાં આવ્યા હતા. તેમણે શરૂઆતમાં પાંચ હજાર રૂપિયા રોક્યા હતા અને તેમને રિટર્ન મળતા તેમનો વિશ્વાસ વધ્યો હતો. તેમને ત્યારબાદ એક કરોડ રૂપિયા રોકવાની તક અપાઈ હતી જોકે તેમણે ફક્ત ૧૧ લાખ રૂપિયા રોક્યા હતા. સાયબર સેલે તેમના ૫.૬૪ લાખ રૂપિયા પાછા મેળવી આપ્યા હતા. (એજન્સી)

# રાજકારણમાં મોટા ફેરફારો થવાની શક્યતાઃ ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદમાં પાછા ફરશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના નેતા ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેનો વિધાન પરિષદના સભ્ય તરીકેનો કાર્યકાળ ૧૩ મે, ૨૦૨૬ ના રોજ સમાપ્ત થશે. તેથી, શું ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદમાં પાછા ફરશે? આ અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. રસપ્રદ વાત એ છે કે, પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી છે. વિધાન પરિષદમાં ઉદ્ધવ ઠાકરે સહિત ૯ ધારાસભ્યોનો કાર્યકાળ ટૂંક સમયમાં સમાપ્ત થશે. તેથી, વિધાન પરિષદમાં ૯ બેઠકો માટે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી પાસે પૂરતું સંખ્યાબળ ન હોવાને કારણે તેમની મુશ્કેલીઓ વધશે તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે. સંખ્યાબળની અછતને કારણે ઉદ્ધવ ઠાકરે માટે વિધાન પરિષદની ચૂંટણી જીતવી એ એક મોટો પડકાર બની રહેશે. ખાસ કરીને સંખ્યાબળ જોતા વિધાન પરિષદની ૯ બેઠકોમાંથી મહાવિકાસ આઘાડીને માત્ર એક જ બેઠક પર સફળતા મળી શકે તેમ છે. શું તે એક વ્યક્તિ ઉદ્ધવ ઠાકરે હશે? તે જોવું હવે મહત્વનું છે. ઉદ્ધવ ઠાકરે પોતે વિધાન પરિષદમાં જશે કે અન્ય કોઈને તક આપશે? તે જોવું પણ એટલું જ મહત્ત્વનું છે.

શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પાર્ટીના સાંસદ સંજય રાઉતે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, અમે ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદમાં જવા માટે વિનંતી કરી છે. ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદમાં જાય એવી અમારી સૌની ઈચ્છા છે. આ સાથે જ વિધાન પરિષદ અને રાજ્યસભાની ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી એકબીજાને મદદ કરવી પડશે, તેવી ભૂમિકા પણ સંજય રાઉતે રજૂ કરી હતી.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પ્રધાન સંજય શિરસાટે પણ આ સંદર્ભમાં ચાલી રહેલી ચર્ચાઓ પર પ્રતિક્રિયા આપી હતી. ઉદ્ધવ ઠાકરે માટે વિધાનમંડળમાં જવા માટે અત્યારે વચ્ચે કોઈ અન્ય ચૂંટણી નથી. જો તેમણે વિધાનમંડળમાં જવું જ હોય, તો તેમની પાસે વિધાન પરિષદની ચૂંટણીનો વિકલ્પ છે, જેને વિધાનસભાનું પાછલું બારણું' કહેવામાં આવે છે. મને લાગે છે કે તેઓ એ જ માર્ગે ફરીથી વિધાન પરિષદમાં જશે.

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં મેયર ભાજપનો, પણ મહાપાલિકાની તિજોરીની ચાવી કોની પાસે?: રમત હજુ બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાપાલિકામાં મેયરની ચૂંટણી માટે શનિવારે મહાયુતી દ્વારા ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા પછી આ ચૂંટણી બિનહરીફ હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. હવે મહાપાલિકામાં સ્થાયી, શિક્ષણ અને સુધાર સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી થવાની છે. મહાયુતી સહિત મિત્રપક્ષોના મળીને નગરસેવકોની સંખ્યા વધુ હોવાથી તેમનો જ અધ્યક્ષ આ સમિતિ પર હશે, એ સ્પષ્ટ છે, પણ આ સમિતિઓની ચાવી કોની પાસે જશે, એના પર બધાનું ધ્યાન કેન્દ્રિત થયું છે. વળી, યુબીટી, કોંગ્રેસ, મનસે અને એમઆઈએમના ભાગે પણ સ્ટેન્ડિંગ કમિટીમાં સભ્યપદ હોવાથી ભારે રસાકસી જોવા મળશે.

મુંબઈ મહાપાલિકાની મહત્ત્વની કમિટીઓનું અધ્યક્ષપદ ભાજપ, શિંદેસેના કે એનસીપી પાસે જાય છે તે તરફ બધાની નજર છે. સ્થાયી અને શિક્ષણ સમિતિના

(જુઓ પાનું ૪) ▸▸

# ભિવંડીમાં ગોદામમાં આગ

થાણેઃ ભિવંડી તાલુકાના માનકોલી ખાતેના હરિહર કંપાઉન્ડ પરિસરમાં ગોદામમાં ભીષણ આગ લાગી હતી, જેમાં બીજા ૧૦થી ૧૨ ગોદામ પણ આગની ચપેટમાં આવતાં સળગી ગયા હતા. આગ શોર્ટસર્કિટને કારણે લાગી હોવાનું કહેવાય છે.

માનકોલીના હરિહર કંપાઉન્ડ પરિસરમાં રવિવારે બપોરના ૩.૩૦ વાગ્યાની આસપાસ ગાદલાં અને પેપર રોલના ગોદામમાં આગ લાગી હતી. ■

# એઆઈએમઆઈએમે ભાજપને ટેકો આપવા બદલ કોર્પોરેટરને હાંકી કાઢ્યા

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રમાં અમરાવતી મહાનગરપાલિકામાં મેયર પદની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને ટેકો આપવા બદલ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) એ કોર્પોરેટર મીરા કાંબલેને પક્ષમાંથી હાંકી કાઢ્યાં હતાં.

એઆઈએમઆઈએમ નેતા ઈમ્તિયાઝ જલીલે જણાવ્યું હતું કે અમરાવતી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૧૨ બેઠકો જીતનાર પાર્ટીએ શુક્રવારે યોજાયેલી મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી દરમિયાન તટસ્થ રહેવાનો નિર્ણય લીધો હતો. જોકે, કાંબલેએ

(જુઓ પાનું ૪) ▸▸

# શિવસેના (યુબીટી)ના એમએલસીએ અટલ સેતુ પર હેલિપેડની માગ કરી

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર તાજેતરના ૩૩ કલાકના ટ્રાફિક જામને ટાંકીને શિવસેના (યુબીટી)ના વિધાન પરિષદના સભ્ય મિલિંદ નાર્વેકરે મુંબઈ અને રાયગઢ જિલ્લાને જોડતા અટલ સેતુ પર હેલિપેડ અને ઇમરજન્સી સુવિધાઓ પૂરી પાડવાની માગ કરી હતી.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને લખેલા પત્રમાં, નાર્વેકરે જણાવ્યું હતું કે તેઓ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પરિવારના સભ્યોને મળવા માટે પુણે ગયા ત્યારે તેઓ પણ એક્સપ્રેસવે પર અટવાઈ ગયા હતા. આથી તેમણે જણાવ્યું હતું કે, અટલ સેતુ પર કટોકટી વ્યવસ્થાઓની સમીક્ષા કરવી જરૂરી છે. નાર્વેકરે એક્સપ્રેસ-વે પર થતા અકસ્માતો અથવા કુદરતી આફતો જેવી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે તાત્કાલિક કટોકટી યોજના બનાવવાની હાકલ કરી હતી. ■

# મરાઠીઓએ શિવસેના (યુબીટી) અને એમએનએસને સમર્થન આપ્યું હોવાથી ભાજપે મુંબઈના મેયર તરીકે રિતુ તાવડેને પસંદ કર્યાઃ રાઉત

મુંબઈ : શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે રવિવારે દાવો કર્યો હતો કે બીએમસી ચૂંટણીમાં મરાઠી લોકોનો તેમના પક્ષ અને એમએનએસને ભારે ટેકો હોવાથી ભાજપને મુંબઈ માટે મરાઠી મેયર પસંદ કરવાની ફરજ પડી હતી.

આરએસએસના શતાબ્દી સમારોહમાં અભિનેતા સલમાન ખાન મોહન ભાગવત સાથે વાતચીત કરતા જોવા મળ્યા બાદ, પત્રકારો સાથે વાર કરતા રાઉતે શનિવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પણ કટાક્ષ કર્યો. તેમણે પૂછ્યું કે, 'શું આ બોલિવૂડ સ્ટાર સલમાન ખાનનું સ્વાગત હતું કે (એક સંદેશ હતો કે) મુસ્લિમોનું પણ સંઘ અને તેની શાખાઓમાં સ્વાગત છે?' ભાગવતે આ વિશે સ્પષ્ટતા કરવી જોઈતી હતી કારણ કે હિન્દુ-મુસ્લિમ દ્વેષ અને બદલો લેવાનો પ્રચાર ફેલાવવામાં આવી રહ્યો છે અને સંઘ પણ તેનો ભાગ છે, તેમણે આરોપ લગાવ્યો.

મુંબઈના મેયર પદ માટે ભાજપ દ્વારા રિતુ તાવડે (૫૩) ને મેદાનમાં ઉતારવા અંગે રાઉતે કહ્યું કે તેમના મૂળ કોંગ્રેસમાંથી છે. ભાજપ પાસે પોતાનું કંઈ મૌલિક નથી. ચૂંટણીમાં મરાઠી લોકોએ ઉદ્ધવ જૂથ અને મનસેને ટેકો આપ્યો, તેથી ભાજપને મુંબઈમાં મરાઠી મેયર બનાવવો પડ્યો, એમ તેમણે કહ્યું.

ચાર દાયકા બાદ વિપક્ષો દ્વારા કોઈપણ ઉમેદવાર મેદાનમાં ઉતારવામાં આવ્યો ન હોવાથી તાવડેની બિનહરીફ વરણી થવી નિશ્ચિત થઇ છે. આ સાથે તેઓ શહેરમાં ભાજપના પ્રથમ મેયર બનશે. દેશની સૌથી ધનિક નાગરિક સંસ્થા પર ઠાકરે પરિવારના ૨૫ વર્ષના વર્ચસ્વનો પણ આ સાથે અંત

(જુઓ પાનું ૪) ▸▸

# શરદ પવાર એનસીપીના વિલીનીકરણ અંગે નિર્ણય લેવા સક્ષમ છેઃ સામંત

અહિલ્યાનગરઃ શરદ પવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અંગે નિર્ણય લેવા સક્ષમ છે, એમ ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વિલીનીકરણની ચર્ચા અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું. રાજ્યમાં બંને રાષ્ટ્રવાદી કોંગ્રેસના સંભવિત વિલીનીકરણ અંગે ચાલી રહેલી ચર્ચાઓએ હવે નવો વળાંક લીધો છે.

આ તમામ ગતિવિધિઓ પર ઉદ્યોગ પ્રધાન અને શિવસેના નેતા ઉદય સામંતે સ્પષ્ટ અને મક્કમ વલણ વ્યક્ત કરતાં કહ્યું કે,

બંને રાષ્ટ્રવાદી પક્ષો એક થશે કે નહીં, તે સંપૂર્ણપણે તેમના પક્ષનો આંતરિક વિષય છે, પરંતુ આ નિર્ણય લેવા માટે શરદ પવાર સાહેબ સંપૂર્ણપણે સક્ષમ છે.

સામંતે વધુમાં કહ્યું કે જયંત પાટીલે જે પણ નિવેદન આપ્યું છે તે તેમનો વ્યક્તિગત અભિપ્રાય હતો. જોકે, અંતિમ નિર્ણય લેવાની શક્તિ, અનુભવ અને અધિકાર શરદ પવાર સાહેબ પાસે છે. તેથી, એનસીપી અંગેનો નિર્ણય તેમના નેતૃત્વમાં લેવામાં આવશે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે આ નિવેદન એનસીપીના ભવિષ્ય અંગે ચાલી રહેલા દાવાઓ અને પ્રતિ-દાવાઓનો અંત લાવશે. ■

# સમાન નાગરિક સંહિતા સર્વસંમતિથી ઘડવી જોઈએઃ ભાગવત

મુંબઈઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની શતાબ્દીની ઉજવણી નિમિત્તે મુંબઈમાં આયોજિત બે દિવસીય કાર્યક્રમમાં સંઘના વડા મોહન ભાગવતે દેશમાં પ્રવર્તમાન વિવિધ મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. રવિવારે તેમણે કહ્યું કે સમાન નાગરિક સંહિતા (યુસીસી) બધાને વિશ્વાસમાં લઈને ઘડવી જોઈએ અને વિભાજન તરફ દોરી ન જવી જોઈએ.

ભાજપ સત્તામાં આવ્યા પછી આરએસએસ માટે ''અચ્છે દિન'' આવ્યા કે કેમ તે પૂછવામાં આવતા, ભાગવતે કહ્યું કે સંઘ અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે પ્રતિબદ્ધ રહ્યો છે અને ઉલટું જે લોકોએ તેને ટેકો આપ્યો તેમને ફાયદો થયો. આરએસએસ માટે અચ્છે દિન સ્વયંસેવકોની મહેનત અને વૈચારિક નીતિઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે આવ્યા, એમ તેમણે ઉમેર્યું હતું.

હિન્દુત્વ વિચારક વી. ડી. સાવરકર માટે ભારત રત્ન માટેની લાંબા સમયથી ચાલી રહેલી માગ પર, ભાગવતે કહ્યું કે જો તેમને આપવામાં આવે તો એવોર્ડની પ્રતિષ્ઠા વધશે.

આ કાર્યક્રમમાં અભિનેત્રી રવિના ટંડન, વિકી કૌશલ, અનન્યા પાંડે, ફિલ્મ નિર્માતા કરણ જોહર, મધુર ભંડારકર, રમેશ તૌરાની અને સંગીતકાર પંડિત હૃદયનાથ મંગેશકર સહિત અનેક અગ્રણી હસ્તીઓ હાજર રહી હતી.

યુસીસી કાયદો ઘડવામાં વિભાજન ન થવું જોઈએ એમ જણાવતા તેમણે ઉત્તરાખંડનું ઉદાહરણ આપ્યું હતું, જ્યાં ત્રણ લાખ સૂચનો કરવામાં આવ્યાં હતાં અને તમામ હિસ્સેદારો સાથે વાત કર્યા પછી, કાયદો પસાર કરવામાં આવ્યો હતો. બીજા પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું કે બહુમતી કે લઘુમતી નથી, ''આપણે બધા એક સમાજ છીએ''. તેમણે મુસ્લિમ અને ખ્રિસ્તી સમુદાયો સાથે વિશ્વાસ, મિત્રતા અને સંવાદની જરૂરિયાત પર ભાર મૂક્યો.

ઇસ્લામને શાંતિનો ધર્મ કહેવામાં આવે

(જુઓ પાનું ૪) ▸▸

# બાઇકચોરીના કેસમાં સિરિયલના કલાકારની ધરપકડ

મુંબઈઃ ચેમ્બુરની તિલકનગર પોલીસે બાઇકચોરીના કેસમાં મરાઠી ટીવી સિરિયલના કલાકાર અને સોશિયલ મીડિયા પરના રિલ્સસ્ટારની ધરપકડ કરી હતી. તેની પાસેથી પોલીસે પાંચ બૂલેટ જપ્ત કરી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ધરપકડ કરેલા કલાકારની ઓળખ સુનીલ ઉર્ફે રિહાન સુભાષ ચૌધરી (૩૨) તરીકે થઇ હોઇ તે મૂળ જળગાંવ જિલ્લાના મુક્તાઇનગર તાલુકાનો વતની છે. હાલ તે પત્ની સાથે બદલાપુર પૂર્વમાં રહે છે. સુનીલ ઉર્ફે રિહાન રિલ્સસ્ટાર છે અને તેના માધ્યમથી તેણે મરાઠી સિરિયલમાં નાની-મોટી ભૂમિકા ભજવી છે.પોલીસના જણાવ્યા અનુસાર કુર્લા પશ્ચિમમાં રહેનારા સંદીપ સોનકરની બૂલેટ ૨૧ જાન્યુઆરીએ તિલકનગરમાં ફ્લાયઓવર નજીકથી ચોરાઇ હતી. આ પ્રકરણે તિલકનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે તિલકનગર સ્ટેશનથી બદલાપુર સ્ટેશન સુધીના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ■

# જિલ્લા પરિષદની ચૂંટણી, સગીર પુત્રની હાજરીમાં શિવસેનાના ધારાસભ્યએ મતદાન કર્યુંઃ તપાસનો આદેશ

છત્રપતિ સંભાજીનગર : છત્રપતિ સંભાજીનગરના પૈઠણ તાલુકામાં જિલ્લા પરિષદની ચૂંટણી દરમિયાન શિવસેનાના ધારાસભ્ય વિલાસ ભૂમરે તેમના સગીર પુત્રને ઇવીએમ બૂથમાં લઇ ગયા હતા. આમ કરીને ગુપ્તતા અને પ્રક્રિયા સાથે સંકળાયેલા અન્ય ધોરણોનું ઉલ્લંઘન કર્યું હોવાથી, તપાસના આદેશ આપવામાં આવ્યા હતા, એમ અધિકારીઓએ રવિવારે અહીં જણાવ્યું હતું.

ભુમરે અને તેમના પુત્ર બંનેની આંગળીઓમાં શાહી લગાવેલી ઘટના શનિવારે પછોડ બૂથમાં બની હતી. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેના કારણે જિલ્લા કલેક્ટર દિલીપ સ્વામીએ તપાસનો આદેશ આપ્યો હતો. પત્રકારો દ્વારા પૂછવામાં આવતા પૈઠણના ધારાસભ્ય ભૂમરેએ ઘટનાને મહત્ત્વ આપ્યું નહોતું.

તેમણે જણાવ્યું હતું કે, મતદાન કર્યા પછી જ્યારે મારી આંગળી પર શાહી લગાવવામાં આવી રહી હતી, ત્યારે મારા દીકરાને પણ તેની આંગળી પર શાહી જોઈતી હતી. ઈવીએમ અને તેના બટનો વિશે સમજવા માટે તે ઘણો નાનો છે અને મારી સાથે જ આવ્યો હતો, એમ ભૂમરેએ દાવો કર્યો.

કલેક્ટર સ્વામીએ જણાવ્યું હતું કે વાયરલ વીડિયો અને મીડિયા દ્વારા આ ઘટનાની જાણ થયા પછી તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. પૈઠણ તાલુકાના સંબંધિત અધિકારીને ફોન કરીને વિગતવાર રિપોર્ટ મોકલવાનું કહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. આ કેસમાં (બાળકને ઈવીએમ બૂથ પર લઈ જવા અને તેની આંગળી પર શાહી લગાવવાની) પરવાનગી કોણે આપી તે અંગે પણ સ્પષ્ટતા માંગી છે. અમે આ માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરીશું, સ્વામીએ કહ્યું.

ભૂમરે (૪૦) શિવસેનાના વરિષ્ઠ નેતા સંદીપનરાવ ભૂમરેના પુત્ર છે, જેઓ પાંચ વખત પૈઠણના ધારાસભ્ય રહ્યા હતા અને હાલમાં છત્રપતિ સંભાજીનગર (અગાઉ ઔરંગાબાદ) થી લોકસભા સાંસદ છે.

નોંધનીય છે કે, સોલાપુરમાં પણ આ જ દિવસે આવી જ ઘટના બની હતી. વાઈરલ થયેલા એક વીડિયોમાં, ઉમેદવાર અર્જુન સિંહ મોહિતે પાટિલનો પુત્ર અકલુજના યશવંત નગર ખાતે મતદાન મથકની અંદર તેમની બાજુમાં ઊભો હતો અને ઈવીએમ બટન દબાવતો જોવા મળ્યો હતો. પાટીલે પાછળથી દાવો કર્યો હતો કે છોકરો ફક્ત મતદાન કેવી રીતે થાય છે તે જોવા માંગતો હતો. (પીટીઆઈ)■



**પ્રદૂષણ પારાવારઃ** મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં રવિવારે ધુમ્મસમય વાતાવરણ દેખાતા પ્રદૂષણની ચિંતા લોકોને ઘેરી વળી છે. (અમય ખરાડે)

# થાણેમાં ૨૦૧૫માં પ્રોપર્ટી ડીલરની હત્યાઃ કોર્ટે તમામ આઠ આરોપીને નિર્દોષ જાહેર કર્યા

થાણેઃ થાણે કોર્ટે ૨૦૧૫માં પ્રોપર્ટી ડીલરની થયેલી હત્યાના કેસમાં તમામ આઠ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ ગયો હતો, કારણ કે સાક્ષીદારો હુમલાખોરોને ઓળખી શક્યા નહોતા. ટ્રાયલ દરમિયાન આ કેસના એક આરોપીનું મૃત્યુ થયું હતું.

પ્રિન્સિપલ એન્ડ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ એસ.બી. અગ્રવાલે શનિવારે આપેલા ચુકાદામાં અવલોકન કર્યું હતું કે કેસનો પાયો, હત્યારાઓની ઓળખ મૂળભૂત રીતે ખામીયુક્ત હતા.

ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ સ્થાનિક પ્રોપર્ટી ડીલર બંટી પ્રધાન તેના મિત્રો સાથે ૧૩ એપ્રિલ, ૨૦૧૫ના રોજ મીરા-ભાયંદર રોડ પર બારમાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે અજાણ્યા શખસોએ તેના પર ગોળીબાર કર્યો હતો. ગોળી વાગવાથી ગંભીર ઇજા પામેલા પ્રધાનનું મૃત્યુ થયું હતું, જ્યારે તેનો મિત્ર સચિન મનોહર વિજયકર ઇજા પામ્યો હતો. પોલીસે દાવો કર્યો હતો કે આ હુમલો મિલકતને લઇને થયેલા વિવાદનું પરિણામ હતું. પોલીસે ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૨ (હત્યા), ૩૦૭ (હત્યાનો પ્રયાસ) તેમ જ ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) તથા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી હતી.

જજે નોંધ્યું હતું કે માહિતી આપનાર વ્યક્તિએ કોર્ટ સમક્ષ એવું કહીં આરોપીઓને ઓળખ્યા નહોતા કે તે સાચા હુમલાખોરોને ઓળખતો નહોતો.

કોર્ટે એવું પણ નોંધ્યું હતું કે ગોળીબારનો અવાજ સાંભળનાર ઝુલેખા શેખ સહિતના સાક્ષીદારો પણ આરોપીઓને ઓળખી શક્યા નહોતા.

કોર્ટે આ કેસમાં જિતેન જ્વાલા, રાજેશ ચવાણ, રવીન્દ્ર આર્ય, જટાશંકર પાંડે, મૂકેશ શેટ્ટી, અજય સિંહ, યશોદીપ નાઇક અને રાહુલ શર્માને નિર્દોષ જાહેર કર્યા હતા, જ્યારે આરોપી મયંક ગાલાનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું. (પીટીઆઇ) ■

# સોલાપુરમાં કારમાંથી બે ઈવીએમ મળ્યાંઃ વધારાનાં મશીન હોવાની અધિકારીની સ્પષ્ટતા

મુંબઈઃ સોલાપુર જિલ્લામાં એક હોટેલ નજીક પાર્ક કારમાંથી બે ઈવીએમ મળી આવતાં ભારે હોબાળો મચ્યો હતો. જોકે આ મશીન વધારાનાં હોવાની સ્પષ્ટતા અધિકારીએ કરી હતી.

રાજ્યમાં સોલાપુર સહિત ૧૨ જિલ્લાપરિષદ અને ૧૨૫ પંચાયત સમિતિની ચૂંટણી શનિવારે થઈ હતી. શનિવારની જ મધરાતે મોહોળ શહેરની હોટેલ સ્વરાજ્ય નજીક એક કારમાંથી બે ઈવીએમ મળી આવ્યાં હતાં. આ કાર ઈલેક્શન ડ્યૂટીમાં તહેનાત એક અધિકારી માટે રાખવામાં આવી હતી.

કારમાં ઈવીએમ મળ્યાંની વાત ફેલાતાં જ રાજકીય પક્ષો દ્વારા મશીન સાથે ચેડાં કરવામાં આવ્યાં હોવાના આક્ષેપ કરાયા હતા. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાનો પ્રશ્ન ઉઠાવી એનસીપીના ઉમેદવારે આ મામલે તપાસની માગણી કરી હતી.

આ અંગે માહિતી મળતાં જ ચૂંટણી અધિકારી, તહેસીલદાર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાથમિક તપાસમાં આ ઈવીએમ વધારનાં હોવાની અને શનિવારે મતદાન માટે ઉપયોગમાં ન લેવાયાંની ખાતરી થઈ હતી. બન્ને મશીન સીલ કરાયેલાં જ હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ ઉમેર્યું હતું કે મતદાન માટે ઉપયોગમાં લેવાયેલાં બધાં ઈવીએમ શનિવારની રાતે ૧૦.૩૦ વાગ્યે સ્ટ્રોન્ગ રૂમમાં જમા કરવામાં આવ્યાં હતાં. (પીટીઆઈ) ■

# લોજિસ્ટિક કંપનીમાંથી સ્માર્ટફોનની ચોરી

થાણેઃ થાણેમાં લોજિસ્ટિક એન્ડ સપ્લાય કંપનીમાં ૩૧ લાખ રૂપિયાના હાઇ-એન્ડ સ્માર્ટફોનની ચોરી અને ૨૩.૮ લાખ રૂપિયાની ઉચાપત બદલ આઠ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અંબરનાથ વિસ્તારમાં કંપનીના પરિસરમાં ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આરોપીઓએ ગેરકાયદે પ્રવેશીને ૩૧.૧૮ લાખ રૂપિયાના સ્માર્ટફોન ચોર્યા હતા. એ સિવાય માર્ચ અને નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન તેમણે ડિલિવરી હબમાં ૨૩.૮૭ લાખની ઉચાપત કરી હતી અને પુરાવા નષ્ટ કરવા માટે તેમણે ડિજિટલ વીડિયો રેકોર્ડર (ડીવીઆર)નો નાશ કર્યો હતો, એમ અંબરનાથ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# આગામી ચૂંટણીમાં એકનાથ શિંદેની શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેની ભાજપ સાથે યુતિઃ લક્ષ્મણ હાકે

મુંબઈઃ આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એટલે કે ૨૦૨૯માં મહારાષ્ટ્રના રાજકારણમાં મોટા ફેરફાર જોવા મળશે.

ઉદ્ધવ ઠાકરે ફરી ભાજપ સાથે યુતી કરી શકે અને હાલમાં સત્તા જેમની પાસે છે તે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પોતાના બધા નેતાઓ સાથે શરદ પવાર સાથે યુતી કરશે, એવો દાવો ઓબીસી આંદોલનકારી લક્ષ્મણ હાકેએ કર્યો હતો.

સોલાપુરમાં રવિવારે પ્રચાર માધ્યમો સાથેના સંવાદમાં હાકેએ રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચાવી દેનારા દાવા કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આગામી ચૂંટણીમાં એકનાથ શિંદે, શરદ પવારની એનસીપી અને અજિત પવારની એનસીપી એક તરફ હશે, જ્યારે ભાજપ અને ઉદ્ધવ ઠાકરે બીજી તરફ હશે.

રાજ ઠાકરેની મનસે પાસે જનસમર્થન બચ્યું નથી. રાજ ઠાકરેએ અનેક વાર પોતાનું સ્ટેન્ડ બદલ્યું છે. તેથી તેમણે હજુ કેટલાંક વર્ષ તૈયારી કરવાની જરૂર છે. ભાજપ સાથે છેડો ફાડનારા ઉદ્ધવ ઠાકરે ફરી ભાજપની બાજુમાં બેસે એવું ચિત્ર ૨૦૨૯માં જોવા મળશે અને તેના અણસાર હાલમાં જ થયેલી જિલ્લા પંચાયત અને પંચાયત સમિતિની ચૂંટણીથી મળે છે, એવું તેમણે જણાવ્યું હતું. શિંદેસેનાના પ્રધાનો અને નેતા અત્યારે વારંવાર મુખ્ય પ્રધાન અને ભાજપને મુશ્કેલીમાં મૂકનારાં વિધાનો કરતાં જોવા મળ્યા છે.

મહાપાલિકા, નગરપાલિકા અને જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં પણ શિંદેસેનાએ વિરોધ કરવાની ભૂમિકા બજાવી હતી. અનેક ઠેકાણે એકનાથ શિંદેની શિવસેના અને એનસીપી સાથે ચૂંટણી લડ્યાનું જોવા મળ્યું હતું, જેના પરથી આગામી ચૂંટણીમાં સમીકરણો બદલાશે એવા અણસાર મળી રહ્યા છે, એવું હાકેનું કહેવું છે. ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
| --- | --- |
| ૧) રાજેશ્વર સિંહ | ૫૦,૦૦૦ |
| ૨) અર્ચના બર્મન | ૨,૦૦,૦૦૦ |
| ૩) નાગેન્દ્ર કુમાર | ૧,૫૦,૦૦૦ |
| ૪) ચમેલી દેવી | ૪૦,૦૦૦ |
| ૫) રાજેશ દાસ | ૧,૦૦,૦૦૦ |
| ૬) મુમતાજ શેખ | ૪૦,૦૦૦ |
| ૭) તુણાતું કેશરી | ૧,૦૦,૦૦૦ |
| ૮) સુનિલ કુમાર | ૨,૦૦,૦૦૦ |
| ૯) ઝુમ્પા મોન્ડલ | ૩૦,૦૦૦ |
| ૧૦) વીમિત દેવી | ૨,૦૦,૦૦૦ |
| ૧૧) શેખ અણસાર | ૮૦,૦૦૦ |
| ૧૨) વિના દેવી | ૪૦,૦૦૦ |
| ૧૩) સલમા ખાતૂન | ૨,૫૦,૦૦૦ |
| ૧૪) નમિતા ચૌઉધારી | ૮૦,૦૦૦ |
| ૧૫) સ્વરાજીત કુમાર | ૨,૦૦,૦૦૦ |
| ૧૬) સુબલ મેયોગી | ૨,૫૦,૦૦૦ |
| ૧૭) છાબી બીબી | ૩૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે | |
| ૧૮) આરતી સંદીપ ઝોતે | ૧,૨૦,૦૦૦ |
| ૧૯) અદીનાશ રાજેન્દ્ર ભીલરે | ૯,૪૬,૦૦૦ |
| ૨૦) રિતિકા રાજકુમાર | ૧,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## પુણે જમીન કૌભાંડ અંગે ખડગે પેનલે હજુ સુધી અહેવાલ નથી આપ્યો: બાવનકુળે

મુંબઈ: મહારાષ્ટ્રના મહેસૂલ ખાતાના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે જણાવ્યું હતું કે પુણેના કથિત જમીન કૌભાંડની તપાસ કરી રહેલી વિકાસ ખડગેની આગેવાની હેઠળની સમિતિએ હજુ સુધી તેનો અહેવાલ રજૂ કર્યો ન હોવાથી આ તબક્કે કોઈને પણ ચોખ્ખાચણાક જાહેર કરવાની શક્યતાને નકારી કાઢી છે. આ કેસમાં દિવંગત નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારને રાહત આપવામાં આવી હોવાનો દાવો કરતા મીડિયા અહેવાલો સાથે જોડાયેલા પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા.

પુણેના ઉચ્ચ ભ્રુ મુંઢવા વિસ્તારમાં ૪૦ એકર જમીન ૩૦૦ કરોડ રૂપિયામાં પાર્થ પવાર મહત્તમ ભાગીદારી ધરાવે છે એ અમાડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપીને વેચાણ કરાતા એની તપાસ ચાલી રહી છે. એ જમીન સરકારની માલિકીની હોવાથી વેચી શકાતી નથી. કંપનીને ૨૧ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ચૂકવવામાંથી પણ મુક્તિ આપવામાં આવી હોવાનો આરોપ પણ છે. બાવનકુળેએ જણાવ્યું હતું કે સમિતિએ તારણો રજૂ કરવા માટે આઠ દિવસનો સમય માગ્યો છે અને સરકાર આ વિનંતીને માન્ય રાખશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'આ અહેવાલ રાજ્ય સરકારને સત્તાવાર રીતે સુપરત કરવામાં આવ્યો ન હોવાથી પાર્થ પવાર કે અન્ય કોઈને ક્લીનચીટ આપવાનો કોઈ અવકાશ નથી. હું લોકોને વિનંતી કરું છું કે આવા ગંભીર મુદ્દા પર અટકળો ન કરે અને જનતાને મૂંઝવણમાં ન મૂકે.' અધિક મુખ્ય સચિવ (મહેસૂલ) વિકાસ ખડગેના નેતૃત્વ હેઠળની પાંચ સભ્યોની સમિતિ મુંઢવા જમીન સંબંધિત ખરીદી દસ્તાવેજની નોંધણીમાં કથિત પ્રક્રિયાગત ભૂલોની તપાસ કરી રહી છે. આ તપાસ મૂલ્યાંકન, દસ્તાવેજીકરણ અને નોંધણી પ્રક્રિયામાં સામેલ અધિકારીઓની ભૂમિકા જેવા પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રાજકીય વિવાદ વચ્ચે નવેમ્બરની શરૂઆતમાં પેનલની રચના કરવામાં આવી હતી અને શરૂઆતમાં ગયા વર્ષે ૬ ડિસેમ્બર સુધીમાં તેનો અહેવાલ સુપરત કરવા માટે કહેવામાં આવ્યું હતું.

## નાલાસોપારામાં પોલીસનું કૉમ્બિંગ ઑપરેશન: ગેરકાયદે રહેતા ૧૦૦થી વધુ આફ્રિકન તાબામાં

પાલઘર: નાલાસોપારામાં પોલીસે કૉમ્બિંગ ઑપરેશન હાથ ધરી ૧૦૦થી વધુ આફ્રિકનને દસ્તાવેજોની ચકાસણી માટે તાબામાં લેવાયા હતા. સર્ચ દરમિયાન પોલીસને બે કિલો કોકેઈન પણ મળી આવ્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર પૂર્ણિમા ચૌગુલે-શ્રીંગીએ જણાવ્યું હતું કે મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની અલગ અલગ ટીમે બુધવારની સવારે છ વાગ્યે કૉમ્બિંગ ઑપરેશન હાથ ધર્યું હતું. તાબામાં લેવાયેલા ૧૦૯ વિદેશી નાગરિક ટ્રાવેલ અને રહેઠાણ સંબંધી માન્ય દસ્તાવેજો રજૂ કરી શક્યા નહોતા.

એક સ્થળેથી વિદેશી નાગરિક પાસેથી બે કિલો કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકરણે તેની વિરુદ્ધ ગુનો પણ નોંધવામાં આવ્યો હોવાનું ડીસીપીએ જણાવ્યું હતું.

પકડાયેલાઓમાં નાજીરિયન, યુગાન્ડા અને ઘાનાના વતનીઓનો સમાવેશ થાય છે. આ નાગરિકો નાલોસાપારા પૂર્વ, આચોલે અને તુલિંજ પરિસરમાં રહેતા હતા અને ડ્રગ્સની તસ્કરીમાં વારંવાર તેમની સંડોવણી સામે આવી હતી.

તાબામાં લેવાયેલા આફ્રિકનો સતત ડ્રગ્સની હેરફેરમાં સંડોવાયેલા રહે છે. વળી, તાજેતરમાં એવું પણ જાણવા મળ્યું હતું કે તેમણે ગેરકાયદે દુકાનો શરૂ કરી હતી. આ પ્રવૃત્તિ અંગે વસઈ-વિરાર મહાપાલિકાને પણ માહિતી મળી હતી. તેથી ગેરકાયદે બાંધકામો અને ડ્રગ્સ વિરુદ્ધ પગલાં લેવા અમે સંગઠિત પ્રયાસો શરૂ કર્યા હોવાનું ચૌગુલે-શ્રીંગીએ જણાવ્યું હતું.

પોલીસે તાબામાં લીધેલા વિદેશી નાગરિકોને ભારત પ્રવાસ અને રહેઠાણના દસ્તાવેજો રજૂ કરવાની તક આપી હતી, પરંતુ એકેય વ્યક્તિ માન્ય દસ્તાવેજો રજૂ કરી શકી નહોતી. જે લોકો માન્ય દસ્તાવેજો રજૂ કરી શકશે તેમને અહીં રહેવા દેવામાં આવશે અને જે દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ જશે તેમની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે, એવું ડીસીપીએ જણાવ્યું હતું.

આવા વિસ્તારમાં ઓછા ભાડે રહેવાની સગવડ થતી હોવાથી નાઈજીરિયનો મોટી સંખ્યામાં નાલાસોપારામાં રહેતા હતા, એવું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

## શેરબજારમાં રોકાણને નામે સિનિયર સિટિઝન સાથે ૧૧ કરોડની ઠગાઇ: પાંચ રાજ્યમાંથી સાત પકડાયા

મુંબઈ: દક્ષિણ મુંબઈના ૬૮ વર્ષના સિનિયર સિટિઝન સાથે ત્રણ સપ્તાહમાં શેરબજારમાં રોકાણને નામે ૧૧ કરોડ રૂપિયાની ઓનલાઇન છેતરપિંડી આચરવાના કેસમાં સાઉથ સાયબર પોલીસે પાંચ રાજ્યોમાંથી સાત આરોપીને ઝડપી પાડ્યા હતા. આરોપીઓનાં બૅંક ખાતાંમાં ઠગાઇના ૨.૧ કરોડ રૂપિયા વાળવામાં આવ્યા હતા.

આરોપી કુંવરલાલ ચેલ (૫૭)ની ગોંદિયાથી, આદર્શસેન આનંદ (૨૭) અને અમર્ત્યસેન આનંદ (૨૩)ની ઉત્તર પ્રદેશના દેઓરિયાથી, સુનીલ ગુપ્તા અને ખિરોડ સાહુની ઓડિશાથી, તો રસરાજ બાઉરી (૩૨)ની બિહારથી અને સંજય સિંહ (૫૧)ની પંજાબના મોહાલીથી ધરપકડ કરવામાં આવી હતી. નવ પોલીસ ટીમે આ કામગીરી પાર પાડી હતી.

ફરિયાદી શેરબજામાં રોકાણ કરવા માગતો હતો અને તેણે ડિસેમ્બર, ૨૦૨૫માં ઇન્ટરનેટ પર એ સંબંધી જાહેરાત જોઇ હતી. તેણે જાહેરાતમાં આપેલી લિંક પર ક્લિક કરતાં તેનો મોબાઇલ નંબર વ્હૉટ્સઍપ ગ્રૂપમાં ઍડ કરવામાં આયો હતો, જેમાં સહભાગીઓ દ્વારા શેરબજારમાં રોકાણ અને નફા વિશે મેસેજ પોસ્ટ કરવામાં આવી રહ્યા હતા.

ગ્રૂપના એડમિને ફરિયાદીને રોકાણ કરવા માટે મનાવી લીધો હતો અને આરોપીઓએ આપેલા બે ડઝન બૅંક ખાતાંમાં ફરિયાદીએ ૧૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ઍપ પર તેના રોકાણ સામે વળતર ૧૮ કરોડ રૂપિયા થયું હોવાનું બતાવવામાં આવ્યું હતું. આથી રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કરતાં તે નિષ્ફળ ગયો હતો. તેણે ગ્રૂપ એડમિન પાસે મદદ માગી હતી, જેણે પેનલ્ટી તરીકે આઠ કરોડ રૂપિયા ચૂકવવા માટે કહ્યું હતું.

## મની લૉન્ડરિંગ કેસમાં દીવાન હાઉસિંગ ફાઇનાન્સ નિર્દોષ જાહેર

મુંબઈ: મુંબઈની એક વિશેષ અદાલતે બંધ પડી ગયેલી દીવાન હાઉસિંગ ફાઇનાન્સ કોર્પ લિમિટેડ (ડીએચએફએલ)ને પાંચ હજાર ૫૦ કરોડ રૂપિયાના મની લૉન્ડરિંગ કેસમાંથી મુક્ત કરી ચુકાદો આપ્યો છે કે નવા મેનેજમેન્ટ હેઠળની કંપની ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ (આઈબીસી) હેઠળ કાનૂની પ્રતિરક્ષા માટે હકદાર છે. જોકે, અદાલતે સ્પષ્ટતા કરી હતી કે ડીએચએફએલ એક કોર્પોરેટ કંપની તરીકે મુક્ત છે, પરંતુ આ મુક્તિ કેસમાં સામેલ વ્યક્તિને નથી મળતી.

સ્પેશિયલ પીએમએલએ કોર્ટના ન્યાયમૂર્તિ આર બી રોટેએ બીજી ફેબ્રુઆરીએ પસાર કરેલા આદેશમાં ચુકાદો આપ્યો હતો કે ડીએચએફએલ આઈબીસી હેઠળ તેની સફળ રિઝોલ્યુશન પ્રક્રિયાને પગલે કાનૂની પ્રતિરક્ષા મેળવવા માટે હકદાર છે. આ કાયદા હેઠળ કોર્પોરેટ કંપની અને વ્યક્તિના નાદારી ઉકેલ અને લિક્વિડેશન માટે સમય-મર્યાદા પ્રક્રિયા પ્રદાન કરે છે. બુધવારે ઉપલબ્ધ થયેલા અદાલતના આદેશમાં જણાવાયું હતું કે સંબંધિત આઈબીસી જોગવાઈ દર્શાવે છે કે એકવાર નિર્ણય લેનાર સત્તા દ્વારા રિઝોલ્યુશન પ્લાન મંજૂર થઈ જાય પછી કોર્પોરેટ દેવાદાર અગાઉના ગુના માટે જવાબદાર રહેશે નહીં.

જોકે અદાલતે એમ પણ જણાવ્યું હતું કે કોર્પોરેટ નાદારી ઠરાવ પ્રક્રિયા શરૂ થયા પહેલા આવા ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સામેલ હતા એ ભૂતપૂર્વ અધિકારીઓ/નિર્દેશકોને આઈબીસી હેઠળ મુક્તિ નહીં મળે. કોર્પોરેટ દેવાદાર દ્વારા કરવામાં આવેલા આવા ગુના માટે તેમની સામે કેસ ચલાવી સજા કરવામાં આવશે. દેવામાં ડૂબેલી ડીએચએફએલને ૨૦૨૧માં પિરામલ ગ્રૂપ દ્વારા હસ્તગત કરી ગ્રૂપ ફર્મમાં ભેળવી દેવામાં આવી હતી.

## ત્રીજા પાનાનું ચાલુ

### મુંબઈમાં

અધ્યક્ષપદ માટે ૨૦ ફેબ્રુઆરીએ ચૂંટણી થવાની છે. ત્યાર બાદ સુધાર સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી થશે. આ તારીખો પર નવા વરાયેલા મેયર મતું મારશે.

મહાનગરપાલિકાઓમાં સ્ટેંડિંગ કમિટીના અધ્યક્ષનું પદ આર્થિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનું માનવામાં આવે છે. દેશની સૌથી શ્રીમંત એવી મુંબઈ મહાપાલિકા જેવી સંસ્થામાં આર્થિક સત્તા સીધી સ્ટેડિંગ કમિટી પાસે હોય છે. આ કમિટીમાં ૨૬ સભ્ય હોય છે, જેમાં સત્તાધારી પાસે નગરસેવકોનું સંખ્યાબળ ૧૪થી ૧૫ હોવું જરૂરી છે. આ કમિટીમાં અત્યારે ભાજપના ભાગે ૧૦ સદસ્ય તો શિંદેસેના પાસે માત્ર ત્રણ સભ્યપદ આવે છે. તેથી સંખ્યાબળ વધારવા માટે ભાજપની સાથે શિંદેસેનાના પણ પ્રયત્નો ચાલી રહ્યા છે.

શિવસેનાને બન્ને એનસીપીએ પોતાનું સમર્થન હોવાનું દર્શાવ્યું હોવાથી સહયોગી જૂથ બનાવવાની હિલચાલ ચાલી રહી છે. શિંદેસેના બન્ને એનસીપીની મદદથી પોતાનું સંખ્યાબળ ચાર કરીને ભાજપને સમર્થન આપશે. સામે પક્ષે યુબીટીને ભાગે આઠ સભ્યપદ હશે. બાકીનાં સભ્યપદ કૉંગ્રેસ, મનસે અને એમઆઈએમના ભાગે આવશે. આ બધા મળીને પણ સભ્યપદનો આંકડો ૧૩ સુધી પહોંચી શકે એમ છે. એટલે મુંબઈ મહાપાલિકામાં હજુ ઘણી રમત રમાય એવી શક્યતાઓ ઊભી થઈ છે.

વાર્ષિક બજેટ, ખરચાને મંજૂરી, વિકાસકામો માટે ભંડોળની વહેંચણી, કોન્ટ્રાક્ટ અને પ્રોજેક્ટ સંબંધી નિર્ણયો લેવાનો અધિકાર સ્થાયી સમિતિ પાસે છે. તેથી મહાપાલિકાની તિજોરીની ચાવી સ્થાયી સમિતિ પાસે હોવાનું કહી શકાય. હવે આ ચાવી કોની પાસે જાય છે તે જોવું રહ્યું.

સુધાર સમિતિ શહેરના રસ્તા, વિકાસકામો અને નાગરી સુધારા સંબંધી બાબતો પર નિર્ણય લેવાની મુખ્ય સમિતિ છે. આ સમિતિનો અધ્યક્ષે ભાજપનો હશે કે શિંદેસેનાનો એ તે અંગે ચર્ચા જામી છે. એ જ રીતે ઈમ્પ્રૂવમેન્ટ કમિટી પર પણ ભાજપ અને શિંદેસેનાનું જ વર્ચસ હશે.

### મરાઠીઓએ

આવ્યો. મુંબઈના મેયરની ચૂંટણી ૧૧ ફેબ્રુઆરીએ યોજાવાની છે, જે નામાંકન પાછું ખેંચવાનો છેલ્લો દિવસ છે.

ગયા મહિને યોજાયેલી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં સેના (યુબીટી) એ ભાવનાત્મક 'મરાઠી ઓળખ' નો મુદ્દો ઉઠાવ્યો હતો, અને બે દાયકા બાદ એમએનએસ સાથે જોડાણ કર્યું હતું. ૨૨૭ સભ્યોની બીએમસીમાં ભાજપ ૮૯ બેઠકો જીતીને એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી, જ્યારે તેના સાથી પક્ષ શિવસેનાએ ૨૯ બેઠકો જીતી.

વિપક્ષી છાવણીમાં, સેના (યુબીટી) એ ૬૫ બેઠકો મેળવી, જ્યારે તેના સાથી પક્ષો, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એસપી) એ અનુક્રમે છ અને એક બેઠક જીતી. (પીટીઆઈ)

### સમાન નાગરિક

છે, પરંતુ શાંતિ જોવા મળતી નથી. આજે ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં જે જોવા મળે છે તે ઈસુ ખ્રિસ્ત અને પયગંબર મુહમ્મદના ઉપદેશો મુજબ નથી. આપણને સાચા ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મના આચરણની જરૂર છે, એમ તેમણે કહ્યું.

તાજેતરના ભારત-અમેરિકા વેપાર કરાર અંગે ભાગવતે કહ્યું કે તેઓએ વિગતો હજી જોઈ નથી. જ્યારે જરૂર પડે ત્યારે આરએસએસ સરકારને સલાહ આપે છે. "તેમનાં પાપોનો દોષ અમારા પર આવે છે કારણ કે તેઓ અમારા સંગઠનમાંથી આવ્યા છે," તેમણે કહ્યું, રાજકીય દબાણ મતદારો તરફથી આવે છે, આરએસએસ તરફથી નહીં. જ્યારે પૂછવામાં આવ્યું કે ૧૦૦ વર્ષમાં સામ્યવાદીઓનો જનાધાર કેમ વધ્યો નથી, ત્યારે ભાગવતે માર્મિક ટિપ્પણી કરતા કહ્યું કે તેઓ આરએસએસને પૂછવામાં આવે તો માર્ગદર્શન આપી શકીએ છીએ. તેમણે નોંધ્યું કે આરએસએસ એક યુવા સંગઠન છે, જેની સરેરાશ ઉંમર ૨૮ વર્ષની છે. "અમે તેને ૨૫ સુધી ઘટાડવા માગીએ છીએ," તેમણે ઉમેર્યું.

### એઆઈએમઆઈએમે

પક્ષના વલણને અવગણીને હાથ ઉંચો કરીને ભાજપના મેયર ઉમેદવાર શ્રીચંદ તેજવાણીને ટેકો આપ્યો હતો. આ ઘટનાને ધ્યાનમાં રાખીને, એઆઈએમઆઈએમએ કાંબલેને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા, એમ જલીલે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે અમરાવતીમાં પાર્ટીના અધિકારીઓ અને નેતાઓને કારણદર્શક નોટિસ પણ જારી કરવામાં આવી છે.

### રાજકારણમાં

સંખ્યાબળનું ગણિત જોતા, જો અન્ય પક્ષો તેમને ટેકો આપે તો તેઓ વિધાન પરિષદમાં જઈ શકશે, સંજય શિરસાટે કહ્યું હતું. વિધાન પરિષદની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં, જો આપણે સંખ્યાબળ પર નજર કરીએ તો, મહાયુતિ પાસે ૨૩૫ ધારાસભ્યો છે. તેથી, એવી શક્યતા છે કે મહાયુતિના સાત ધારાસભ્યો સરળતાથી ચૂંટણી જીતી જશે. બીજી તરફ, મહાવિકાસ આઘાડી પાસે ૪૮ ધારાસભ્યો છે. બે અન્ય પક્ષોના ધારાસભ્યો પણ છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના પાસે વિધાન પરિષદના ૨૦ સભ્યો છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે જો તેઓ રાજ્યસભાની ચૂંટણીમાં એક બેઠક માટે એનસીપી, શરદચંદ્ર પવાર અથવા કૉંગ્રેસને ટેકો આપે છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા. સ્થા. (કાળધર્મ) જૈન**

વિંછીયા નિવાસી હાલ મલાડ (દશા શ્રીમાળી નગર) સ્વ. ચીમનભાઇ જગજીવનદાસ વોરાના પત્ની વસંતબેન વોરા (ઉં. વ. ૮૫) મુંબઇ સંપ્રદાયના પ. પૂ. ભાવેશમુનિ મ. સ. તથા પ. પૂ. સમતાશ્રીજી મ.સ.ના સુશિષ્યા પ. પૂ. વિનયદયાશ્રીજી મ. સ. તા. ૭-૨-૨૬ના શનિવારના રોજ કાળધર્મ પામેલ છે. તે લતા દિનેશકુમાર શાહ, તૃપ્તિ રાજુભાઇ શેઠ, બિંદુ દેવાંગભાઇ શાહ, અમિતા સમીરભાઇ વોરા તથા નેહા નિમેષભાઇ દામાણીના માતુશ્રી તથા સ્વ. દર્શિત, વિરાલી, પાર્થ, યશ, જય, ઝીલ, ક્રિશાના નાની. સ્વ. રતિલાલ, ગુલાબચંદ શાહના પુત્રી. ગુણાનુવાદ સભા તા. ૯-૨-૨૬ સોમવારે મુળજીનગર બોરીવલી (વે), ઉપાશ્રયે રાખેલ છે. સમય સવારે ૯.૩૦, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી, હાલ મુંબઇ વિદ્યાવિહાર ચંપકલાલ સવચંદ બાવીસી (ઉં. વ. ૯૦) ના તા. ૭-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયોત્સનાબેનનાં પતિ. તે સ્વ. શરતચંદ્ર કોઠારીના જમાઇ. તે સ્વ. અમૃતલાલ, સ્વ. કિશોરભાઇ, સ્વ. અનિલભાઇ અને રમેશભાઇ તથા અનિલાબેન અને નિર્મળાબેનનાં ભાઇ. તે અલકા, હેમાલી તથા જિજ્ઞેશના પિતાશ્રી. તે સંગીતાના સસરા. તથા આદિત્ય અને શિવાનીના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાર વિશા શ્રીમાળી જૈન**

જામજોધપુર નિવાસી સ્વ. પોપટલાલ માવજી મહેતાના સુપુત્ર ડો. છોટાલાલ મહેતા (ઉં. વ. ૮૫) તા. ૩-૨-૨૬ના વડોદરા ખાતે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રાજુલબેન મહેતાના પતિ. તે નીરજ મહેતા તથા વિરલ મહેતાના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૯-૨-૨૬ સોમવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. ગુજરાતી સેવા મંડળ, ફૂલ ગલી, માટુંગા (ઇસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

માપર હાલે જબલપુરના કેતન ભવાનજી ગડા (ઉં. વ. ૫૮) તા. ૬-૨-૨૦૨૬ ના અવસાન પામેલ છે માતુશ્રી રતનબેન ભવાનજી ગેલા ગડાના સુપુત્ર. દેઢીયાના ભચીબાઈ દેવજી પૂંજાના દોહીત્રા. માપરના વસંત, ચેતન, શેરડીના હેમલતા દિનેશ હરીયા, ગઢશીશાના કુંજલતા ડુંગરશી દેઢીયા, રામાણીયાના ટીના કીર્તિ સાવલાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું વસંત ગડા ૩૨ શીતલપુરી જબલપુર, ઉખરી રોડ. પીન કોડ નં. ૪૮૨૦૦૨.

નાના ભાડીયાના રજનીકાંત કરમશી ગડા (ઉં. વ. ૭૭) ૭-૨-૨૬નાં અવસાન પામેલ છે. કંકુબેન કરમશીના પુત્ર. કુંજલતાબેનના પતિ. ડોલર, ચંદ્રેશના પિતા. કાંતીલાલ, વિનોદ, રોહીત, નિરંજન, તરૂણ, રશ્મીના ભાઇ. તુંબડી વેજબાઇ પાલણ સાવલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રેશ ગડા, ૧૦૨, રાશી, મૈત્રી પાર્ક, ૧૦૦ ફીટ રોડ, વસઇ (વે.).

બેરાજા હાલે ભુજપુરના મહેન્દ્ર ડુંગરશી શાહ (કકકા) (ઉં. વ. ૬૪) તા.૭-૨-૨૦૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન ડુંગરશીના પુત્ર. પ્રવિણાના પતિ. નિકીન, વીરલના પિતા. રાજેન્દ્ર, ચેતન, ચંદનના ભાઈ. જવેરબેન ધનજીના જમાઈ. પ્રાર્થના : શ્રી હિરાવંતી બેંકવેટ હોલ, સ્ત્રી મંડળ, ટાગોર રોડ, નિયર પોદાર સ્કુલ, સાંતાક્રુઝ (વે.). સમય : ૩ થી ૪.૩૦.

**વેરાવળ દશા શ્રીમાળી જૈન**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, લલિત માણેકલાલ શાહ (ઉં. વ. ૮૫), સ્વ માણેકલાલ ભીમજી શાહના પુત્ર. સ્વ સોનલ લલિત શાહના પતિ. સમીર, માલવિકા અને વિક્રમના પિતા. શીતલ, કૌશલ અને સોનાલીના સસરા. સ્વ ભગવાનદાસ પુરુષોત્તમ જુઠાણીના જમાઈ, ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના અરિહંત શરણ પામેલ છે.

**સુરેન્દ્રનગર વઢવાણ જૈન**

મુંબઈ નિવાસી અ.સૌ. સીમા જોશી (ઉં. વ. ૬૮) ૭.૨.૨૬એ અરિહંતશરણ પામ્યા છે. તે રાજીવ મહેન્દ્રકુમાર જોશીના પત્ની, રુચિના માતુશ્રી, અંકુર પરેશભાઈ શાહના સાસુજી. સ્વ. કમળાબેન અને સ્વ. નટવરલાલ મહાદેવિયાના સુપુત્રી, અમીતા પંકજભાઈ શાહના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મેંદરડા નિવાસી હાલ કાંદીવલી સ્વ. ધીરજલાલ રતિલાલ હેમાણી અને હંસાબેન ધીરજલાલ હેમાણીના સુપુત્ર મનોજભાઈ (ઉં. વ. ૬૪) તે યોગેશ, અલકા જગદીશ કુમાર બુધેલીયા, માધવી યોગેશકુમાર વસાણી, મીરા પ્રદીપ કુમાર રાઠોડના ભાઈ. ભાવના યોગેશ હેમાણીના જેઠ. પૂજા ખુશીના મોટા પપ્પા તથા સ્વ. સુરેશભાઈ, કિરીટભાઈ, સ્વ. કુ. પુષ્પાબેન અને સ્વ. અરુણાબેન (મંજુલાબેન) રતિભાઇ ગાંધીના ભત્રીજા તા. ૬/૦૨/૨૬ શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

રાજકોટ નિવાસી અ. ની. કાંતિલાલ વિઠલજી કક્કડના ધર્મપત્ની શાંતાબેન (ઉં. વ. ૮૯) તા. ૮-૨-૨૬ના રવિવારના અવસાન પામેલ છે. તે અ. ની. જયેશભાઇ, નવીનભાઇ, બાબાભાઇ તેમ જ અ. ની. રસિકભાઇ કાંતિલાલ કક્કડ તથા દક્ષાબેન શૈલેષકુમાર બુદ્ધદેવના માતુશ્રી. તે ચિરાગભાઇ, દર્પણભાઇ, જેવીનભાઇ, રવિભાઇ, નિરવભાઇ, અમીબેન, ટમીબેન, સોનલબેન તેમ જ નિધીબેનના દાદીમા. તથા સ્વ. મણિલાલ નરસીદાસ નંદાણીના દીકરી અને સ્વ. કાંતિલાલ અને સ્વ. નટુભાઇ મણિલાલ નંદાણીના બહેનની પ્રાર્થનાસભા પિયર પક્ષની પણ સાથે રાખેલ છે. તા. ૯-૨-૨૬ સોમવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, યોગી સભા ગૃહ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**કચ્છી મચ્છુ કઠિયા સઇ સુતાર**

મૂળ નવિનાળ મોટા કાંડાગરા, હાલ ડોમ્બિવલી મ. ક. સ. સુ. ઉમેશ નવીનભાઇ પરમાર (ઉં. વ. ૩૫) તા. ૬-૨-૨૬ શુક્રવારના રામશરણ પામ્યા છે. સ્વ. ભારતીબેન નવીનભાઇ પરમારના પુત્ર. શિતલબેનના પતિ. પ્રથમના પિતા અને અમિતના ભાઇ. નરેશ, મંદિપ, સ્વ. મેહુલ, જેનિષ, મનીષાબેન હિરેન, કેજલબેન જયભાઇ, બિંદિયા, પ્રિયંક, રિંકેશ, સ્વ. યોગેશ, રવિ, હેતલ, રાહુલ તથા કરણના ભાઇ. સુનીલભાઇ વિઠ્ઠલ સપકાલ (મુંબઇ)ના ભાણેજ. ડિમ્પલબેન હિતેશભાઇ પરમાર (ડોમ્બિવલી-ભુજ)ના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૯-૨-૨૬ સોમવારના ૪થી ૫.૩૦. ઠે. સ્વામિનારાયણ મંદિર, બીજે માળે, રાજાજી પથ (રોડ), ડોમ્બિવલી (પૂર્વ).

**ઘોઘારી દશા શ્રીમાળી**

મુંબઇ નિવાસી સ્વ. જયંતીલાલ રમણલાલ મહેતા તે હીરાબેન જયંતીલાલના સુપુત્ર જયોતિન્દ્ર (જીતુભાઇ) (ઉં. વ. ૬૭) શનિવાર, તા. ૭-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે આરતીબેનના પતિ. ભરતભાઇના નાનાભાઇ. રાજ અને જયના પિતાશ્રી. અનેરીના સસરા. અનંતરાય મગનલાલ મગીયાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ આધોઇ હાલ મુલુંડ, સ્વ. દમયંતીબેન અને સ્વ. જગદીશભાઇ લવજી પુજારાના પુત્ર સ્વ. સચીન (ઉં. વ. ૪૮) તા. ૮-૨-૨૬ના રવિવારે રામશરણ પામેલ છે. તે ભાગ્યશ્રીના પતિ. તે ટીશા અને હૃદયના પિતા. તે ભાવના મનોજ શેઠના ભાઇ. તે અરવિંદ લવજી પુજારાના ભત્રીજા. તે ગંગાબેન શીવજીભાઇ જોબનપુત્રાનો દોહીત્રો. પ્રાર્થના તા. ૯-૨-૨૬ સોમવારે ૫થી ૬. ઠે. મહાજન વાડી, રામરતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

જીરાગઢ જામનગરના હાલ મુલુંડના સ્વ. મણિબેન ગોવિંદભાઇ વરુના પુત્ર જયંતીલાલ (ઉં. વ. ૮૯) તા. ૬-૨-૨૬ના અક્ષરનિવાસી થયા છે. સ્વ. મંજુલાબેનના પતિ. તે પરેશભાઇ, વિજયભાઇ, ચંદ્રિકાબેન, નયનાબેનના પિતાજી. તે દીપાબેન વરુ, અલ્પાબેન વરુ, દયાળજીભાઇ ગોહિલ, પરેશભાઇ ચોથાણીના સસરા. તે સ્વ.મણીબેન લાલજી ચોહાણના જમાઇ. તે સ્વ. દામજીભાઇ, સ્વ. ગોરધનભાઇ, સ્વ. બટુકભાઇ, દિલીપભાઇ, નિર્મળાબેન, સ્વ. રેખાબેનના ભાઇ, તે વ્રજલાલ, સ્વ. શાંતિલાલ, શારદાબેન, સ્વ. નીમુબેનના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૯-૨-૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજવાડી, બ્લોક નં. ૬૧/૪-૫, ગુરુ ગોવિંદસિંહ માર્ગ, મુલુંડ કોલોની, મુલુંડ પશ્ચિમ.લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

હરેન્દ્રકુમાર માવજી ઉદેશી (ઉં. વ. ૮૨) તે ક્રિષ્નાબાઇ તથા માવજી પુરુષોત્તમ ઉદેશીના સુપુત્ર. તે કલ્પનાબેનના પતિ. જમન તથા ધરમશી નેણશી ટોપરાણીના જમાઇ. સ્વાતિ ને શિલ્પાના પિતાશ્રી. ઉર્જીતના સસરા. સ્વ. મધુરી, સ્વ. કુસુમ, હંસા, પદ્માના ભાઇ. શનિવાર, તા ૭-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટીયા**

હમીર રમેશકુમાર આશર (ઉં. વ. ૬૨), તે સ્વ. રમાબેન તથા સ્વ. રમેશકુમાર આશરના પુત્ર. તે જયશ્રીબેનના પતિ. ભાવિની જીતેન્દ્ર શાહ, જતીનના ભાઈ. તે સ્વ. પુષ્પાબેન ભગવાનદાસ વેદના જમાઈ. તે રિદ્ધિ અને દીપના પિતાશ્રી. તે હિરલ અતુલભાઇ સંપટના સસરા તા. ૭/૨/૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા મંગળવાર તા. ૧૦/૦૨/૨૬ના રોજ જૂની હાલ ભાટીયા મહાજનવાડી કાલબાદેવી રોડ, મુંબઈ ખાતે સાંજના ૪ થી ૫.૩૦ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઈ સુથાર જ્ઞાતિ**

ગામ ઘાંઘળી નિવાસી, હાલ કાંદિવલી (મુંબઈ), પ્રવિણચંદ્ર છગનભાઈ ગોહિલના ધર્મપત્ની સ્વ. અ.સૌ. સવિતાબેન પ્રવિણચંદ્ર ગોહિલ (ઉં. વ. ૭૨)નું અવસાન તા. ૭/૦૨/૨૬ શનિવારનાં રોજ થયેલ છે. તેઓ આશિષભાઈ, હિમાંશુભાઈ, પ્રીતિબેન, દર્શનાબેનના માતુશ્રી. તેમજ આરતીબેન, જલ્પાબેન, રૂપેશકુમાર પોપટભાઈ વાઘેલા, ગૌતમકુમાર પુરુષોત્તમભાઈ સોલંકીના સાસુ. તેઓ સ્વ.દેવકુરબેન શામજીભાઈ ભીમજીભાઈ વાઘેલા (કાઠવાવાળા)ના સુપુત્રી. મંછાબેન,જશુબેન, કલાબેન, મહેશભાઈ, પ્રકાશભાઈના બેન. તેઓ લવ્ય, વિહાન, યુવરાજના દાદી. તેમજ ધ્વનિ, ધૈર્ય, તીર્થના નાનીમા. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર ૯/૦૨/૨૬ ના રોજ બપોરે ૩ થી ૫ કલાકે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, (મોટા ઉપાશ્રય) ચોથે માળે, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ. ખાતે રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

શ્રી અશોકભાઈ મર્ચન્ટ (ઉં. વ. ૭૪) તે સ્વ. શ્રી રતનશી હરીદાસ તથા સ્વ. ગુણવંતીબેનના સુપુત્ર. તે સુષ્માબેનના પતિ તથા શ્રી સ્મીતના પિતા તથા સૌ. કૃષ્ણા ના સસરા. તેમજ નિર્વાણના દાદા. તે સ્વ. નારાયણદાસ તથા સૌ. નીના બેનના જમાઈ, શનિવાર તા. ૦૭/૦૨/૨૬ના શ્રીજી શરણ પામ્યા છે. તેમની પ્રાર્થના સભા સોમવાર તા. ૦૯/૦૨/૨૬ના રોજ સાંજે ૪:૩૦ થી ૬ વાગે સોની વાડી, સીમ્પોલી રોડ, બોરીવલી (વેસ્ટ) રાખેલ છે.(લૌકીક પ્રથા બંધ છે.)

**સિહોર સ. ઔ. અ. બ્રાહ્મણ જ્ઞાતિ**

સિહોર હાલ દહિસર (મુંબઈ) નિવાસી સ્વ. ભાસ્કરરાય દૌલતરાય દવેના ધર્મપત્ની કુસુમબેન ભાસ્કરરાય દવેનું (ઉં. વ. ૮૫) તા. ૭/૨/૨૬, શનિવારના સ્વર્ગવાસ થયેલ છે. તેઓ નિતિનભાઈ અને હીનાબેન (દીદી)ના માતા. હેમાંગીનીબેન નિતિન દવે તથા સ્વ. પ્રકાશભાઈ સી. રાવલના સાસુ. પાર્થ, પારસ અને રાધિકા પાર્થ દવેના દાદી તથા ધ્રુવ અને વિભૂતિ નિમિતકુમાર ઠાકરના નાની. તેઓ સ્વ. ચંપાબેન પ્રભાશંકર ત્રિવેદીની મોટી દીકરી.તેમની પ્રાર્થના સભા મંગળવાર, તા. ૧૦/૨/૨૬ના રોજ સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી યોજાશે. સ્થળ: બોરીવલી કપોળ સમાજ, કામિનિયા કંપાઉન્ડ, જી. એચ. હાઈ સ્કૂલ સામે, એમ. જી. ક્રોસ રોડ નં. ૧, બોરીવલી પૂર્વ, મુંબઈ ૪૦૦૦૬૬.

**ગુજરાતી વૈષ્ણવ**

ગામ પીઠવડી, હાલ. મીરા રોડના જગદીશભાઈ દેવીદાસભાઈ ડોડીયા (ઉં.વ.૬૩) તા. ૪.૨.૨૬નાં શ્રીજી ચરણ પામેલ છે. તે ગં.સ્વ.શાંતાબેન દેવીદાસભાઈ ડોડીયાનાં સુપુત્ર. તે ગં.સ્વ. રેખાબેનના પતિ. તે સતીષભાઈ, સ્વ.હરેશભાઈ, જાગૃતીબેન મોહનભાઈ કવાના ભાઈ. તે બિજલ, સ્નેહા, ચિરાગના પિતાશ્રી. તે દૃષ્ટિ અને પુનિતના સસરા. તે સ્વ.ગીરધરભાઇ બાલુભાઈ ચુડાસમાનાં જમાઈ. સાદડી તા.૦૯.૦૨.૨૬ ને સોમવારે સાંજે ૫ થી ૭ કલાકે શ્રી લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલીમાં રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

અશોકભાઈ (ઉં. વ. ૭૪) તે સ્વ. રતનશી હરિદાસ તથા સ્વ. ગુણવંતીબેનના પુત્ર. સુષ્માબેનના પતિ. સ્મિતના પિતા. કૃષ્ણાના સસરા. સ્વ. નારાયણદાસ તથા સ્વ. નીતાબેન ના જમાઈ. તે ૭/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૯/૨/૨૬ ના રોજ ૪.૩૦ થી ૬ કલાકે સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ રોડ, બોરીવલી વેસ્ટ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશાશ્રીમાળી વણિક**

સામતેર નિવાસી હાલ વાશી કોપરખેરના શ્રી જયંતભાઈ ભોગીલાલ શાહ (ઉં.વ.૭૫) તે સૌ.તરૂણાબેન ના પતિ.. વિશાલ તથા પિયુષના પિતાશ્રી. સૌ. કાશ્મીરાના સસરા. વિનુભાઈ, કિરીટભાઈ, ગં.સ્વ.હંસાબેન ભુપેન્દ્ર શાહ, સૌ. હીનાબેન નરેન્દ્ર દોશીના ભાઈ. ઉના નિવાસી સ્વ.ધરમશીભાઈ કપૂરચંદ ગાંધીના જમાઈ, શુક્રવાર તારીખ ૦૬-૦૨-૨૦૨૬ ના રોજ અક્ષરવાસી પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૯-૨-૨૬ના ૪.૩૦ થી ૬.૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર, સેક્ટર ૨૯, વાશી, મધ્યે રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ જુનાગઢ, હાલ દહિસર, મુંબઈ ભગવાનદાસ હરીદાસ વિઠલાણી, (ઉં. વ. ૮૯) તે સ્વ. ભાનુબેનના પતિ. પંકજભાઈ, સુજલભાઈ, દક્ષાબેન જયેશકુમાર ઠક્કર, લોપાબેન નિમેષકુમાર તન્નાના પિતાશ્રી, સ્વ. પરસોત્તમ લાલજી ગોકાણી(થાણા)વાળાના જમાઈ, ભારતીબેનના સસરા. અદિતિ, પ્રાચીના દાદાજી. તા. ૦૬/૦૨/૨૬, શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે..પ્રાર્થના સભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ કુંઢેચ હાલ ઘાટકોપર સ્વ. શશીકાંત મોહનલાલ મજીઠીયાના ધર્મપત્ની ગં. સ્વ. શીલાબેન (દક્ષાબેન) (ઉં. વ. ૭૬) તા. ૭/૨/૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. તેઓ સ્વ. ઠાકોરદાસ ગુલાબદાસ ઠક્કરના દીકરી. યજ્ઞેશ, નિમેશ, શૈલેષના માતુશ્રી. દિપ્તી, જીગ્ના, તૃપ્તિના સાસુ. સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. વિનોદભાઈ, રમેશભાઈ તથા સ્વ. પ્રવિણાબેન ચંદ્રકાંત રૂપારેલીયાના ભાઈના પત્ની. સ્વ. તુષારભાઈ, ભાવનાબેન, અમિતાબેન, જયેશભાઈના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯/૨/૨૬ ના ઠે. પરમ કેશવબાગ નવરોજી લેન ઘાટકોપર( વેસ્ટ)માં સાંજે ૪:૩૦થી ૬ રાખેલ છે. (ચક્ષુદાન કરેલ છે).

**કંઠી ભાટીયા**

અ. સૌ. રૂપા ગૌતમ ભાટીયા (ઉં. વ. ૫૧) તે ગૌતમ નરોત્તમ ભાટીયાના પત્ની, નિધિ અને જહાનના માતુશ્રી. નૈના નરોત્તમ ભાટીયાના પુત્રવધૂ, તે સ્વ. ઇન્દુ દિલીપ વેદના સુપુત્રી, તે અવંતિ દિવ્ય ભાટીયાના ભાભી. ધર્મેશ અને વિક્રમના બેન, તે તા. ૭.૨.૨૬ના શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૦.૨.૨૬ના રોજ સ્વામિનારાયણ મંદિર, સેક્ટર ૨૯, વાશી માં સાંજે ૫-૬:૩૦ રાખેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે).

## પારસી મરણ

શીરીન હોશંગ પટેલ તે મરહુમ હોશંગ પટેલના વિધવા. તે મરહુમો ખોરશેદબાનુ તથા શેરીયાર ઇરાનીના દીકરી. તે શેરનાઝ સાવન, રોક્ષાના કુપર ને ફરહાદ પટેલના મમ્મી. તે દેવકુમાર સાવન, બહેરામ કુપર ને પુરવી પટેલના સાસુ. તે મરહુમો ખોદાબક્ષ, સોલી, ફરદુન ઇરાની ને નરગીશ બીલીમોરીયાના બહેન. તે મરહુમો બચામાય તથા શાપુરજી પટેલના વહુ. (ઉં. વ. ૯૧) રે. ઠે. એસ-૧/૨૧, કામાપાર્ક, કામા રોડ, અંધેરી રેલવે સ્ટેશનની સામે, અંધેરી, મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૨-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે બાલારામ સ્ટ્રીટ મધે મેહેલ્લા પટેલ અગિયારીમાં.

પરસી સોલી ઊદવાડીયા તે મરહુમો મહેરૂ તથા સોલી ઊદવાડીયાના દીકરા. તે લીલી સાયરસ કોન્ટ્રાકટર તથા મરહુમો પરવેઝ સોલી ઊદવાડીયા ને શાહનાઝ શેખના ભાઇ. તે શાઝમાન, વિસ્તાસ્પ, પીનાઝ, ખુશ્બુ ને દાનીશના મામા. તે સાયરસ દારા કોન્ટ્રાકટર ને મરહુમ નઇમ શેખના બનેવી. તે ફવસ, રુશાદ, અલમીરા, ઇયાના, ઇયાન ને હેદરના ગ્રાન્ડ મામા. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૭૨૬, ફલેટ નં. ૫, પી. એ. હોરમાજી બિલ્ડિંગ, એમ. જોશી રોડ, પારસી કોલોની, દાદર (પૂર્વ). મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૨-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધે નારીયેલવાળા અગિયારીમાં.

શાપુર ફલી માસ્તર તે આબાન શાપુર માસ્તરના ખાવીંદ. તે મરહુમો હોમાય તથા ફલી માસ્તરના દીકરા. તે ફરશીદ ને કમલના પપ્પા. તે મોનાઝ ફરશીદ માસ્તરના સસરા. તે રોહીન્ટનના ભાઇ. તે અરનવાઝ જહોની, મીનુ તથા પરીનાઝ ગાંધીના બનેવી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૫૧, સુનયજી બિલ્ડિંગ, ફોરજેટ સ્ટ્રીટ, ગોવાલિયા ટેંક, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૨-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે ઓલબ્લેસ બંગલીમાં.

મની જમશેદ કોટવાલ તે જમશેદ કોટવાલના ધણીયાની. તે મરહુમો ઓસ્તી નાજા તથા એરવદ રૂસ્તમ ધાબરના દીકરી. તે જેનીફર, એરીક ને ખુશનામ ના મમ્મી. તે શશાંક ધૂરી, સુરેખા કોટવાલ તથા એરવદ કૈઝાદ બાદશાહના સાસુ. તે આલુ સંજાણા તથા મરહુમ શહેરૂ ધાબરના બહેન. તે દીશા ધૂરીના મમયજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. ૧૮/૭૦૩, સંસ્કૃતી, ૯૦ ફીટ રોડ, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી (પૂર્વ), ૪૦૦૧૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૨-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે લાલબાગ મધે વાડીયા અગિયારીમાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# ધર્મતેજ

## મનન

# હાનિ-લાભ, જીવન-મરણ, યશ-અપયશ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



રામચરિતમાનસમાં પ્રભુ શ્રીરામ લક્ષ્મણજીને આ વાત સમજાવે છે. અયોધ્યા કાંડમાં આ વાત જણાવતાં પ્રભુ કહે છે કે ‘હાનિ, લાભ, જીવન, મરણ, યશ, અપયશ, વિધિ, હાથ’. જ્યારે સ્વયં ઈશ્વર લક્ષ્મણજીની શંકાનું નિવારણ કરવા આ વાત જણાવતાં હોય તો તેને ગંભીરતાથી લેવી જ પડે. એ સત્ય છે કે જીવનની કેટલીક બાબતો ભાગ્ય અથવા દૈવ અથવા કર્મફળ પર આધારિત હોય છે. સુફી સંપ્રદાયમાં જે બાબતને ઈશ્વર આધીન કહેવામાં આવે છે તેમાં પણ જન્મ-મરણનો સમાવેશ થાય છે. જ્યારે શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણ જંગલમાંથી પસાર થતા હોય છે ત્યારે એક શિકારી પક્ષીઓની હત્યા કરતો હોય છે. આ સમયે એક કબૂતરી પોતાનાં મૃત્યુ પામેલાં જીવનસાથી માટે વિલાપ કરતી જોઈને, તે પરિસ્થિતિને સમજાવવા માટે શ્રીરામ જણાવે છે કે દુનિયામાં કોઈ પણ ઘટના કારણ વિના ઘટીત નથી થતી, દરેકની પાછળ કોઈ સિદ્ધાંત હોય છે, નિયમ હોય છે. આ નિયમ કર્મફળ આધારિત હોય, તે જ પ્રારબ્ધ છે, તે જ વિધિ છે.

હાનિ એટલે ગુમાવવું, ખોટ જવી, નુકસાન થવું, ઈજા થવી. લાભ એટલે ઇચ્છિતની પ્રાપ્તિ, ફાયદો, મેળવવું, ખુશી અપાવે તેવી પરિસ્થિતિ પામવી. જીવન એટલે જિંદગી, જીવનની અવસ્થા, જીવંતતા, આયુષ્ય. મરણ એટલે જિંદગીનો અંત, મૃત્યુ, આ જન્મના પ્રવાસની પૂર્ણાહુતિ. યશ એટલે પ્રતિષ્ઠા, સન્માન, કીર્તિ, ખ્યાતિ, સફળતાને આધારે સ્થાપિત થતી બહુનામી; અને અપયશ એટલે અપકિર્તિ, કલંક, લાંછન, નિષ્ફળતાને કારણે મળતી બદનામી. શ્રીરામના કથન મુજબ આ બધી બાબતો વિધિ દ્વારા નક્કી થાય છે, પ્રારબ્ધ દ્વારા નિર્ધારિત થાય છે, દૈવ દ્વારા સ્થાપિત થાય છે.

કેટલીક વાતો સમજવા જેવી છે. સૌપ્રથમ અહીં બે વિરોધી બાબતોની જોડીની વાત છે. હાનિ સાથે લાભ, જીવન સાથે મૃત્યુ અને યશ સાથે અપયશ. અહીં એક સંદેશો છે. જ્યારે પસંદગી કરવાની આવે ત્યારે બે પાસાં સ્પષ્ટ હોય અને બંને વિરોધી હોય. પસંદગીનો પ્રશ્ન ત્યારે જ ઊભો થઈ જ્યારે બે વિરોધી પાસાંની સહ-સંભાવના હોય. અહીં દ્વૈત ભાવ ઊભો થાય, રાગદ્વેષ સ્થાપિત થાય, ઇચ્છિત - અનિશ્ચિત નિર્ધારિત થાય, કર્મ અનુસાર વિરોધી પરિણામ ઉભરે, મનનું ખેંચાણ સંભવ બને, બુદ્ધિએ નિર્ણયશક્તિ દર્શાવવી પડે અને અંતે બેમાંથી એક પરિસ્થિતિ સ્થાપિત થાય. જો પરસ્પર વિરોધી જણાતી બાબત અસ્તિત્વમાં જ ન આવતી હોય તો આ પ્રકારનું ખેંચાણ કદાચ ઉદ્ભવે જ નહીં. મૃત્યુ છે એટલે જીવનની અપેક્ષા છે. અપયશની સંભાવના છે અને તેથી યશની ઈચ્છા રહે. હાનિ પહોંચી શકે તેમ છે અને તેથી લાભની કામના છે. જ્યાં દ્વૈત છે ત્યાં પસંદગી છે, અપેક્ષા છે, કામના છે.

દ્વૈત વિવિધ સ્વરૂપે હોઈ શકે. મિલન-વિયોગ, વિજય-પરાજય, સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ, નૈતિક-અનૈતિક, શ્રેય-પ્રેય, નિત્ય-અનિત્ય, સુખ-દુઃખ, અખંડ-ખંડિત, શાશ્વત-નશ્વર; પણ આ દરેક વાત વિધિને આધીન છે તેમ નથી કહેવાઈ. હાનિ-લાભ તથા યશ-અપયશમાં પુરુષાર્થ સંમિલિત હોય. જીવન અને મૃત્યુમાં સૃષ્ટિનાં નિયમો કાર્યરત હોય. જ્યાં પુરુષાર્થ સંકળાયેલો હોય તથા જ્યાં સૃષ્ટિના નિયમો કાર્યરત હોય ત્યાં ભાગ્ય જે તે બાબત નિર્ધારિત કરી શકે; દરેક પ્રકારના દ્વૈત માટે તેમ ન પણ હોઈ શકે. વિધિ પોતાનું સ્થાન ત્યાં જ વ્યક્ત કરે જ્યાં તે પ્રમાણેની આવશ્યકતા હોય.

અહીં એક વાત જણાવાની આવશ્યકતા છે. યોગવશિષ્ઠમાં ગુરુ વશિષ્ઠ શ્રીરામને જણાવે છે કે પ્રારબ્ધ અને પુરુષાર્થ નામના બે ‘બકરાં’ લડતા હોય છે. જે વધારે સશક્ત હોય તે જીતે, જેને વધારે બળ મળી રહે તે જીતે. માનવીનો પુરુષાર્થ જરૂરી છે, પરંતુ પરિણામ માત્ર પુરુષાર્થથી નિર્ધારિત ન થાય. પ્રયત્ન અને પ્રારબ્ધનો સંયોગ પરિણામ નિર્ધારિત કરે. અન્ય સ્થાને ઋષિ વિશ્વામિત્ર શ્રીરામને જણાવે છે કે ‘ભાગ્ય વગર સિદ્ધિઓ પ્રાપ્ત થતી નથી’, શ્રીરામ ભરતજીને પણ આ જ વાત અન્ય શબ્દોમાં જણાવે છે. તેઓ કહે છે કે ‘રાજ્ય મળવા કે ન મળવામાં પણ દેવની ઈચ્છા હોય.’ ગીતામાં પણ કોઈપણ કાર્યના પરિણામ માટે જે પાંચ કારણો જણાવાયા છે તેમાં છેલ્લું દૈવ છે. તે સિવાયના અન્ય છે, સમય અને સ્થાન, કર્તા, સંસાધનો અને પ્રક્રિયાઓ. સનાતની અને અન્યથા, પ્રત્યેક વિચારધારામાં ભાગ્યનું સ્થાન તો છે જ, પણ તે એકમાત્ર બાબત છે તેમ ન કહી શકાય.

માનવીનું કર્તવ્ય છે કે કર્મ કરતાં રહેવું. એકવાર ભલે એમ માની લેવામાં આવે કે બધું જ પ્રારબ્ધ અનુસાર પૂર્વ નિર્ધારીત છે, તો પણ પુરુષાર્થને આવશ્યકતા રહે. ગીતામાં જ જણાવ્યાં પ્રમાણે જીવન-નિર્વાહ માટે, જીવન ટકાવી રાખવા માટે, જીવનનો અર્થ જળવાઈ રહે તે માટે કે જન્મ સાથે સંકળાયેલ ઉત્તરદાયિત્વ નિભાવવા માટે પણ પુરુષાર્થ આવશ્યક છે. શ્વાસ તો લેવો જ પડે, મોઢામાં કોળીયો તો મૂકવો જ પડે, શરીરને સ્વચ્છ રાખવું જ પડે; જીવન છે એટલે કેટલીક ક્રિયાઓ, કેટલોક પરિશ્રમ, કેટલીક બાબતો તો સ્વાભાવિક બની રહે. તેનાંથી મુક્તિ શક્ય જ નથી.

હાનિ-લાભ, જીવન-મરણ, યશ-અપયશ જેવી બાબતો જ્યારે નિયતિ પર છોડી દેવામાં આવે ત્યારે કેટલીક સૂક્ષ્મ અદ્ભુત ઘટનાઓ અસ્તિત્વમાં આવતી જાય. આમ કરવાથી ક્રમશઃ અહંકાર ક્ષીણ થઈ શકે, સૃષ્ટિનાં નિયમોમાં વિશ્વાસ જાગી શકે, નિષ્કામ કર્મ કરવાની આદત પડતી જાય, નિષ્પક્ષતા અને નિર્લેપતાનું મહત્વ સમજાય, ‘હું અને મારું’નો ભાવ લય પામતો જાય, પરિણામની ચિંતા વગર પુરુષાર્થ થવાથી કાર્યમાં તટસ્થતા જળવાય, અંતે ઈશ્વરનાં ન્યાયમાં વિશ્વાસ જાગે; અને આ બધાંથી ‘નવાં’ કર્મબંધનની સંભાવના ઓછી થઈ જાય. આ પ્રકારની માનસિકતા અને શ્રદ્ધા ચોક્કસ સકારાત્મક પરિણામ લાવી શકે. આખરે અંતિમ પરિણામ સારું આવશે જ તેવી ખાતરી અહીં મળી શકે છે. ■

# જેનો આહાર શુદ્ધ તેનું અંતઃકરણ પણ શુદ્ધ રહે છે ને એનું સત્ત્વ શુદ્ધ રહે છે...

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



‘રામચરિતમાનસ’નો કુંભકર્ણ અને મહાભારતનો કર્ણ, બંને મોટા વીર છે, બળવાન છે. જ્યારે જાગે છે ત્યારે બંનેની જાગૃતિ સારી છે, પરંતુ બંનેની દુર્બળતાઓ પણ છે. એ દુર્બળતાઓનો વિસ્તાર ન કરતાં વ્યાસગાદી એટલું જ કહેવા માગે છે કે બંનેના જીવનની દુર્બળતા એ છે કે એમનાં જીવનમાં ગ્રંથિઓ છે. હું એક દોરો લઉં ને છેડા સુધી બિછાવી દઉં તો અહીંથી ત્યાં સુધી પહોંચી જશે, પરંતુ પછી એમાં જેટલી ગ્રંથિઓ-ગાંઠો પાડતા જઈએ એટલો દોરો નાનો થતો જશે, સીધું ગણિત છે. એવી રીતે પરમને પામવાનો એક સીધો રસ્તો છે પણ જેટલી ગ્રંથિઓ વધુ થઇ જાય એટલી ધારા સંકીર્ણ થવા લાગે. કર્ણના જીવનની ગ્રંથિ છે સોબતપ્રધાન, સંગપ્રધાન. આ માણસનો સ્વભાવ છે સંગપ્રધાન. સંગના મમત્વને કારણે તેના જીવનના દોરામાં ગ્રંથિ આવી. કુંભકર્ણ વધુ સંગ નથી કરતો,સૂતો રહે છે. એટલે એના જીવનમાં બહુ સંગનો પ્રશ્ન નથી ઊઠતો. અને સંગની વાત કરીએ તો તે જ્યારે જાગે છે ત્યારે કોઈ સંતને સાંભળે છે, નારદ જેવા મહાપુરુષની વાણી સાંભળે છે. હા,એક પ્રધાનગ્રંથિ,અહંકાર જરૂર છે. પરંતુ કુંભકર્ણની ગ્રંથિઓમાં પ્રધાન છે આહારની અશુદ્ધિ. આ ગ્રંથિએ એના જીવનના સીધાપણાને વારેવારે રોકી એમાં વિઘ્નો નાખ્યાં. જાગે છે, તો સુંદર બોલે છે. વિભીષણને જ્યારે મળે છે ત્યારે કેટલું સુંદર બોલે છે! પણ એક તો અહંકારવાળી દુર્બળતા અને બીજી આહારની અશુદ્ધિ. કુંભકર્ણ લડવા જાય છે તો અહંકારથી કહે છે કે મારી સાથે મારે કોઈ સૈન્ય કે બીજાના સાથ-સહકારની જરૂર નથી, હું એકલો પૂરતો છું. એક બહુ મોટી ગાંઠ છે. કુંભકર્ણના કાન કુંભ જેવા છે એ કર્ણકુંભ જ્યારે જાગે છે ત્યારે નારદને સાંભળી લે છે એ વાત ઠીક છે,પરંતુ અહંકારને લીધે એના ઘડા જેવા કાનમાં એ માણસ કેવળ પ્રશંસા સાંભળવા રાજી રહ્યો.

કુંભકર્ણ ધાર્મિક પણ છે અને અધાર્મિક પણ છે. બંનેનું મિશ્રણ છે. રાવણ જ્યારે એને જગાડે છે ત્યારે આ માણસ એને ઠપકો આપે છે. આ માણસે બોધ શરૂ કર્યો છે. એ જોતા એમ લાગે કે આ માણસ બહુ ધાર્મિક છે. રાવણ ને એણે કહ્યું, તે આ શું કર્યું? જાનકી તો જગતની માતા છે. હે શઠ, તું માનું અપહરણ કરીને કલ્યાણ ઈચ્છે છે? તેં આ બહુ મોટી ભૂલ કરી છે. તેં મને પહેલા કેમ ન જગાડ્યો? આદિ-આદિ વાતો કરી છે, પરંતુ કલાકના આ સંવાદ પછી રાવણે શરાબ મંગાવ્યો અને અભક્ષ ભક્ષણ એ બધુ મંગાવ્યું. પહેલા ધર્મની ચર્ચા કરનારો, આપણને પગે લાગવાનું મન થાય એવા કુંભકર્ણને પણ એક કલાક પછી એ માણસે જે ખાધું અને પીધું ને પછી એના તમામ વિચારો દબાઈ ગયા અને સાક્ષાત ધર્મરૂપ રામ છે એની સામે તેણે અધર્મની યાત્રા શરૂ કરી! એટલે એ ધર્મ અને અધર્મનું મિશ્રિત રૂપ છે.

બીજી વાત આહારની છે. સત્ત્વગુણી આહારમાં ગ્રંથિ નથી બનતી. રજોગુણમાં ગ્રંથિ થવા માંડે છે, તમોગુણમાં ઘણી વધારે દેખાય. ગ્રંથીઓને કારણે દોરો નાનો થવા માંડે. શ્યામ જેવું સ્વરૂપ પ્રભુનું અને નેત્રો કમળ જેવાં,આ રૂપમાં ડૂબ્યો કુંભકર્ણ. તાપ ત્રય ભવ મોચન, ભગવાનના રૂપમાં ડૂબેલો, આ સમાધિમાં જઈ રહ્યો છે. પણ એની આહાર અશુદ્ધિની ગ્રંથિએ તેની સ્મૃતિને તોડી નાંખી છે. કાલ સુધી આપણે આ માણસમાં પતંજલિના ન્યાયે કેટલી શ્રદ્ધા નિર્ણિત કરી રહ્યા હતા! પતંજલિની શ્રદ્ધા કુંભકર્ણમાં, વીર કુંભકર્ણમાં, **समाधिपूर्वकम्** એ કુંભકર્ણમાં દેખાય છે. એ જ વાતો એ સીધો દોરો છે. અને આપણા લોકોની પણ આ જ દશા છે ને,કેટલાક વખત સુધી તો આપણી એ સ્થિતિ સારી હોય છે, પછી કોઈને કોઈ ગ્રંથિ આવતી હોય છે.

દેહાતોમાં, કોઈ ખેલ એવો રમાય છે કે એક છોકરો છુપાઈ જાય ને બીજા એને શોધવા નીકળે, પછી જ્યારે પકડમાં નથી આવતો, પણ એ છોકરાને જોઈ લેવામાં આવે, તો એ તુરંત પકડાઈ જાય છે. એવી રીતે આ સંસારમાં જેને બધી ચીજોમાં પ્રભુ દેખાઈ જાય,તો પ્રભુ પકડમાં આવી જાય છે. બસ,આટલું જ છે,વધુ કંઈ છે જ નહિ. જે છોકરાને પકડવાનો છે,તે એક વખત જોઈ લીધો હોય તો પકડવાવાળો તુરંત હસતો હસતો આવશે કે લ્યો,પકડાઈ ગયો.

પ્રભુ બધામાં છે,એને આપણે દોષદર્શન હટાવીને એક વાર જોઈ લઈએ,તો પરમાત્માએ આપણી પકડમાં આવવું પડે છે,એ નિર્વિવાદ વાત છે,એ નિયમ છે. પણ આપણા જીવનમાં ગ્રંથિઓ પડી જાય છે. કુંભકર્ણ કેટલી સુંદર વાતો કરે છે,એનું આપણે પતંજલિનાં સૂત્રો પ્રમાણે કાલે દર્શન કર્યું. અને પછી હું માનસના આ શબ્દોને આપની સામે રાખું છું-

**जड़ चेतनहिं ग्रंथि परि गई।**
**जदपि मृषा छूटत कठिनाई।**

**संत हंस गुन गहहिं पय परिहरि**
**बारि बिकार।।**

જેટલું મળે,જ્યાંથી સારી વસ્તુ મળે,એને પ્રાપ્ત કરી લેવામાં આવે. કેટલા મધુર શબ્દો કુંભકર્ણના કે હે ભાઈ,તું મને મળી લે,નેત્રોને સફળ કરું. આ શ્યામ ગાત, કમળલોચનને પામીને, રઘુવીરને પામીને હું ધન્ય થઈ જાઉં. કેટલી સીધી એની ગણતરી છે? પણ હવે પાછી ગ્રંથિઓ આવવા માંડી. આ ચૌપાઈઓનો પાઠ કરીએ-

**अब भरि अंक भेंटु मोहि भाइ।**
**लोचन सुफल करों मैं जाइ ।।**

**स्याम गात सरसीरुह लोचन।**
**देखो आइ ताप त्रय मोचन।।**

શ્યામસુંદર સ્વરૂપ, કમળ જેવાં નેત્રો, એવી છબીને જોઇશ. ત્રણે તાપને નષ્ટ કરનાર,તાપ ત્રય મોચન- એ એમનો ગુણ છે. **स्याम गात सरसीरुह लोचन!** (એ રૂપ છે. એમના રૂપ અને ગુણને સ્મરણમાં લાવી આ માણસ સમાધિ તરફ જઈ રહ્યો છે. પાછી રાવણે ગ્રંથિ પેદા કરી. ગોસ્વામીજી કહે છે,એક ક્ષણ માટે આ મગન થઈ ગયો હતો.

**राम रूप गुन सुमिरत मगन भयउ**
**छन एक।**

**रावन मागेउ कोटि घट मद अरु**
**महिष अनेक।।**

પ્રભુના રૂપ અને ગુણમાં એક ક્ષણ માટે માણસ સમાધિ તરફ ગતિ કરી ગયો હતો. રાવણે કેટલાયે ઘડા શરાબના મંગાવ્યા,અભક્ષ્યભક્ષ્ય ભક્ષણ માટે મંગાવ્યું અને એની સામે રાખી દીધું,બસ અહીંથી ગ્રંથિ શરૂ થઈ ગઈ. માણસની કેટલીયે ધારદાર સ્મૃતિ હરિ માટે હોય, પણ આહારશુદ્ધિ ન હોય તો સ્મૃતિવિક્ષેપ પડી જાય છે. **आहारशुद्धो सत्वशुद्धीः** છાંદોગ્ય ઉપનિષદ કહે છે જેનો આહાર શુદ્ધ એનું અંતઃકરણ શુદ્ધ, એનું સત્ત્વ શુદ્ધ રહે છે. જેનો આહાર મલિન છે એનું શુદ્ધ રહેતું નથી. આહાર શુદ્ધિ પર બહુ ભાર મૂક્યો છે.

- સંકલન : જયદેવ માંકડ ■

## શિવ રહસ્ય

# ભગવાન શિવ ને માતા પાર્વતી પ્રેમ કરતાંય વધુ સમર્પણથી પ્રસન્ન થાય છે

ભરત પટેલ
feedback@bombaysamachar.com

સુતપાને વરદાન આપી આકાશમાર્ગે કૈલાસ જઈ રહેલાં માતા પાર્વતીને દેવર્ષિ નારદ કહે છે, ‘માતા તમે એકલા પરિભ્રમણ કરી રહ્યા છો? પ્રભુ ક્યાં છે?’ માતા પાર્વતી કહે છે, ‘દેવર્ષિ નારદ! હું તમને જણાવી જ દઉં કે હું અરણ્યકના વનમાં ઋષિ મૃગંદુના પત્ની સુતપાને સાંત્વન આપી કૈલાસ જઈ રહી છું. પણ સાંત્વના આપીને હું પોતે પ્રસન્ન નથી, કારણ કે એક તેજસ્વી અને જગતનું કલ્યાણ કરનાર પુત્રની ઝંખના સેવતી સુતપાને ક્યારે પુત્ર પ્રાપ્ત થશે. ભગવાન શિવની કૃપા જ એની મનોકામના પૂર્ણ કરી શકે.’ આટલું કહી માતા પાર્વતી કૈલાસ તરફ પ્રયાણ કરે છે. બીજી તરફ કૈલાસ ખાતે ભગવાન શિવ માતા પાર્વતી અને દેવર્ષિ નારદની વાત સાંભળી સુતપાને ન્યાય આપવા તૈયાર થાય છે. થોડી જ ક્ષણોમાં માતા પાર્વતી કૈલાસ પહોંચે છે. ભગવાન શિવ કહે છે, ‘દેવી! તમારી અને દેવર્ષિ નારદની ચર્ચાનો અર્થ એ થાય છે કે મારે ઋષિ મૃગંદુની પત્ની સુતપાને તુરંત ન્યાય આપવો જોઈએ. તો ચાલો દેવી તમે ફરી મારી સાથે ચાલો.’ ભગવાન શિવ અને માતા પાર્વતી તુરંત અરણ્યકના વનમાં પહોંચે છે. ભગવાન શિવના દર્શન થતાં જ ઋષિ મૃગંદુ કહે છે, ‘પ્રભુ તમારા દર્શન પામી હું પ્રસન્ન છું, આદેશ આપો.’ ભગવાન શિવ કહે છે ‘ભક્ત મૃગંદુ તમારે હાલ તમારી તપસ્યા ભંગ કરી પત્ની સુતપાની ઈચ્છા પૂર્ણ કરવી આવશ્યક છે. ત્યારબાદ તમ યુગલની તપસ્યા પૂર્ણ થશે અને તમને શિવલોકની પ્રાપ્તિ પણ અવશ્ય થશે. તપસ્વીનું કર્તવ્ય સંસારના દરેક પ્રાણીમાત્રને પ્રસન્ન કરવાનું છે, નહીં કે હઠયોગથી કોઈને દુઃખ આપવાનું. તમારે લગ્ન કરતી વખતે વિચાર કરવો જોઈતો હતો. પત્નીની ઇચ્છાનો અનાદર યોગ્ય નથી. તમારું તપ તમારી પત્નીનાં દુઃખોનું કારણ થઈ ગયું છે. શિવસૃષ્ટિમાં આવા તપને કોઈ સ્થાન નથી. જાઓ પતિધર્મ નિભાવો અને દેવી સુતપાની આકાંક્ષાઓને પૂર્ણ કરો, તમારું કલ્યાણ નિશ્ચિત છે.’ બીજી તરફ બ્રહ્મલોક ખાતે બ્રહ્માજી દેવર્ષિ નારદને ઉપસ્થિત થવાનો સંકલ્પ કરે છે. દેવર્ષિ નારદ ઉપસ્થિત થતાં બ્રહ્માજી કહે છે, ‘દેવર્ષિ તમે જાણો જ છો કે સંસારચક્રમાં થનાર બદલાવનો એક ગર્ભિત ઈશારો ભગવાન શિવ દ્વારા તેમની શિવલીલા દ્વારા જણાવવામાં આવે છે. ભગવાન શિવ દ્વારા હાલમાં જ ઋષિ મૃગંદુને પતિ ધર્મનું પાલન કરવાનું જણાવતાં તેમની પત્ની સુતપા ગર્ભવતી બની છે. ઋષિ મૃગંદુની બ્રહ્મવ્રત તોડવાની અનિચ્છા એક અલ્પઆયુ બાળક સુતપાના ગર્ભમાં ઉછરી રહ્યો છે. અલ્પઆયુ એટલે ફક્ત પાંચ વરસ છ દિવસ, આ પવિત્ર યુગલ આ વાત જાણતા નથી. તમારે જ તેમને કહેવાનું છે.’ બ્રહ્માજીની આજ્ઞા થતાં જ દેવર્ષિ નારદ અરણ્યકના વનમાં ઋષિ મૃગંદુના આશ્રમ પહોંચે છે. દેવર્ષિને જોતાં જ ઋષિ મૃગંદુ કહે છે, ‘સુતપા અને મૃગંદુની કુટિરમાં આપનું સ્વાગત છે દેવર્ષિ, કહો તમારી શું સેવા કરીએ.’ દેવર્ષિ નારદ તેમને કહે છે, ‘શિવભક્ત મૃગંદુ પિતા બ્રહ્માજીનો એક સંદેશ આપવા આવ્યો છું.’ ઋષિ મૃગંદુ કહે છે, ‘કહો દેવર્ષિ પરમપિતાએ શું સદેશ આપ્યો છે.’ દેવર્ષિ નારદઃ ‘મને સંદેશ આપતા દુઃખ થાય છે, હે ઋષિવર, તમારી અનિચ્છાએ ગર્ભવતી બનેલી તમારી પત્ની સુતપા ફક્ત પાંચ વર્ષ છ મહિનાના આયુષ્ય ધરાવતા બાળકને જન્મ આપશે.’ આટલું સાંભળતાં જ ઋષિ મૃગંદુ કલ્પાંત કરી ઊઠે છે.



***

ઋષિ મૃગંદુઃ ‘દેવર્ષિ આવો સંદેશ મોકલી બ્રહ્માજી શું સંદેશ આપવા માગે છે?’

દેવર્ષિ નારદઃ ‘તમારા આ પ્રશ્નમાં જ બ્રહ્માજીના સંદેશનો ઉત્તર સમાયેલો છે. થોડીક ધીરજ ધરી બ્રહ્માજીના સંદેશનો વિચાર કરો, તમને ઉત્તર અવશ્ય મળી જશે.’

દુઃખી મૃગંદુ ઋષિ પોતાની કુટિરમાં પ્રવેશ કરતાં જ જુએ છે કે પત્ની સુતપા કલ્પાંત કરતી નજર પડે છે.

ઋષિ મૃગંદુઃ ‘સુતપા રડો નહીં, દેવર્ષિ નારદની સાથે થયેલો વાર્તાલાપ તમે સાંભળી લીધો લાગે છે.’

સુતપાઃ ‘સ્વામી શું કરું? માતા પાર્વતીએ આપેલા આશીર્વાદ અને તમે કરેલી શિવ આરાધનાનું ફળ શું આ અલ્પઆયુ પુત્ર છે? શું પૂજા-આરાધનાનું ફળ આવું હોઈ શકે?’

ઋષિ મૃગંદુઃ ‘સુતપા આવું ન બોલો, વિધાતાની લીલા કોણે જાણી છે. વિધાતાના નિયમોથી આપણે બંધાયેલા છીએ.’

સુતપાઃ ‘સ્વામી તમે જવાબ આપો કે તપ-ભક્તિ કરી આવું ફળ મળે તો કયા સંતાનના માતા-પિતા ભગવાનની ભક્તિ કરશે? તેઓ વિધાતાના ઘોર અન્યાય પર પ્રશ્ન નહીં ઉઠાવે.’

ઋષિ મૃગંદુઃ ‘સુતપા મેં તમને પહેલા પણ કહ્યું કે, વિધાતાના નિયમોથી આપણે બંધાયેલા છીએ. તેમના પર આરોપ લગાવી આપણને કાંઇ નહીં મળે. મળશે તો ફક્ત દુર્ભાગ્ય.’

સુતપાઃ ‘ઘણાં વર્ષોથી એકાંકી અને એકલવાયુ જીવન વિતાવ્યા બાદ માતા પાર્વતીના આશીર્વાદથી મળેલા પતિના પ્રેમથી અલ્પઆયુ પુત્ર મેળવી પ્રશ્ન ન ઉઠાવું તો શું કરું? વિધાતા મારા જીવનમાં સુખ લખવાનું જ ભૂલી ગયા છે. તમે કહો છો કે વિધાતા પર પ્રશ્ન ઉઠાવવાથી દુર્ભાગ્ય મળશે. જીવનમાં પુત્ર જ અલ્પઆયુ હોય એનાથી વધુ દુર્ભાગ્ય બીજું શું હોઈ શકે?’

ઋષિ મૃગંદુઃ ‘આપણા જીવનમાં આવનારી વિપદાને આપણે મક્કમતા અને હિંમતથી સ્વીકારવી રહી. આવનાર બાળકને એના જીવનમાં વધુમાં વધુ પ્રેમ આપી એની દરેક ઈચ્છા પૂર્ણ કરવી આપણી જવાબદારી છે. કદાચ વિધાતાની આવી જ કોઈ ઇચ્છા હશે.’

સુતપાઃ ‘તમે જે પણ વિચારતા હો તે મને માન્ય નથી, હું વિધાતાની ક્રૂરતાનો જવાબ આપવા જઈ રહી છું.’

ઋષિ મૃગંદુઃ ‘ભગવાન શિવના સાક્ષાત દર્શન અને ત્યારબાદ તેમની આજ્ઞા હતી કે પતિ ધર્મ નિભાવી તમારી આકાંક્ષાઓને પૂર્ણ કરવી. એ આજ્ઞાથી મને તમારી ભક્તિ અને સમર્પણતા માટે ગર્વ થયો હતો, એ ગર્વને ખંડિત ન કરો. આજ સુધી વિધાતા સાથે કોઈ લડી નથી શક્યું.’

સુતપાઃ ‘હું શું કરું સ્વામિ, જીવનભર મેં સમાજકલ્યાણી પુત્રની ઝંખના કરી અને હવે પુત્ર મળશે એ પણ અલ્પઆયુ! આવો અત્યાચારી અને ક્રૂર સંદેશ મોકલી બ્રહ્માજી શું કહેવા માગે છે.’

ઋષિ મૃગંદુઃ ‘સંદેશ આપતી વખતે દેવર્ષિ નારદે કહ્યું હતું કે, ઋષિ મૃગંદુ તમે પતિ-પત્ની શિવ શક્તિના પરમ ભક્ત છો. ભગવાન શિવ અને માતા પાર્વતી પ્રેમ કરતાંય વધુ સમર્પણથી પ્રસન્ન થાય છે. વિધાતાને દોષ આપી કંઈ લાભ નહીં થાય. ભગવાન શિવ અને માતા પાર્વતીને સમર્પિત થાઓ તમારી બધી મનોકામના પૂર્ણ થશે. બ્રહ્માજીનો સંદેશ મોકલવાનો ગર્ભિત ઈશારો એ હોવો જોઈએ કે હવે આપણે સમય વ્યતીત ન કરતાં શિવઆરાધના કરવી જોઈએ અને આવનારા પુત્રને પ્રેમથી સહર્ષ સ્વીકારી તેનો ઉછેર કરવો જોઈએ. માતા પાર્વતીએ તમને આશીર્વાદ આપ્યાં હતાં કે સમાજ અને જગતનું કલ્યાણ કરનાર પુત્ર પ્રાપ્ત થશે. તો તેમના આશીર્વાદ ક્યારેય મિથ્યા નહીં થાય. શિવ ભક્તિ જ આપણા પુત્રને અલ્પઆયુથી દીર્ઘાયુષ્ય તરફ લઈ જશે.’

ઋષિ મૃગંદુની વાત યોગ્ય લાગતાં બંને પતિપત્ની શિવઆરાધનામાં વ્યસ્ત થઈ ગયાં.

***

શિવ આરાધનામાં વ્યસ્ત ઋષિ મૃગંદુ અને સુતપાનો સમય વ્યતીત થવા માંડયો અને યોગ્ય સમય થતાં જ સુતપાએ પુત્રને જન્મ આપ્યો. ઋષિ મૃગંદુના આશ્રમમાં આનંદ વ્યાપી ગયો.

ઋષિ મૃગંદુઃ ‘સુતપા તમારો પુત્ર બહુ સુંદર છે, તમે એને શું કહી બોલાવશો.’

સુતપાઃ ‘તમારો પુત્ર છે તમારું નામ મૃગંદુ અને મૃગંદુનો પુત્ર માર્કંડેય હોય શકે. હું તેને માર્કંડેય કહીને બોલાવીશ.’

ઋષિ મૃગંદુ અને આશ્રમવાસીઓ નવજાત બાળકને માર્કંડેય કહી બોલાવવા લાગ્યા. સમય વ્યતીત થવા માંડયો. બાળક ધીમે ધીમે મોટા થવા માંડ્યો. ભયભીત ઋષિ મૃગંદુ અને સુતપા પુત્રના લાલન-પાલન અને શિવભક્તિમાં તરબોળ થઈ ગયાં.

(ક્રમશ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# કૈલાસ



કૈલાસ એ પર્વત શિખર નથી, દુનિયાનું સૌથી વિશાળ ઐશ્વરીય પ્રતીક છે. કૈલાસ એ પૃથ્વીનો ઊભરેલો ભૂખંડ નથી, 'ઉચ્ચતા'ને આંબવા માટેની પ્રેરણા છે. કૈલાસ એ નકશામાં આલેખાયેલું બિંદુ નથી, સૃષ્ટિના કેન્દ્રનું સૂચન છે. કૈલાસ એ રહેવાનું સ્થાન નથી, તે ઈશ્વરના અસ્તિત્વનું પ્રમાણ છે. કૈલાસ એ વર્તમાનની હકીકત માત્ર નથી, તે સર્જન અને પ્રલય - ભૂત અને ભવિષ્યને જોડતી કડી છે. એક સમયે ભલે એમ લાગે કે કૈલાસને માપી શકાય, પરંતુ કૈલાસનું પ્રભુત્વ અને તેનું આધ્યાત્મિક સામર્થ્ય અમાપ-અનંત છે. પામવાની અને 'સર' કરવાની વાત તો દૂર રહી, કૈલાસને સંપૂર્ણતામાં ન જાણી શકાય, ન સમજી શકાય, ન વિચારી શકાય કે ન અનુભવી શકાય. કૈલાસ એ પર્વત શિખર નથી, તે તો મહાદેવના અસ્તિત્વની સાબિતી છે.

લિંગ એ શિવજીનું પ્રતીકાત્મક સ્વરૂપ છે, તેનું પૂજન કરવાનું હોય, તેના પર ચઢાણ કરવાનું ન હોય. લિંગમાં શિવજીનો વાસ છે. પૃથ્વી પરનું સૌથી વિશાળ લિંગ કૈલાસ છે. કૈલાસની પૂજા કરવાની હોય, જે સ્વરૂપે શક્ય હોય તે સ્વરૂપે તેનો અભિષેક કરવાનો હોય, તેને પુષ્પ અને અન્ય સુગંધિત દ્રવ્ય અર્પણ કરવાનાં હોય, તેની સામે દીવો પ્રગટાવી આરતીનો ભાવ મનમાં લાવવાનો હોય, તેના અસ્તિત્વમાં શિવજીની ભવ્યતા તથા તેમનો વ્યાપ પ્રતીત કરવાનો હોય, અણઘડ સાકાર સ્વરૂપમાં વ્યક્ત થતી શિવજીની નિર્દોષતા માણવાની હોય, પ્રસરેલી શીતળતાને શિવજીની પ્રસાદી ગણવાની હોય, પ્રત્યક્ષ દેખાતી હિમ-સફેદીમાં વ્યક્ત થતી શિવજીની પવિત્રતા અનુભવવાની હોય, શિખર સુધી દ્રષ્ટિ પહોંચે તે માટે નજર ઊંચી પણ કરવાની હોય અને પછી નમ્રતાના ભાવ સાથે નજર ઝુકાવવાની પણ હોય.

એવરેસ્ટ શિખરને સર કરવાની ઈચ્છા પણ થાય અને તે ઈચ્છા પૂરી પણ થઈ શકે. પણ, કૈલાસને સર કરવાની ઈચ્છા છોડી દઈ શિવજીની 'વિશ્વતા'ને સ્વીકારવાની હોય, ભોળપણ યુક્ત શિવજીના સામર્થ્યને પ્રણામ કરવાના હોય, તાંડવ નૃત્ય દ્વારા સર્જાયેલ સૃષ્ટિની પ્રશંસા કરતાં કરતાં આ જ તાંડવ દ્વારા સંભવીત તેના પ્રલયની સ્થિતિની કલ્પના કરવાની હોય, સૃષ્ટિના દરેક અસ્તિત્વ માટે શિવજીના પ્રેમ અને કરુણાની અનુભૂતિ કરવાની હોય, જો થોડી ઘણી પણ નકારાત્મકતા ઊભરે તો ભયભીત થવાનું હોય તો ભક્તિમાં તરબોળ થઈ પૂર્ણ શાંતિ અને સંરક્ષણ અનુભવવાનું હોય, સૃષ્ટિની સમગ્ર દિવ્યતા જાણે એક સ્થળે એકત્રિત થઈ હોય તેને અનુભવવાની હોય, અને આ બધાં સાથે કૈલાસ સામે ઊભા રહીને હૃદયની અંદર મહાદેવના અસ્તિત્વની પ્રતીતિ કરવાની હોય,

શિવ મહિમ્નમાં જણાવ્યા પ્રમાણે દરેક વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણે જુદા જુદા માર્ગને અનુસરે છે. આ જ તર્ક જો આગળ લઈ જવામાં આવે તો એમ કહી શકાય કે કોઈકને કૈલાસ 'શિખર' જણાય તો કોઈકને તે મહાદેવના અસ્તિત્વની સાબિતી જણાય, પરંતુ આ બંને પ્રકારના લોકો જ્યારે પોતાની રુચિ અનુરૂપનું વર્તન કરે ત્યારે સત્ય પ્રતીત થાય. જે લોકોએ કૈલાસને શિખર સમજીને તેના પર ચઢાણ કરવાનો પ્રયત્ન કર્યો છે તે બધાં જ નિષ્ફળ રહ્યા છે. જ્યારે જે લોકોએ શ્રદ્ધાપૂર્વક કૈલાસને મહાદેવના અસ્તિત્વની સાબિતી માની છે તેમને તે પ્રકારનો અનુભવ થયો પણ છે. ઇતિહાસમાં આ બંને વાતો નોંધાઈ છે. અહીં જીત ભૌતિકતા વાદીની નહીં શ્રદ્ધાવાનની થઈ છે. આમ પણ સમગ્ર સૃષ્ટિ શ્રદ્ધાને આધારે પ્રતીત થાય છે.

જ્યારે કૈલાસની વાત થાય ત્યારે રાવણની એક વાત યાદ આવે. રાવણે કૈલાસને ઊંચકી લેવાનો પ્રયત્ન કરેલો હતો. આના પરથી કોઈ એવો તર્ક આપી શકે છે કૈલાસ એ ભૌતિક શિખર છે. આ ઘટના વાસ્તવિક કરતાં પ્રતીકાત્મક વધુ જણાય છે. કૈલાસ જેટલા વિશાળ શિખરને ઊંચકવા માટે વિશાળ તેમજ તાકાતવાન શરીર હોવું જોઈએ. રાવણ પાસે તાકાત અર્થાત ક્ષમતા તો હશે, પણ વિશાળતાની સંભાવના નથી. ત્રેતાયુગમાં માનવીનું પ્રમાણમાપ મોટું પણ હોઈ શકે પણ એટલું મોટું ન હોય કે જેનાથી પર્વત શિખર ઊંચકી શકાય. આ ઘટના પ્રતીકાત્મક, તેનો આધાર અહંકારયુક્ત ભાવાત્મક અને તેનું પરિણામ સંદેશાત્મક જણાય છે.

ઘણી વાતો પ્રચલિત છે. કહેવાય છે કે કેટલાક પર્વતારોહકોએ કૈલાસને સર કરવા પ્રયત્ન કરેલો પણ તેઓ બધાં જ નિષ્ફળ રહ્યા. ચઢાણ દરમિયાન આકસ્મિક રીતે તેમની ઉંમર વધતી જતી હતી, કલ્પનામાં ન આવે એવી અડચણ ઊભી થતી હતી, શરીર દરેક પ્રકારની ક્ષમતા ગુમાવી દેતું હતું, જ્ઞાનેન્દ્રિયો તેમજ કર્મેન્દ્રિયો શિથિલ થઇ જતી હતી અને જાણે કે શરીર મૃત્યુને આધીન થઈ જતું હતું. આ બધા પ્રયત્નો છોડી દેવાયાં. ક્યારેક હેલિકૉપ્ટર દ્વારા પણ કૈલાસને પામવાનો પ્રયત્ન થયો, તેનું પરિણામ પણ કંઈ હાથમાં ન આવ્યું. વિજ્ઞાન આ પ્રત્યેક ઘટનાને સમજાવવા અસમર્થ છે - એમ સ્થાપિત થઈ ચૂક્યું છે. તેથી કહી શકાય કે કૈલાસ, વિજ્ઞાનના બહારના વિસ્તારનો વિષય છે. અહીં શ્રદ્ધા અને ભક્તિનું પ્રભુત્વ છે. અહીં વિશ્વાસ અને સમર્પણનું પ્રાધાન્ય છે. આ વિશ્વ-ચૈતન્ય અને જીવાત્માના મિલનનું સ્થાન છે. અહીં પામર અને 'પરમ'ના સંયોગની સંભાવના છે. આ 'અનંત' અને તે અનંતના 'અંશ'ના મિલાપની સંભાવના સાર્થક કરતું સ્થાન છે.


કૈલાસ એ શિવ સાથે શક્તિનું પણ કેન્દ્ર છે. જે કૈલાસને અનુભવે તે શિવ-શક્તિને અનુભવે. જે કૈલાસને માને તે સૃષ્ટિના સર્જન અને સંતુલનને માને. જે કૈલાસ આગળ નતમસ્તક થાય તે સૃષ્ટિના 'પરમ' આગળ પોતાનું સમર્પણ વ્યક્ત કરે. જેને કૈલાસમાં શિવજીના દર્શન થાય તેને સંસારના દરેક કણમાં, દરેક અણુમાં શિવજી સાથે શક્તિની પ્રતીતિ થાય. આધ્યાત્મની આ પરમ સ્થિતિ છે.

ખબર નથી પડતી કે ધરતી પર કૈલાસ શિખર ટેકવાયેલ છે કે કૈલાસ શિખર પર ધરતી ટેકવાયેલી છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# સફળતા માટે સાધનોની શુદ્ધિ



ગત અંકમાં સફળતા માટે 'કર્તા'ના મહત્ત્વ વિષે જાણ્યું હવે 'કરણ' એટલે સાધનોની આવશ્યકતા અને શુદ્ધિ પર ભગવાન કૃષ્ણ ભાર મૂકી રહ્યા છે, તે સમજીએ...

એક યુવાન શિલ્પકાર હતો, તેની પ્રતિભા જોઈને લોકો આશ્ચર્યચકિત થતા. તે પત્થરમાંથી એવા સુંદર શિલ્પો બનાવતો કે જાણે તેમાં પ્રાણ પૂર્યા હોય. તેની પાસે એક શક્તિશાળી હથોડી હતી. આ હથોડીથી તે ઓછા સમયમાં વધુ કામ કરી શકતો હતો, પણ તેના પર રહેલી અશુદ્ધિને કારણે, તેના શિલ્પોમાં એક સૂક્ષ્મ ખામી રહી જતી હતી.

એક દિવસ તે શિલ્પકાર એક મહાન શિલ્પ ગુરુ પાસે ગયો અને પોતાના શિલ્પો બતાવ્યા. ગુરુએ ધ્યાનથી શિલ્પો જોયા અને કહ્યું, 'બેટા! તારી કળા અદ્ભુત છે, પણ તારા શિલ્પોમાં એક સૂક્ષ્મ ખામી છે, જે તેની સંપૂર્ણતાને નષ્ટ કરે છે. તારા સાધનો શુદ્ધ નથી.' ગુરુએ તેને સાધનોની શુદ્ધિનું મહત્ત્વ સમજાવ્યું અને એક નવી હથોડી આપી. યુવાને ધીરજ રાખીને, નવી અણીશુદ્ધ હથોડીથી કામ કરવાનું શરૂ કર્યું. હવે તેને વધુ સમય લાગતો હતો, પણ તેના શિલ્પો સંપૂર્ણ બનવા લાગ્યા. ધીરે ધીરે તે સમજી ગયો કે સાચી સફળતા ફક્ત પરિશ્રમમાં કે પરિણામમાં જ નથી, પરંતુ તે પરિણામ સુધી પહોંચવાના માર્ગની પવિત્રતામાં પણ રહેલી છે.

આ વાત આપણને ગહન સત્ય શીખવે છે કે કોઈ પણ ક્ષેત્રમાં સાચી અને કાયમી સફળતા મેળવવા માટે માત્ર લક્ષ્ય-ધ્યેય જ નહિ, પણ તે લક્ષ્ય સુધી પહોંચવાના સાધનો (માર્ગ) પણ સારાં, પવિત્ર અને શુદ્ધ હોવા જોઈએ. ભારતીય પરંપરા અને ધર્મગ્રંથોમાં આ સિદ્ધાંતને ઊંડાણપૂર્વક સમજાવાયો છે. મહાભારતના યુદ્ધમાં, દુર્યોધન પાસે વિશાળ સેના અને સંપત્તિ હોવા છતાં છળ-કપટ અને અધર્મ પર આધારિત તેની રણનીતિ અંતે તેના વિનાશનું કારણ બની. બીજી બાજુ, પાંડવોની સેના ઓછી હોવા છતાં, સત્ય અને ધર્મના માર્ગે ચાલવાની તેમની પ્રતિબદ્ધતાએ જ તેમને અંતિમ વિજય અપાવ્યો. ભગવદ્ ગીતા પણ કહે છે કે અસત્યના માર્ગે ચાલીને ક્યારેય સાચી સફળતા પ્રાપ્ત થતી નથી. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કર્તવ્ય અને કર્મનો માર્ગ સમજાવે છે. તેઓ ભારપૂર્વક કહે છે કે કર્મ કરવું અનિવાર્ય છે, પણ તે કર્મ કયા ભાવથી કરવામાં આવે છે તે ખૂબ મહત્ત્વનું છે. જો નિષ્કામ કર્મ એટલે કે જે કર્મ ફળની આસક્તિ વગર કરવામાં આવે તો એ એક પ્રકારની સાધનની શુદ્ધિ જ છે. જે કર્મ માત્ર સ્વાર્થ માટે કે ફળની લાલચથી કરવામાં આવે, તો તે બંધનનું કારણ બને છે. જ્યારે આપણું મન ઈર્ષા, અહંકાર, ક્રોધ અને લોભ જેવી નકારાત્મક વૃત્તિઓથી અશુદ્ધ હોય છે, ત્યારે આપણે ભલેને કોઈ પણ સફળતા માટે સાધનો જમા કર્યા હોય, પણ અંતિમ પરિણામ ઇચ્છિત નહીં જ આવે.

આમ જો આપણે ધ્યેય પ્રાપ્ત કરવા માટે અનૈતિક કે અશુદ્ધ માર્ગ અપનાવીશું, તો ભલે ટૂંકા ગાળાની સફળતા મળે, પણ તે કાયમી અને સન્માનજનક નહીં હોય. પરંતુ જો તે કર્મ કર્તવ્ય ભાવથી, પ્રામાણિકતાથી અને નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવે, તો તે મુક્તિ અને સાચી સફળતા તરફ દોરી જાય છે. આમ, સાધનની શુદ્ધિ અંતિમ વિજય માટે અનિવાર્ય છે. આપણા પૂર્વજો આને 'સાધ્ય' (લક્ષ્ય) અને 'સાધન' (માધ્યમ) બંનેની પવિત્રતા તરીકે જોતા. આ મનની શુદ્ધિ જ સાધન-શુદ્ધિનો મૂળભૂત આધાર છે. આ જ રીતે ભગવાન સ્વામિનારાયણે પણ ભક્તોને પાંચ મૂળભૂત સિદ્ધાંતોનું પાલન કરી નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા આપી હતી. વ્યસનમુક્ત જીવન, શાકાહાર, ચોરી ન કરવી, અનૈતિક સંબંધથી દૂર રહેવું અને મન, શરીર અને આત્માની શુદ્ધતા જાળવવી. આ સિદ્ધાંતો તમામ પ્રયત્નોમાં શુદ્ધ સાધનોનો પાયો બને છે.

પ્રમુખસ્વામી મહારાજે પણ આ જ સિદ્ધાંતને તેમના જીવનનો મંત્ર બનાવ્યો હતો. તેઓ કહેતા હતા કે,'સાધનશુદ્ધિ વગર સફળતા મળતી નથી.' તેમનું માનવું હતું કે ખોટા માર્ગથી મેળવેલી સફળતાનો કોઈ અર્થ નથી, કારણ કે તે આત્માને કલુષિત કરે છે અને સમાજને પણ નુકસાન પહોંચાડે છે.

ટાટા જેવા કોર્પોરેટ ઘરાનાઓએ દર્શાવ્યું છે કે નૈતિકતા પર ચાલીને પણ લાંબા ગાળાની સફળતા મેળવી શકાય છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ૨૦-વર્ષના અભ્યાસે પણ આ જ તથ્યને પુષ્ટિ આપી છે. અભ્યાસમાં જણાયું કે જે MBA સ્નાતકોએ તેમની કારકિર્દીમાં નૈતિક સિદ્ધાંતોનું સમાધાન ન કરતાં, શુદ્ધ સાધનોનું અનુસરણ કર્યું, તેઓએ લાંબા ગાળે વધુ સંતોષ, આર્થિક સફળતા અને નેતૃત્વના ઉચ્ચ પદો પ્રાપ્ત કર્યા. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં, ઘણી વાર લોકો સફળતા માટે શોર્ટકટ અપનાવે છે. અપ્રામાણિકતા, છેતરપિંડી, ભ્રષ્ટાચાર અને અનૈતિક માર્ગોનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ આ પ્રકારની સફળતા ક્ષણિક હોય છે. લાંબા ગાળે, તેના ખરાબ પરિણામો ભોગવવા પડે છે. આમ, સાધનની શુદ્ધિ એ સફળતાનો સાચો પાયો છે. તે માત્ર અંતિમ પરિણામને જ નહીં, પરંતુ વ્યક્તિના ચારિત્ર્યને પણ ઉજાગર કરે છે. ભગવદ્ ગીતાનો નિષ્કામ કર્મનો સિદ્ધાંત, ભગવાન સ્વામિનારાયણનો સાધના માર્ગ આ બધા એક જ વાત તરફ ઇશારો કરે છે કે ધ્યેય ભલે મહાન હોય, પણ તેને પ્રાપ્ત કરવાનો માર્ગ પણ શુદ્ધ હોવો જોઈએ. કારણ કે, સાચી સફળતા એ છે જે મુક્તિ અને આત્મસંતોષ સાથે પ્રાપ્ત થાય. ■

પર્વચક્ર

ડૉ. ભાનુબેન કે. વ્યાસ
feedback@bombaysamachar.com

# મહાશિવરાત્રિઃ ભજી લો ભોળાનાથને

મહાશિવરાત્રિ એટલે ધર્મનિષ્ઠ, સત્યવ્રતધારી હરણાંના સ્મરણનો દિવસ. એકાદશીના તહેવારને વૈષ્ણવોએ લોકપ્રિય બનાવ્યો છે તો ગણનાયકના ઉપાસકો વિનાયકી અને સંકષ્ટી ચતુર્થીના વ્રતકારણે છે; દેવીના ઉપાસકો અષ્ટમીના વ્રતનું માહાત્મ્ય કરે છે તો શિવભક્તોએ શિવપૂજાનો મહિમા કર્યો છે. શિવરાત્રિ આમ તો દર મહિને કૃષ્ણપક્ષની ચતુર્દશીને દિવસે આવે છે. જેમ એકાદશીઓમાં પણ કાર્તિકી અને આષાઢી મહા એકાદશીઓ છે, તેમ માઘ મહિનામાં આવતી કૃષ્ણપક્ષની ચતુર્દશી એ મહાશિવરાત્રિ કહેવાય છે.

મહાશિવરાત્રિ એ ઉત્સવ નહીં, પણ વ્રત છે. મહા વદ ચૌદશ કૃષ્ણપક્ષની એક ઘોર રાત્રિએ એક ભૂખ્યો પારધી પોતાના બચ્ચાંની ભૂખ શમાવવા ઘોર જંગલમાં શિકાર કરવા માટે પ્રવેશ્યો. ત્યાં દૂર તળાવ કાંઠે એક બીલીનું ઝાડ હતું. એ ઝાડની નીચે પાષાણ રૂપમાં મહાદેવનાં દર્શન પારધીને પહેલી જ વખત થયાં. શિકાર ન મળે ત્યાં સુધી ઘેર પાછા ન જવું એવી મનોમન હઠ પકડીને એ તળાવ પાસેના બીલીના ઝાડ પર ચડીને વિચાર કરતો બેઠો. કૃષ્ણપક્ષની ઘનઘોર રાત્રે કશું દેખાતું ન હોવાથી એણે તળાવ તરફ જોવા માટે આડાં આવતા બીલીપત્ર તોડી તોડીને ફેંકવા માંડ્યા. ત્યાં જ પાણી પીવા આવતા બે-ચાર હરણા પર એની દૃષ્ટિ પડી. પારધીને બાણ ચડાવતો જોઈને હરણાં ચમક્યાં. મરતાં પહેલાં બાળબચ્ચાંને મળવા જવા માગણી કરી. સૂર્યોદય પહેલાં પાછા આવવાનું વચન આપી હરણાં વિદાય થયા. પારધી રાહ જોતો રહ્યો, બીલી ઉપર ચડેલ પારધી રાહ જોતાં જોતાં બીલીનાં પાંદડાં અમસ્તા જ તોડીને નીચે ફેંકે અને એ પાંદડા નીચે શિવલિંગ પર પડે. પારધીને અનાયાસ જ પુણ્ય પ્રાપ્તિ થતી ગઈ. આખા દિવસનો ઉપવાસ, જાગરણ, અને સહજ ભક્તિનું પુણ્ય! સૂર્યાસ્ત સમયે હરણાંના કુટુંબ પાછા ફર્યા અને પારધીના આશ્ચર્ય વચ્ચે જ વધ કરવા માટે તેમની ડોક લંબાવી ઊભા રહ્યા ત્યારે પારધીના ચર્મચક્ષુ ખૂલતા એ પોતે જ ઝાડ પરથી નીચે ઊતર્યો અને હરણાંને પગે લાગ્યો. બે પગવાળો માનવ, ચાર પગવાળાં હરણાને પગે લાગ્યો! આ સમયે આકાશમાંથી શ્વેત પુષ્પોની વૃષ્ટિ થઈ. કૈલાસથી વિમાન ઊતરી આવ્યું અને કલ્યાણકારી શિવરાત્રિનું માહાત્મ્ય ગાતાં ગાતાં પારધી અને હરણાં શિવલોક સિધાવ્યા. એ હરણાં અને પારધી આજે પણ મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રકાશતાં રહે છે.

આ ભક્તિગાથામાં હૃદયસ્પર્શી ભાવના છે. બલિદાન, સત્યપરાયણતા, પ્રતિજ્ઞાપાલનનો મહિમા છે. માતૃત્વ અને દિલની અમીરી-આગળ હિંસાવૃત્તિ ઓગળી જાય છે અને ધર્મશક્તિને પ્રતાપે ચર્મચક્ષુનું રૂપાંતર દિવ્યચક્ષુમાં થાય છે.

પારધી અને હરણાંના જીવનમાં ધર્મનું નામ પાડ્યા વિના ધર્મ હતો, મંદિર વિના પૂજા હતી, વેદી વિના યજ્ઞ હતો. સેવા ફરજ અને ધર્મ કોઈ પણ પ્રકારના અભિમાન વિના પ્રકટ્યાં. શિવની પૂજા માટે સાચું જ કહ્યું છે કે 'શિવો ભૂત્વા શિવં યજેત' શિવ બની શિવની ઉપાસના કરવી જોઈએ. શિવ એ જ્ઞાનના દેવ છે. તેમના મસ્તકમાંથી જ્ઞાનગંગા સતત વહેતી રહે છે. જ્ઞાનના ઉપાસકે શિવજીની ઉપાસના કરવી જોઈએ. તેઓ શ્વેત હિમાલય પર બેઠા છે. એ પણ સૂચક બાબત છે. ચારિત્ર્યની શુદ્ધિ હોય તો જ જ્ઞાન શોભી ઊઠે. શિવજી ખૂબ ઊંચાઈએ બેઠેલા છે તેઓ આપણને એ પણ બતાવે છે કે કલ્યાણને પામવા માટે જીવનની ચોક્કસ ઊંચાઈએ પહોંચવું જ જોઈએ. આવી ઊંચાઈએ પહોંચવાની વાત મુશ્કેલ છે. કઠણ સાધનાના અંતે જ ઊંડાઈ સિદ્ધ થાય છે. શિવજી એ ત્રિલોચન પણ છે. એમણે પોતાની ત્રીજી આંખથી કામદહન કર્યું. આ ઘટના દ્વારા એ જ સૂચવ્યું કે કે કામના કે વાસનાનું દહન કર્યા વિના સાચું જ્ઞાન મળતું નથી. અનાસક્ત થઈએ તો જ સાચી ભક્તિના



આરાધક થઈએ.

મહાશિવરાત્રિ ભગવાન શિવનો મહિમા અનેક રીતે કરે છે. શિવજી માત્ર વલ્કલધારી કે અલ્પવસ્ત્રધારી બન્યા. એમણે દેહ પર ભસ્મ ચોળી છે. શિવ જેટલી સાદગી અન્ય કોઈ દેવમાં નથી. આ હકીકત પણ એ વાત પર પ્રકાશ પાડે છે કે સાચા જ્ઞાનાર્થીનું જીવન સાદગી, સરળના અને સહજતાભર્યું હોવું જોઈએ. શિવજી માટે તો વિભૂતિ એ જ વૈભવ હતો. જ્ઞાનીઓ પણ સામાન્યત પોતાનો વૈભવ માનવો જોઈએ. તેમના હાથમાંનું ત્રિશૂળ સજ્જનોનું રક્ષક જ્યારે દુર્જનોનું સંહારક બને છે. એમને ભોળાનાથ કહ્યા છે, એનો અર્થ એ જ કે એ ભોળા લોકોના નાથ છે. સંહારના આ દેવતાએ દુષ્ટોનો અને જરીપુરાણી વ્યવસ્થાનો સંહાર કરી એક નવા જ વિશ્વનું નિર્માણ કર્યું છે. પૂજ્ય શ્રી પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજીએ નોંધ્યું છે તેમ, 'સંસ્કૃતમાં સંહારનો અર્થ શણગાર કે સજાવટ એવો પણ થાય છે. સર્જન અને વિસર્જન એ બન્નેના સહયોગથી સૃષ્ટિની સજાવટ સુંદર લાગે છે.'

તેમના હાથમાંનું ડમરુ એ જ્ઞાનનું ઉદ્ગાતા છે. મહર્ષિ પાણિનિને એમના જ્ઞાનના બીજમંત્રો ડમરુના અવાજમાંથી પ્રાપ્ત થયા હતા, એવી દંતકથા છે. આ શિવજી જગત અને જીવનનાં ઝેર પીને નીલકંઠ બન્યાં. સૃષ્ટિના કલ્યાણ માટે એમણે ઝેર પીધું. તેમણે બીજના ચંદ્રને મસ્તક પર ધારણ કરી એ બતાવ્યું કે જ્ઞાનીના મસ્તકે તો બીજની શીતળતા જ હોય. શિવાલયમાં નંદી અને કાચબાને પણ મહત્ત્વનું સ્થાન છે. તે પહેલા પૂજાય છે. નંદી એ પરમાત્માનું વાહન છે. આવું વાહન પૂજ્ય બન્યું કાચબો સંયમનું પ્રતીક છે. શિવ હોય તો ત્યાં સંયમ હોય અને એ સંયમના પ્રતીકની પૂજા પણ હોય.

પુષ્પદંત નામના કવિએ શિવમહિમ્નસ્ત્રોત લખ્યો છે. શિવનિર્માલ્ય એટલે શિવજીને ચડાવેલ વસ્તુ. ફૂલોની ચોરી કરવા જતી વખતે પુષ્પદંત અજાણતા શિવનિર્માલ્યને ઓળંગી જાય છે તેથી તેની અદૃશ્ય થવાની શક્તિ નાશ પામે છે. શક્તિહીન બનેલ તે ગંધર્વ, ભગવાનના મહિમાનું ગાન કરતાં જે સ્તુતિ રચે છે તે જ શિવમહિમ્ન સ્ત્રોત્ર. શિવકૃપાએ તેની શક્તિ પાછી આવે છે. જે કાર્ય કે જીવન પ્રભુ પર ચડી ગયાં હોય તે બધાં જ શિવનિર્માલ્ય ગણાય. તેવાં મહાન કાર્ય કે જીવન માટે ગમે તેમ બોલવું એ પાપ જ ગણાય. આવું પાપ કરનારની બધી જ શક્તિ નાશ પામે છે.

મહાશિવરાત્રિએ આપણા જીવનમાં એક નવી જ કેડી રચી આપનાર પર્વ છે. હરણાં પણ આપણા જીવનને અવનવો બોધ આપે છે. સહજપણે જ આરતી ઉતારે છે. આપણે સહુએ સમભાવથી જીવવાનું છે. સૃષ્ટિના પ્રત્યેક તંતુ સાથે આત્માના તાર જોડી સાચી મહાશિવરાત્રિ મનાવવાની છે.

એકતાના બે પ્રતીક - શિવરાત્રિ - શબે બરાત - વિશે જાણવા જેવું વિચારવા જેવું છે. શબે બરાત અને શિવરાત્રિ એ એકતાના જીવંત ઉદાહરણ છે. બંને તહેવારોમાં 'રાત' શબ્દ સંકળાયેલો છે. 'શબે બરાત' એટલે પ્રસન્નતાની રાત અને શિવરાત્રિ એટલે શિવ સાથે સંલગ્ન રાત. હિન્દુ ધર્મમાં માનનારાઓ કે શિવભક્તો જેમ રાત્રે શિવજીની આરાધના અને સાધના કરીને શિવરાત્રિની ઉજવણી કરે છે, તેવી જ રીતે મુસ્લિમ બંધુઓ 'શબે બરાત' મનાવે છે. મુસ્લિમ બંધુઓ માટે દુઆ માગવાનું સ્થાન કબ્રસ્તાન છે અને શિવ સ્મશાનના દેવતા હોવાથી તેમના પૂજા-પાઠ પણ ત્યાં જ થાય છે. સૂફી સંતો જ્યારે ભારતમાં ઈસ્લામ ધર્મ લઈને આવ્યા ત્યારે તેઓએ દેવી-દેવતાઓની પૂજાનાં સ્થળોએ કબરની પૂજા કરી દીધી હતી. સમાધિ કે દરગાહમાં મંદિર જેવું જ વાતાવરણ હોય છે. જેમ દેવદેવીઓને અમુક સમયે કોઈ દૂધ કે પછી કોઈ સ્થળે કેસર તથા અન્ય સુંગધિત વસ્તુઓને પાણીમાં નાખીને તેમને સ્નાન કરાવવામાં આવે છે, તેવી જ રીતે દરગાહો ઉપર જ્યારે વાર્ષિક ઉર્સ ભરવામાં આવે છે ત્યારે કબરોને સ્નાન કરાવવામાં આવે છે. મંદિરોમાં દેવ-દેવતાઓ સમક્ષ ફૂલ અર્પણ કરવામાં આવે છે, તેમ કબરો ઉપર પણ ફૂલ ચડાવાતા જોવા મળે છે. અગરબત્તી, ચંદન કે અન્ય પ્રકારની સુંગધિત વસ્તુઓનું દહન કરીને સુવાસ પ્રસરાવવાનો રિવાજ મંદિર અને દરગાહમાં સમાન છે. ગુજરાત, રાજસ્થાન, મારવાડમાં શબે બરાતના દિવસે માંસાહાર થતો નથી, પરંતુ કુટુંબની વયોવૃદ્ધ મહિલાઓ ઉપવાસ કરે છે. છાણ વડે ચોક લીંપવામાં આવે છે અને પાણીનું નવું માટલું લાવીને મૂકવામાં આવે છે. આ દિવસે ખાસ કરીને રવાનો હલવો બનાવવામાં આવે છે. શિવરાત્રિ ગરમીની ઋતુનો પ્રથમ દિવસ હોવાથી પાણીનું નવું માટલું લવાય છે. શિવરાત્રિના સમય વળતે જ ઘઉંનો પાક તૈયાર થઈ જાય છે, તેથી ઉત્તર ભારતમાં ઘઉંનો રવો બનાવીને તેનો હલવો બનાવવાનો રિવાજ છે. ચોકનું લીંપણ કરવું ભારતીય તહેવારોની પરંપરા છે. એક તો રહેઠાણ પવિત્ર બની જાય છે અને બીજું ગરમીમાં તે શીતલ રહે છે. અરબસ્તાનનું કલ્પવૃક્ષ ખજૂર છે, પરંતુ સૂફીઓએ શિખવાડ્યું કે ભારતનું કલ્પવૃક્ષ નારિયેળ છે. તેથી દરેક શુભ પ્રસંગે નારિયેળ વડે શુભારંભ કરાય છે. ગુજરાતમાંથી ધર્મપરિવર્તન કરીને આપેલા દાઉદી વહોરા, ખોજા દરેક તહેવારમાં નારિયેળનો ઉપયોગ કરે છે. લગ્નનાં માંડવાથી માંડીને પુત્રીને વિદાય અપાય ત્યાં સુધી પિતા તેના હાથમાં નારિયેળ મૂકે છે.

'પર્વચક્રઃ આપણાં ઉત્સવો' પુસ્તકમાંથી સાભાર.
પ્રકાશકઃ એન. એમ. ઠક્કરની કંપની.■

ટૂંકું ને ટચ


કમલેશ હરિપ્રસાદ દવે
feedback@bombaysamachar.com

# હરિપ્રિય ભાવઊર્મિ...

પ્રભુ-પરમાત્માને પ્રકાશ-તેજ-તેજસ્વિતા પ્રિય છે. આનંદસ્વરૂપ પ્રભુનાં મનોહર પ્રિયભાવો, ભાવઊર્મિઓ અને મધુરભાવો છે - દયાભાવ, કરુણાભાવ, પ્રેમભાવ અને સમર્પિત ભક્તિભાવ. પરમાત્મા માટે કહેવાયું છે - પ્રભુ દયાનાં સાગર છે, પ્રભુ પાસે સાગર જેટલી વિશાળ દયાભાવના છે - કરુણાભાવ છે. વળી - પરમાત્મા સાથે પ્રાયશ્ચિત કરેલ માનવ દોષભાવો સ્વીકારે ત્યાં દયાભાવે પ્રભુ માનવને પુણ્યશાળી આત્માની જીવનયાત્રા કરાવે છે - પાપો - દોષનાં પ્રાયશ્ચિતે! પરમાત્માનું સ્વરૂપ આનંદસ્વરૂપ - શાંત પ્રસન્ન થાય છે. પ્રભુને આનંદ અને પ્રસન્નતા વ્હાલાં અને પ્રિય છે. 'સત્ - ચિત્ - આનંદ' એ પ્રભુનો પરિપૂર્ણભાવ છે. હરિકૃષ્ણનો પ્રિયભાવ એ વ્રજની ગોપીઓ સાથેની લીલા છે જ્યાં નિર્મળ, નિજાનંદ પ્રેમભાવ - પ્રેમરસની અનુભૂતિ છે. શ્રીહરિ કૃષ્ણનો વ્રજની ગોપીઓ સાથેનો પ્રકટભાવ 'કૃષ્ણ - ગોપીઓ રાસ-લીલા' છે જે 'હરિપ્રિયા રાસ-લીલા' કે 'કૃષ્ણ પ્રિયા રાસલીલા' બને છે, વળી - પ્રભુને સમર્પિત શ્રદ્ધાવાન હરિભક્તો પ્રિય છે માટે સાચાં ભક્તોનું પ્રભુ સ્વયં પ્રકટ થઈ કરુણાભાવે રક્ષણ કરે છે જેના ઈતિહાસનાં પાત્રો ભક્ત નરસિંહ મહેતા અને દ્રૌપદી છે. વિશેષ ટાંકું તો - જગતમાં જ્યાં જ્યાં સત્યપ્રીતિ, ધર્મપ્રીતિ, પ્રેમપ્રીતિ, ન્યાયપ્રીતિ અને નીતિ છે ત્યાં સત્વગુણોનાં સદ્ભાવે હરિપ્રભુ આનંદે આનંદે પ્રિયભાવો ધારણ કરી સ્થાયી સ્વરૂપે બિરાજે છે.

**પ્રાકટ્ય હરિભાવ**

- પ્રભુ શ્રીરામે શબરીનાં બોર પ્રેમથી મધુરભાવે ગ્રહણ કર્યા એ હરિપ્રિય પ્રેમભાવ છે. - શ્રીકૃષ્ણની સખા સુદામા પ્રત્યેની મિત્રતા-બાળદોસ્તી એ હરિપ્રિય કૃષ્ણ - સુદામા સખાભાવ સ્વરૂપે પ્રકટ છે! ■



અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# સંત કવિ નથુરામ વિપ્રની વાણીમાં રાયાણીનો વિલાપ



મુંબઈ સમાચારની દર સોમવારે પ્રકાશિત થતી 'ધર્મતેજ' પૂર્તિમાં વરસોથી 'અલખનો ઓટલો' કોલમમાં મધ્યકાલીન સંતકવિઓના પ્રમાણભૂત પરિચય સાથે લોકકંઠે સચવાયેલાં ભજનોના શુદ્ધ પાઠ અપાતા રહે છે. એ વાંચીને અનેક ભજનિકો, ભજન કલાકારો, સાહિત્યના સંશોધકો, કથાકારો અને વયોવૃદ્ધ વાચકો ફોન અને પત્રો દ્વારા પોતાનો રાજીપો વ્યક્ત કરતા રહે છે. ધીરેધીરે આપણા લોકજીવનમાંથી લુપ્ત થઈ રહેલ ભવ્ય વિરાસતને અંકે કરવાના આ પ્રયાસને વિદ્વાનો પણ બિરદાવતા રહે છે. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા આ કોલમમાં પ્રકાશિત સામગ્રીમાંથી 'ગુજરાતી સંતસાહિત્ય ખંડ-૧,૨ ગ્રંથ ૨૦૨૩માં પ્રકાશિત થયેલ જેમાં ૨૦૫ જેટલા સર્જક સંતોનો વર્ણાનુક્રમે પરિચય અને ૭૫૦થી વધુ ભજન રચનાઓના શુદ્ધ પાઠ અપાયેલા. આ પુસ્તકને ગુજરાત સા.અકાદમી તરફથી ૨૦૨૩ના શ્રેષ્ઠ પુસ્તક તરીકેનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલું.

અંધેરી- વેસ્ટ મુંબઈમાં રહેતા સ્નેહી- ભજનપ્રેમી જયંતીલાલ વી. શાહે છેક ઈ.સ.૧૯૮૮માં ૩૨ જેટલાં જૂનાં ભજન સંપાદનગ્રંથોના સંદર્ભ સાથે આકાશવાણી દ્વારા પ્રસારિત થતાં ૩૦૭ જેટલાં ભજનોનો એક ચોપડો તૈયાર કરેલો અને એની આગળ મારા દ્વારા એ સમયે લખાયેલ 'સૌરાષ્ટ્રનું સંત સાહિત્ય' શીર્ષકથી ભજન સાહિત્યના સમગ્ર પરિચય કરાવતા લેખની નકલ સામેલ કરેલી. એ આખા ચોપડાની ઝેરોક્સ નકલ બાઈન્ડ કરાવીને મને પણ મોકલી આપેલી. એકવાર મુંબઈમાં એમની નાનકડી કિરાણાની દુકાને પણ હું ગયેલો અને રૂબરૂ મળેલો. એના સાડત્રીશ વરસ પછી આજે પણ તેઓ આકાશવાણીના વિવિધ કેન્દ્રો પરથી પ્રસારિત થતાં ભજનો-સંતવાણી કાર્યક્રમો સાંભળતા રહે છે અને એનું મોબાઈલ ધ્વનિમુદ્રણ કરીને મને વોટસએપ પર મોકલતા રહે છે. હમણાં થોડા સમય પહેલાં જ તેમણે સંતકવિ નથુરામ વિપ્ર રચિત અને આપણા જૂના ભજનિક સ્વ. મોહનલાલ રાયાણી દ્વારા ગવાયેલાં આકાશવાણી ભૂજ પરથી પ્રસારિત થયેલાં બે ભજનો મોકલી આપેલાં.

શ્રી મોહનલાલ છગનલાલ રાયાણી સોનગઢ (જિ. ભાવનગર)ના વતની હતા. દરજી જ્ઞાતિમાં તેમનો જન્મ ઈ.સ.૧૯૦૪માં થયેલો. અને તા. ૬-૩-૧૯૮૪ના રોજ અવસાન પામ્યા. આકાશવાણી રાજકોટનો પ્રારંભ એમનાં ગાયેલાં ભજનોથી થયેલો. પોતે એકત્ર કરેલાં ૮૦૦ જેટલાં ભજનોની દસ નોટબુકો એમણે તૈયાર કરેલી, જેમાંથી સુપ્રસિદ્ધ લોકસાહિત્યવિદ્ જોરાવરસિંહ જાદવ દ્વારા 'સંત સુધા-૧' નામે ૧૧૬ ભજનોનું સંપાદન ઈ.સ.૧૯૮૯માં પ્રકાશિત થયેલું. પછી એ નોટબુકો જોરાવરસિંહબાપુએ આનંદઆશ્રમ સંત સાહિત્ય સંદર્ભ ગ્રંથાલયમાં મોકલી આપી. એમાંથી સંતવાણીની અનેક રચનાઓનાં કંઠસ્થ પરંપરામાં જળવાયેલાં પાઠાંતરો પ્રાપ્ત થાય છે. એમના ૠણસ્વીકાર સાથે એ બંને ભજનોના શુદ્ધ પાઠ અહીં આપ્યાં છે. ઉપરાંત નથુરામ વિપ્રનાં અન્ય ભજનો પણ આપ્યાં છે...

**કરવો છે મજરો કાયા ફૂલ કેરો ગજરો,**
**પિયુડા આ દિન ર્યો તો મારે કરવો મજરો...**
**કાયા રે વાડીના ફૂલ કરમાવા લાગ્યાં પ્રાણી કેસર મટીને થિયો કાજળ ડુંગરો...**
**બારી, અટારી, દિસે ઝાંખા ઝરૂખા પાણી જુઓને વિચારી તારો જૂનો પિંજરો**
**-પિયુડા આ દિન રયો તો મારે કરવો મજરો..૦**
**પ્રીતું લગાડી અમને પરવશ મેલ્યા પ્રાણી લૂંટવા તે લાગ્યો ઓલ્યો વેરી જમરો..**
**નથુરામ કયે છે મિથ્યા જાવું રે એકલડું પ્રાણી તમે ચિંતા મેલી સીતારામને સમરો...**
**સાચે દિલથી તમે શ્યામને સમરો..**
**-પિયુડા આ દિન રયો તો મારે કરવો મજરો...૦**

***

**રૂવે ધ્રુસસડે બાળો બાંધેલ જીવડો**
**રયો ને રયો ને આજનો દિન રો,- બંકા રૂવે ધ્રુસકે બાળા બાંધેલ જીવડો... ૦**
**સૂનાં રે મંદિરિયામાં કાંઈ નવ સૂઝે પ્રાણી**
**દીવેલ ખૂટ્યું ને ઓલ્યો મૂંઝાયેલ દીવડો..**
**- બંકા રૂવે ધ્રુસકે બાળા બાંધેલ જીવડો... ૦**
**ઘોર અંધારે અમને ઘાયલ કીધાં પ્રાણી**
**આથમિયો ભાણ ને ભૂંડો દીસે છાંયડો..**
**- બંકા રૂવે ધ્રુસકે બાળા બાંધેલ જીવડો... ૦**
**બેડીમાં બેસારી અમને મહાજળ મેલ્યાં પ્રાણી**
**અધવચે જાતાં ઓલ્યો ખૂટેલ ખારવો..**
**- બંકા રૂવે ધ્રુસકે બાળા બાંધેલ જીવડો... ૦**
**નથુરામ કયે છે નિશ્ચે, જાવું રે એકલડું પ્રાણી**
**સાચે દલેથી, સીતા રામને સમરો..**
**- બંકા રૂવે ધ્રુસકે બાળા બાંધેલ જીવડો... ■**

# મૂળભૂત સત્યને ભાખતા દુહા

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay
samachar.com



દુહો બધાને ખૂબ ગમે છે, દુહાને બધા ચાહે છે એની પાછળનું મૂળભૂત કારણ એમાં સનાતન સત્ય ભંડારાયેલું હોય છે. ભાવકને દુહો આવા કારણથી બહુ ભાવે છે અર્થાત્ ગમે છે. આવા કારણે દુહાને લોકપ્રિયતા પણ ખૂબ જ પ્રાપ્ત થઈ છે. એમાંનો ભાવબોધ ભાવકના-સમાજના ચિત્તને ઘડતો હોય છે. દુહાનું ભાવવિશ્વ આવા કારણે માત્ર અર્થપૂર્ણ જ નહીં હૃદયસ્પર્શી પણ બની રહેતું હોય છે. આવા થોડાં દુહા આસ્વાદીએ.

**ધીર ધરો મનમાં સદા, સહન કરો દુ:ખપાત**
**સુખ દુ:ખ આવે ને જાય છે, જયમ આવે દિનરાત.**

મનમાં-હૃદયમાં સદાય ધીરજ ધારણ કરવી અને દુ:ખને દુ:ખદ પ્રસંગોને સહન કરવા. જીવનકાળ દરમ્યાન સુખ અને દુ:ખનું તો આવાગમન થતું જ રહે છે. જે રીતે દિવસ અને પછી રાત્રી આવે છે. એટલી જ સહજતાથી સુખ અને દુ:ખ માનવ જીવનમાં આવતા હોય છે.

જીવનમાં કષ્ટદાયી સમયને સ્વીકારી લેવો અને ધૈર્ય ધારણ કરવું કષ્ટદાયી સમય દૂર થાય એની રાહ શ્રદ્ધા ધારણ કરીને જોવામાં શાણપણ ડહાપણ છે. એવી ભારે મોટી શીખામણ આ દુહા દ્વારા સાંપડે છે. આવા ભાવને ભાખતો બીજો એક દુહો આસ્વાદીએ.

**ધન જોબ અરુ ઠાકરી, એની ઉપર અવિવેક,**
**એ ચારે ભેળા હુવે, અનરથ કરે અનેક**

પૈસા હોય, યુવાની હોય અને રજવાડું-ઠકરાત-રાજવીયણું હોય અને એમાં પાછો અવિવેક ભળે. આ ચારના મેળાપથી ઘણાં અનર્થો ઊભા થાય.

અહીં દુહા દ્વારા માણસને કુમાર્ગે-કુછંદે વાળનારા ચાર પરિબળોને દર્શાવાયા છે. ધનવાન, યુવાની અને રાજસત્તા પોતે જ મદ-અભિમાનના પ્રાગટયરૂપ ગણાય છે. પણ આમાં જો અવિવેક ભળ્યો એટલે ખલાસ. મૂળવાત વિવેકપૂર્ણ વ્યક્તિમત્તાને કેળવવાની છે. બીજા એક દુહામાંથી પ્રગટતો સનાતન ભાવબોધ અવલોકીએ.

**પસ્તાવો નર નીર્મળું, કરે હૃદયપટ સાફ,**
**ક્ષમા યાચના વહી જતો, દિલનો ગંદો બાફ.**

માણસ જો ખોટા કાર્યનો પસ્તાવો, પશ્ચાતાપ કરે તો માણસ એથી નિર્મળ થઈ જાય છે અને એનું ચિત્ત સાફ થઈ જાય છે. આ ઉપરાંત જો ક્ષમા-માફી-માગવામાં આવે તો હૃદયમાં જે ગંદુ-ગોબરું અગ્નિરૂપ-બાફ ઉદ્ભવ્યો હોય એનો પણ નાશ થાય છે. આમ પશ્ચાતાપ અને ક્ષમયાચના એ બે મહાન ગુણને દુહામાં વર્ણવવામાં આવ્યા છે.

દુહામાં આવી ભાવસભર વિગતોને નિરૂપીને લોકમનને સંસ્કારવાનું, લોકસ્વભાવને ઘડવાનું બહુ મોટું કામ દુહાગીરો-રચયિતાઓ કરતા હોય છે. બીજો એક દુહો અસ્વાદીએ.

**પુરણ વૈભવ પામતાં, નર હોય નાદાન,**
**એને પૈસો આપતાં, ભૂલ કરી ભગવાન.**

અહીં પરમેશ્વરને ઉદેશીને કહેવાયું છે કે તમે માણસને પૂર્ણ વૈભવ-સુખ સાહ્યબી આપ્યા એ બહુ મોટી ભૂલ કરી છે. એટલે એ કારણથી માણસ નાદાન-અભિમાની બની જ જાય.

મૂળભૂત બાબત તો સંપત્તિની સાથે જો વિવેક દૃષ્ટિ અને નમ્રતા ન હોય તો માઠાં પરિણામ આવે એટલે દુહામાં ભગવાનને ભૂલ કરી એવો ઠપકો અપાયો છે. દુહાઓ એમાં ભંડારાયેલા આવા ભાવપૂર્ણ ઉપદેશથી ભાવકચિત્તમાં કાયમી રીતે યાદગાર રીતે સ્થાપિત થઈ જતા હોય છે. દુહાઓમાંનો સૂત્રાત્મક રીતનો અને સાર્થકરૂપનો સંદેશ સમસ્ત માનવ જાતિને સુંદર જીવન જીવવા માટે દૃષ્ટિકોણ પણ પાઠવતો હોઈને એનું મૂલ્ય આજ સુધી અકબંધ રહ્યું છે. મૂળભૂત સત્ય અને તથ્યપૂર્ણ ભાવને કારણે એ યાદગાર બની રહેતા હોય છે. ■

# જાણવું ને ઓળખવું વચ્ચે જે ભેદ છે તે જ્ઞાન છે

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombay
samachar.com



સામાન્ય રીતે જ્ઞાન બે પ્રકારના હોય છે. શાબ્દિક જ્ઞાન અને અનુભવજન્ય જ્ઞાન. આ જ્ઞાન મેળવવા આપણે આંખો, કાન, નાક, જીભ, ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ કરીએ છીએ. પણ શું તેનાથી પ્રાપ્ત જ્ઞાન એ જ જ્ઞાન છે? માત્ર ધર્મ જ નહીં, વિજ્ઞાન પણ કહે છે કે આપણે જેટલું જાણીએ છીએ તે બધું જ અંતિમ નથી!

જ્ઞાનની આપણી વ્યાખ્યા શું? શાળાએ જઈને અક્ષરજ્ઞાન મેળવ્યું એટલે જ્ઞાન. તેમાં ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, જીવશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર બધું આવી ગયું. તે સિવાય અનુભવજન્ય જ્ઞાનમાં આંખના આધારે આપણે અજવાળું અને અંધારું ઓળખીએ છીએ, નક્ષત્રો, તારાઓ અને બ્રહ્માંડની દુનિયા જોઈ શકીએ છીએ, આકૃતિઓ દ્વારા પ્રાણીઓની ઓળખાણ મેળવીએ છીએ. પણ જેને આંખ ન હોય તે? તેનું જ્ઞાન અલગ હોય છે. તે ગંધ, સ્પર્શ અને શ્રવણથી દુનિયાને ઓળખે છે. તેનો અર્થ એ થયો કે આપણે જેને ઓળખીએ છીએ, કે જાણીએ છીએ તે અંતિમ જ્ઞાન નથી. જાણવું અને ઓળખવું વચ્ચે જે ભેદ છે, તે જ જ્ઞાન છે.

પણ ધર્મની વ્યાખ્યા શું? ધર્મ તો કહે છે કે આ જ્ઞાન એ જ્ઞાન નથી. એ તો માત્ર ભૌતિક જગતની ઓળખાણ છે. એક રીતે જોઈએ તો જ્ઞાન તો બધાને જ હોય છે. જગતમાં અજ્ઞાની કોઈ નથી હોતું. પણ સાચું જ્ઞાન છે કે નહીં? તે મહત્ત્વનું છે. બાળક માટે જે કાચનો ટુકડો છે, તે કોઈ ઝવેરી માટે બહુમૂલ્ય રત્ન હોય છે. કૂવાના દેડકા માટે કૂવો જ સમગ્ર જગત છે, પણ તે બહાર નીકળે તો તેનાથી પણ અનેકગણી વિશાળ દુનિયાનું અસ્તિત્વ છે. પૃથ્વીની બહારનું જગત આપણે જોયું નથી. ટેલિસ્કોપથી દેખાય છે તેટલું જ આપણું બ્રહ્માંડનું જ્ઞાન છે. પણ ધર્મ કહે છે, આ ઓળખાણને આધાર બનાવીને જ્યાં સુધી 'હું કોણ છું?' તેનો જવાબ ન મેળવીએ ત્યાં સુધી સાચું જ્ઞાન પ્રાપ્ત કર્યું ન કહેવાય.

જૈન દર્શનમાં રત્નત્રયી તરીકે ઓળખાતા જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં સહુથી પહેલા જ્ઞાન છે. આ જ્ઞાન એટલે સમ્યકજ્ઞાન. સમ્યકજ્ઞાન એટલે શું? વસ્તુને તે જેવી છે, તેવી જાણવી. ન તેને તેનાથી અધિક કે ન તેનાથી ઓછી. છ આંધળા અને એક હાથીનું ઉદાહરણ બહુ પ્રચલિત છે. આંધળાઓ હાથીના અલગ-અલગ અંગને સ્પર્શ કરે છે. પૂંછડીને સ્પર્શ કરનારને લાગે છે સાપ છે, પગને સ્પર્શ કરનારને લાગે છે થાંભલો છે, પેટને સ્પર્શ કરનારને લાગે છે દીવાલ છે, વગેરે. પણ તેમાંથી કોઈનું જ્ઞાન સાચું નથી! તેમ છતાં બધાને લાગે છે કે પોતે જ સાચો છે. અને તેમાંથી બધા વચ્ચે ઝઘડો ઊભો થાય છે.

વિશ્વમાં પણ ધર્મની બાબતમાં આ જ હકીકત નથી શું? મારો ધર્મ જે પ્રરૂપે છે, તે જ સાચું, બીજા કહે છે તે ખોટું. જગતભરના વિવાદો, વેરઝેર, યુદ્ધોનું મૂળ આ વાતમાં રહેલું છે. જ્યારે સત્ય તો એક જ છે. પણ તેમને જોવાનો દ્રષ્ટિકોણ અલગઅલગ છે. કારણકે આપણા સહુનું જ્ઞાન અધૂરું છે.

આપણે બીજાને ખોટા કહીએ ત્યારે આપણને ખોટા કહેનારા પણ હોય જ છે. શું આપણે એમ કહી શકીએ તેમ છીએ કે આપણે જે જાણીએ છીએ તે જ સત્ય છે? પૃથ્વી ગોળ છે તેમ કહેનારને જીવતો સળગાવી દેનાર લોકોનું જ્ઞાન સાચા અને ખોટા જ્ઞાનનું ઉત્તમ ઉદાહરણ છે. તેથી જ તો અખાએ કહ્યું છે,

'અખા એ જ અંધારો કૂવો, ઝઘડો ભાંગી કોઈ ન મૂઓ'!

ટ્રેનમાં લાંબી યાત્રા કરીએ ત્યારે અનેક સ્ટેશન આવે. વચ્ચેના કોઈ સ્ટેશનને આપણે અંતિમ માનીને ઊતરી જઈએ તો મંઝિલ સુધી પહોંચી શકાય ખરું? ધર્મની બાબતમાં પણ આ જ સત્ય છે. આપણે મંઝિલે પહોંચ્યા નથી, અધવચ્ચે છીએ અને બીજાને પણ આ જ મંઝિલ છે કહીને ખેંચી રહ્યા છીએ. ભાઈ, પહેલા તું તો તારો રસ્તો પૂરો કર! મજાની વાત એ છે કે જેઓ મંઝિલે પહોંચી ગયા છે, તે ક્યારેય વાદવિવાદમાં પડતા નથી. એ માત્ર રાહ ચીંધવાનું કામ કરે છે. કૃષ્ણએ જેમ અર્જુનને કહ્યું તેમ, 'યથેચ્છસિ તથા કુરુ' કહીને વ્યક્તિના વિવેક પર છોડી દે છે. બધી પળોજણ અધૂરા ઘડાની જ છે. જેમ અધૂરો ઘડો છલકાય ઘણો અને ખાલી ચણો વાગે ઘણો, તેવું અધૂરા જ્ઞાનનું પણ છે.

અધૂરા જ્ઞાન વાળો વ્યક્તિ મિથ્યાદ્રષ્ટિ બની જાય છે, તેમ જૈન દર્શન કહે છે. શ્રીમદ ભગવદ ગીતામાં કહ્યું છે, કે નાસ્તિક (મિથ્યા) દ્રષ્ટિકોણથી જેમની બુદ્ધિ નષ્ટ થઇ ગઈ છે, તેમનો જન્મ આ જગતનો નાશ કરવા માટે થયો છે. તેઓ અજ્ઞાનના લીધે મિથ્યા સિદ્ધાંતોને પકડીને, અપવિત્ર આચરણ કરીને આ સંસારમાં રહે છે. અર્થાત કે, તેઓ સંસારમાંથી મુક્ત થતાં નથી. ■

# રાધાનું પાત્ર કૃષ્ણકથામાં ક્યારે વણાઈ ગયું?

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombay
samachar.com



(ગતાંકથી ચાલુ)

સૌથી પ્રાચીન ગણાતા ગ્રંથ મહાભારતમાં તો શ્રીકૃષ્ણ અને ગોપીઓનો પણ સાથ નથી. સભાપર્વમાં વસ્ત્રહરણ પ્રસંગે દ્રૌપદી શ્રીકૃષ્ણને સહાય માટે પ્રાર્થના કરે છે તેમાં એક વાર 'ગોપીજનપ્રિય' એમ ઉલ્લેખ થયો છે. મહાભારતની અનેક જૂની હસ્તપ્રતો એકઠી કરી અનેક ખ્યાતનામ વિદ્વાનોએ ખૂબ ઊંડું સંશોધન કરી મહાભારતની એક પ્રમાણિત કહી શકાય તેવી આવૃત્તિ તૈયારી કરી છે. તે ભાંડારકર ઑરિયેન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પૂનાથી પ્રસિદ્ધ કરવામાં આવી છે. તેમાં આ પ્રાર્થનાનો ભાગ પાછળથી ઉમેરાયેલો ગણી કાઢી નાખવામાં આવ્યો છે. છતાં અહીં શ્રીકૃષ્ણના ગોકુળ-વ્રજ-મથુરાના અન્ય પ્રસંગોના ઉલ્લેખ છે.

તો રાધાનું પાત્ર કૃષ્ણકથામાં ક્યારે વણાઈ ગયું? ૧૨મી સદીમાં કવિરાજ જયદેવના 'ગીતગોવિંદ'માં તો રાધા અને માધવના પ્રેમ અને શૃંગારનું સંપૂર્ણ વર્ણન છે અને આ યુગલનો ત્યારે તો પૂર્ણપણે સ્વીકાર થઈ ચૂક્યો હતો. લગભગ તે જ અરસામાં રચાયેલા લીલાશુક બિલ્વમંગળના 'કૃષ્ણકર્ણામૃત' અને શ્રીધરદાસ દ્વારા સંકલિત 'સદુક્તિકૃષ્ણામૃત'માં રાધાકૃષ્ણની પ્રેમલીલાના અનેક ઉલ્લેખ મળે છે. ૧૦મી સદીમાં રચાયેલા પુષ્પદંતના 'જૈનઉત્તરપુરાણ'માં પણ ગોપાલકૃષ્ણ અને ગોપીઓ સાથેની લીલાની વાત મળે છે. હેમચંદ્રાચાર્યે પોતાના વ્યાકરણના ગ્રંથમાં બારમી સદીની આસપાસ આવાં શૃંગારિક કાવ્યો પ્રચલિત હતાં તેનાં ઉદાહરણ આપ્યાં છે. ૯મી સદીમાં આનંદવર્ધનના 'ધ્વન્યાલોક' પુસ્તકમાં રાધા અને કાલિંદીકિનારે લતામંડપોમાં કરવામાં આવેલી કેલિનું વર્ણન છે. ૮મી સદીમાં ભટ્ટનારાયણના નાટક 'વેણીસંહાર'માં શરૂઆતની નાન્દીમાં રાધિકાને મનાવતા કંસના શત્રુ કૃષ્ણનો ઉલ્લેખ છે. એટલે આ સમય સુધીમાં રાધાકૃષ્ણની કથાઓ લોકપ્રિય થઈ ચૂકી હતી.

સામાન્ય રીતે એમ માની શકાય કે 'હાલ' નામના કવિની પ્રાકૃત રચના 'ગાહા રાત સઈ' એટલે 'ગાથાસપ્તશતી'માં વ્રજલીલા અને રાધાના પહેલા ગણી શકાય તેવા ઉલ્લેખ મળે છે. રાધિકાનું નામ પ્રાકૃત પ્રમાણે 'રાહીઆ' છે. એમ માનવામાં આવે છે કે 'હાલ' એટલે સંસ્કૃત નામ 'શાલિવાહન' પ્રતિષ્ઠાપુરમાં ઈ.સ.ની પહેલી સદીમાં રાજ્ય કરતો હતો. ગાથાની ભાષામાં સ્વરૂપ અને રાજનૈતિક વગેરે અન્ય બાબતોના ઉલ્લેખથી એમ માની શકાય છે કે આ મૂળ કૃતિમાં પાછળથી ઘણા સમય સુધી ઘણા ઉમેરા થયે રાખ્યા છે. અહીં પ્રાકૃત ભાષાના કવિઓની મૂળ રચનાઓ છે. જેનો શાલિવાહન-શાતવાહન-હાલ રાજાએ ચૂંટીને કરેલ સંગ્રહ છે. પણ પછી થયેલા અનેકાનેક ઉમેરાનો રચનાકાળ કહેવો તો અસંભવ છે અને આવું તો સંસ્કૃત સાહિત્યમાં બનતું જ આવ્યું છે. તે સમયના શૃંગારિક વાતાવરણની અસર રાધાકૃષ્ણની કથાઓમાં પણ વર્તાય છે. પ્રાકૃત ભાષા એ તો એ વખતના જનસમુદાયની ભાષા એટલે જનમાનસે રાધાના પાત્રને અપનાવી તેનો વિકાસ કર્યે રાખ્યો અને ધીરે ધીરે કૃષ્ણકથામાં રાધાના પાત્રનું મહત્ત્વ સ્વીકારાઈ ગયું. અહીં બધે રાધાનું માનવીય રૂપ છે.

એક બીજી પણ પરંપરા હતી, રાધાના દૈવી વૈકુંઠવાસી રૂપની. આ વાત અનેક ગ્રંથોમાં આલેખાઈ છે. એ બધા બહુ પાછળથી રચાયેલા ગ્રંથો છે, જેનો રચનાકાળ તારવવો અસંભવ છે. રાધોપનિષદ, અથર્વવેદીય રાધિકાતાપનીય ઉપનિષદ, ગોપાલોત્તરતપિની ઉપનિષદ, બૃહદ્ ગૌતમીય તંત્ર, ઉજવલનીમણિ, સંમોહન તંત્ર, સામરહસ્ય ઉપનિષદ, ગર્ગસંહિતા, દેવીભાગવત અને બ્રહ્મવૈવર્ત, નારદ, પદ્મ, સ્કંદ જેવાં પુરાણો વગેરે અનેક પ્રાચીન પુસ્તકોમાં રાધાના દૈવી રૂપની પરંપરા મળે છે. બધે તે કથા જુદી જુદી રીતે આલેખાઈ છે. ક્યાંય એકરૂપતા નથી. અહીં સર્વત્ર રાધાનું દૈવી મહત્ત્વ, તેની પૂજા-અર્ચના અને તેના વિશિષ્ટ સ્થાનની વિશેષ રૂપથી ચર્ચા થઈ છે. રાધોપનિષદ પ્રમાણે રાધા અને રસસાગર કૃષ્ણ એક જ છે. પણ ક્રીડા કરવા બે રૂપ ધારણ કર્યાં છે. સામરહસ્ય ઉપનિષદ પ્રમાણે એક અનાદિ પુરુષ હતો, તેણે બે રૂપ ધારણ કર્યાં અને સમારાધન પાત્ર તે રાધા.

હવે સૃષ્ટિના સર્જન માટેની આપણી થોડી પ્રાચીન પરંપરાઓ જોઈએ. બૃહદારણ્યક ઉપનિષદ્માં કથા છે કે 'તે' એકાકી હતો, રમણ કરવા દ્વિતીયની ઈચ્છા થઈ, એટલે પોતાથી જોડીની રચના કરી. વૈષ્ણવ પરંપરાના સૌથી પ્રાચીન ગણાતા પુરાણ હરિવશમાં વૈશંપાયને જનમેજયને સમજાવ્યું કે પ્રજાપતિ બ્રહ્માએ પોતાના દેહના બે ભાગ કર્યા, એક પુરુષ, એક સ્ત્રી. કૂર્મપુરાણ, મત્સ્યપુરાણ, શિવપુરાણ અને અગ્નિપુરાણમાં જરાતરા ફેરફાર સાથે આ જ વાત મળે છે. બ્રહ્મવૈતર્વપુરાણ પ્રમાણે (૧) બ્રહ્માના મુખમાંથી દિવ્ય રૂપવાળો, શ્રીમાન અને સુંદર કુમાર ઉત્પન્ન થયો, સાથે એક સ્ત્રી પણ. (૨) આત્મા યોગના સામર્થ્યથી બે રૂપવાળો થયો, જમણું અર્ધાંગ પુરુષ ડાબું અર્ધાંગ પ્રકૃતિ. વાયુપુરાણ અને માર્કન્ડેયપુરાણ પ્રમાણે બ્રહ્માના ક્રોધથી સૂર્ય જેવો તેજસ્વી અને સાક્ષાત્ અગ્નિ જેવો પુરુષ ઉત્પન્ન થયો. જેનો દેહ અડધો પુરુષ અને અડધો સ્ત્રી જેવો હતો. તે વખતે બ્રહ્માએ તેને આ બે રૂપ જુદાં કરવાની આજ્ઞા આપી તો આ દેહ જુદો થઈ પુરુષ અને એની સ્ત્રી થયા. થોડો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે સ્ત્રીપુરુષના સર્જનની આપણી પ્રાચીન પરંપરા થોડું રૂપ બદલી વૈષ્ણવ પરંપરામાં પરિવર્તિત થઈ કૃષ્ણ અને રાધારૂપે આવી. શ્રીકૃષ્ણે સ્વેચ્છામય રહી. સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી ત્યારે તેમની ઈચ્છાથી ઈશ્વરી મૂળ પ્રકૃતિ પ્રગટ થઈ તે રાધા. સહુનો આધાર.

'શ્યામ સમીપ' પુસ્તકમાંથી સાભાર.
પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની.
(ક્રમશ:)■

# ભરૂચમાં આંચકો લાગે તેવી ઘટના, ૬૨ વર્ષના શિક્ષકે સગીર વિદ્યાર્થિનીને ગર્ભવતી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાળકોને સારા અને ખરાબ સ્પર્શ વિશે સમજાવવા, તેમની સાથે સતત વાતચીત કરવાની સલાહ વારંવાર માતા-પિતાને આપવામાં આવે છે, છતાં બાળકો અને સગીરો દુષ્કર્મનો ભોગ બનતા રહે છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં આવો જ એક કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો છે, જેમાં ૬૨ વર્ષના ખાનગી ટ્યૂશન ટીચરે ૧૩ વર્ષની સગીર વિદ્યાર્થિનીને હવસનો શિકાર બનાવી હતી.

સગીરા ગર્ભવતી બનતા આ ચોંકાવનારી ઘટના બહાર આવી હતી. માતા-પિતાએ ફરિયાદ નોંધાવતા આરોપીની પોલીસે તાત્કાલિક ધરપકડ કરી હતી. અંકલેશ્વરના એક ગામમાં છેલ્લા ચારેક વર્ષથી એક ૬૨ વર્ષીય પુરુષ ખાનગી ટ્યૂશન ક્લાસ ચલાવતો હતો. પીડિતાને તે ક્યારેક એક્સ્ટ્રા ક્લાસના નામે રવિવારે ઘરે બોલાવતો અને એકાંતનો લાભ લઈ તેની સાથે દુષ્કર્મ કરતો હતો. ડરને કારણે માત્ર ૧૩ વર્ષની છોકરી આ વાત કોઈને કહી શકતી ન હતી, પરંતુ તે ગર્ભવતી થતા આ વાત બહાર આવી હતી. પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ તેની ધરપકડ કરી હતી. આ સાથે અન્ય બાળકો સાથે પણ તેણે આવું દુષ્કૃત્ય કર્યું છે કે નહીં તે મામલે પોલીસ તપાસ કરી રહી છે.

# રાજકોટમાંથી ચોરી થયેલી ચાંદી અમદાવાદમાંથી ઝડપાઈઃ ૪૦ કિલો ચાંદી સાથે બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના સોના-ચાંદીના વેપારી અતુલ પટેલે પોતાના મિત્ર બીપીનભાઈના ઘરમાં સવાસો કિલો ચાંદી સુરક્ષિત રાખી હતી. જો કે આ ૧૨૦ કિલો ચાંદીની ચોરી થતા ખળભળાટ મચી ગયો હતો. વેપારીએ આ મામલે રાજકોટમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ નોંધાતા પોલીસે ચોરોને પકડવા માટે તપાસ શરૂ કરી હતી. અંતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. પોલીસે કુલ ચોરાયેલી ૧૨૦ કિલો ચાંદીમાંથી ૪૦ કિલો ચોરીની ચાંદી સાથે એક આરોપીની ધરપકડ કરી હતી. આરોપી ચોરીનો માલ મહેસાણામાં વેચવા જઈ રહ્યો હતો ત્યારે ક્રાઈમ બ્રાન્ચે આરોપીને ઝડપી પાડ્યો હતો. આ કેસમાં બીજા આરોપીને શોધવા એક ટીમ સુરત અને વડોદરા પહોંચી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આ ઘર રાજકોટના ચંપકનગર વિસ્તારમાં આવેલું છે. જોકે તસ્કરોને ચાંદી હોવાની માહિતી મળતાં તેમણે બીપીનભાઈના ઘરમાં ઘુસી સવાસો કિલો ચાંદીની ચોરી કરી હતી. આ ઘટનાને પગલે રાજકોટ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ દરમિયાન અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ચોરી કરેલી ચાંદીનો જથ્થો મહેસાણા ખાતે વેચવા માટે લઈ જવામાં આવી રહ્યો છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે માર્ગમાં ચેકિંગ ગોઠવી કાર્યવાહી કરી હતી અને ૪૦ કિલો ચાંદી સાથે બે આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. પોલીસે આરોપીઓની પૂછપરછ શરૂ કરી હતી, તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક મુખ્ય આરોપી ફરાર છે. જેને પકડવા માટે સુરત અને વડોદરામાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ચોરીના કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે.

# અમદાવાદ સહિત ગુજરાતમાં શિયાળો ગાયબ, ફેબ્રુઆરીમાં જ પારો 30 ડિગ્રીને પાર

અમદાવાદઃ અમદાવાદ, વડોદરા,રાજકોટ સહિતના શહેરોમાં માત્ર બે કે ત્રણ મહિના જ ગરમીમાંથી રાહત રહેતી હોય છે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં એકંદરે મહત્તમ તાપમાન ૨૨થી ૨૫ ડિગ્રી આસપાસ દિવસ દરમિયાન રહેતું હતું અને મોડી સાંજથી સવાર સુધી ચારથી દસ ડિગ્રી જેટલું નીચે જતું હતું, પરંતુ છેલ્લા બે દિવસથી ગુજરાતમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી જેટલું પહોંચી ગયું છે. અમદાવાદમાં રવિવારે ૩૨ ડિગ્રી નોંધાયું હતું. હવામાનમાં અચાનક આટલો પલટો આવતા ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં જ ઉકળાટ અનુભવાઈ રહ્યો હોવાનું લોકો જણાવે છે. જોકે અમદાવાદ કરતા પણ રાજકોટ, વડોદરામાં વધારે તાપમાન નોધાયું હતું. રાજકોટમાં તાપમાનનો પારો ૩૫ ગયો હતો જ્યારે વડોદરા અને પોરબંદરમાં ૩૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સખત ગરમી બાદ મોડી સાંજે થોડી રાહત રહે છે. રાત્રીનું તાપમાન ૧૬થી ૨૦ ડિગ્રી જેટલું નોંધાયું હતું. કચ્છના નલિયામાં ૧૧.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ અને અમરેલીમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે આગામી દિવસોમાં હવામાનમાં ખાસ કોઈ ફેરફાર જણાશે નહીં. આથી લગભગ એકાદ અઠવાડિયા સુધી આવું જ વાતાવરણ રહેશે.

# હાઈટેક આઈટમ્સ અધવચ્ચેથી તફડાવનારી ગેંગ અમદાવાદથી ઝડપાઈ

અમદાવાદઃ શહેર ક્રાઈમ બ્રાન્ચે ફ્લિપકાર્ટ અને એમેઝોન સહિતના મુખ્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સની ડિલિવરી સપ્લાય ચેઈનમાં ઘૂસણખોરી કરીને અને પ્રીમિયમ ગેજેટ્સને ડમી પ્રોડક્ટ્સ સાથે બદલીને કથિત રીતે છેતરપિંડી કરનાર એક અત્યાધુનિક આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સિન્ડિકેટ અમદાવાદ, વડોદરા, સુરત અને જાલોર જેવા શહેરોમાં કુરિયર સેવાઓમાં ડિલિવરી બોય તરીકે તેના સહયોગીઓને રાખતો હતો. નકલી યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને, આ ગેંગ મોંઘા ઇલેક્ટ્રોનિક્સ માટે ઓર્ડર આપતી હતી. પાર્સલ ગ્રાહકો સુધી પહોંચે તે પહેલાં, એક આંતરિક વ્યક્તિ શિપમેન્ટને અટકાવતો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ઓનલાઈન શોપિંગના પાર્સલમાંથી કિંમતી સામાન ચોરી કરી નકલી વસ્તુઓ પધરાવી દેતી એક હાઈટેક ટોળકીનો પર્દાફાશ કર્યો હતો.

આ ટોળકી કુરિયર બોક્સને એવી રીતે ખોલતી હતી કે કંપનીને પણ શંકા ન જાય. પોલીસે જ્યારે આરોપીઓને ઝડપ્યા ત્યારે તેઓએ પોલીસની હાજરીમાં માત્ર બે જ મિનિટમાં ઈન્જેક્શન અને ખાસ પ્રવાહીની મદદથી પાર્સલ ખોલી, અસલી આઈફોન કાઢીને નકલી ફોન પેક કરી બતાવતા ખુદ પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ક્રાઈમ બ્રાંચના ડીસીપીના જણાવ્યા અનુસાર, આ ગેંગની મોડસ ઓપરેન્ડી ખૂબ જ વ્યવસ્થિત હતી. ગેંગના માસ્ટરમાઈન્ડ્સ પહેલા પોતાના માણસોને અમદાવાદ, વડોદરા, સુરત અને રાજસ્થાનના જાલોર જેવા શહેરોમાં કુરિયર કંપનીઓમાં ડિલિવરી બોય તરીકે નોકરી પર રાખતા હતા. ત્યારબાદ, ફેક આઈડીનો ઉપયોગ કરીને મોંઘા આઈફોન અને અન્ય ગેજેટ્સના ઓર્ડર આપવામાં આવતા હતા. પાર્સલ ગ્રાહક સુધી પહોંચે તે પહેલાં જ, કંપનીમાં રહેલો તેમનો સાગરીત પેકેજને આંતરી લેતો હતો.

આ ટોળકી પાસે પાર્સલ ખોલવા માટેની ખાસ ‘સ્કેમ કિટ’ હતી, જેમાં ગ્લૂ રિમૂવર, ઈન્જેક્શનની સિરીંજ અને ખાસ સ્ટીલના સાધનોનો સમાવેશ થતો હતો. આ સાધનોની મદદથી તેઓ પાર્સલનું સીલ એવી રીતે ખોલતા કે કોઈને ખબર ન પડે. અસલી પ્રોડક્ટ કાઢીને તેમાં તેના જેવી જ દેખાતી ડમી વસ્તુ ભરી દેતા અને ત્યારબાદ ઓર્ડર કેન્સલ અથવા રિટર્ન કરી દેતા હતા. ચોરી કરેલો અસલી સામાન તેઓ બ્લેક માર્કેટમાં વેચીને મોટો નફો કમાતા હતા. પોલીસે તેમની પાસેથી ૮ અસલી ફોન, ૨૫ ડમી ફોન, લક્ઝરી કાર સહિતની મોંઘી વસ્તુઓ જપ્ત કરી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં રાજસ્થાનના રામલાલ ઉર્ફે રોમિલ ગેહલોત, મનોજ કુમાર માલી, ભરત કુમાર સુંદેશા તેમજ સુરતના વિશાલ પંચાલ અને અમદાવાદના વિશાલ બાવરીનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં મ્યુચ્યુઅલ ફંડ ગ્રોથ છેલ્લાં ત્રણ વર્ષમાં સૌથી નીચે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ)માં ૨૦૨૫માં ત્રણ વર્ષમાં સૌથી ધીમી વાર્ષિક વૃદ્ધિ જોવા મળી હતી. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા (એએમએફઆઈ)ના ડેટા દર્શાવે છે કે રાજ્યમાં ઇક્વિટી એયુએમ ડિસેમ્બર ૨૦૨૫ માં વાર્ષિક ધોરણે ૧૬.૧% વધીને રૂ. ૩.૬૭ લાખ કરોડ થયો હતો, જે ૨૦૨૪ માં ૪૫.૭% અને ૨૦૨૩ માં ૩૯% વૃદ્ધિની તુલનામાં ઘણો જ નીચે છે. કોરોનાકાળ દરમિયાન વર્ષ ૨૦૨૨માં ઈક્વિટી એયુએમ ૧૬.૬ ટકા નોંધાયો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આ ઘટાડો બજારના વારંવારના ઉછાળા અને વૈશ્વિક અનિશ્ચિતતાને પ્રતિબિંબિત કરે છે, જેના કારણે રોકાણકારો નવી એકમ મૂડીનો ઉપયોગ કરવામાં સાવચેત રહે છે. ભૂ-રાજકીય તણાવ, ટેરિફ-સંબંધિત વિક્ષેપો, બદલાતી વ્યાજ દરની અપેક્ષાઓ અને અસમાન કોર્પોરેટ કમાણીની ચિંતાઓએ વર્ષ દરમિયાન અસ્થિરતામાં ફાળો આપ્યો

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર બજારમાં ઉતાર-ચઢાવ અને વૈશ્વિક અસ્થિરતાને કારણે રોકાણકારો નાણા રોકતા ખચકાય છે. જીયોપોલિકલ સ્થિતિ, ટેરિફને લીધે ઊભી થયેલી ચિંતા વગેરે જેવા મુદ્દા ૨૦૨૫માં છવાયેલા રહ્યા અને તેને લીધે બજારને પણ અસર થઈ.

માસિક એસઆઈપી અને નેટ ઇનફ્લોના આંકડા યથાવત્ રહ્યા છે અને લગભગ ૧૦-૧૨% ની નિયમિત ગતિએ વધી રહ્યા છે. ઇક્વિટી બજારો હજુ પણ ૨૦૨૪ ની ટોચથી નીચે છે, લાર્જ, મિડ અને સ્મોલ-કેપ સૂચકાંકો હજુ સુધી સંપૂર્ણપણે રિકવર થયા નથી, જેના કારણે એયુએમ વૃદ્ધિ મંદ દેખાય છે. જોકે, એસઆઈપી નોંધણીઓ મહિને મહિને વધતી રહે છે. નાણાકીય સલાહકારો અપેક્ષા રાખે છે કે નજીકના ગાળામાં ઇક્વિટી એયુએમ વૃદ્ધિ માપવામાં આવશે, જે ઈનફ્લોને બદલે બદલે બજારની સ્થિરતાને ટ્રેક કરશે. તાજેતરના ભૂતકાળમાં સોના-ચાંદી સહિત ધાતુઓ પર મળતા ઊંચા વળતરને કારણે કેટલાક રોકાણકારોએ ઇક્વિટીને બદલે સોનામાં રોકાણ કરવાનું શરૂ કર્યું હોવાનું એક નિષ્ણાતે જણાવ્યું હતું .

# ભાજપના મહિલા નેતાના ખેતરમાંથી મળી દારૂ બનાવવાની મિની ફેક્ટરી

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ છે તેવા કકળાટ વચ્ચે એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. અહીં લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂ બનાવવાની મિની ફેક્ટરી પકડી પાડી હતી, જે ભાજપના મહિલા નેતાના ખેતરમાં જ ધમધમતી હોવાનું બહાર આવતા રાજકીય ગરમાવો આવી ગયો હતો. રાજકોટ જિલ્લાના પીપરડી બેઠકનાં ભાજપના મહિલા સદસ્ય અને પૂર્વ ઉપપ્રમુખ સવિતાબેન વસાણીનું આ ખેતર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે ગુપ્ત બાતમીના આધારે વસાણીની વાડીમાં દરોડા પાડ્યા હતા. અહીં દારૂ બનાવવાની અને પેકેજિંગની સામગ્રી મળી આવી હતી. આ સ્થળેથી પોલીસે બે સગીર સહિત ચાર જણને પકડી પાડ્યા હતા. અહીં જુદી જુદી બ્રાન્ડની નકલી દારૂની લગભગ ૨૦૦ કરતાં વધારે બોટલ, કેમિકલવાળું પ્રવાહી, પેકેજિંગનું મટિરિયલ વગેરે મળી કુલ રૂ. ૧.૪૮ લાખનો સામાન મળી આવ્યો હતો. આ સમગ્ર કાંડમાં ભાજપનાં નેતાના પુત્ર રણજીત વસાણીનું નામ બહાર આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તે રાજસ્થાનના અમુક સાગરીતો સાથે કામ કરતો હોવાનું પણ ખૂલ્યું છે. હાલમાં રણજીત ફરાર છે. મહિલા સભ્યના પતિ અને ભાજપના નેતા નાથાભાઈ વસાણીએ આ સમગ્ર ઘટનાને રાજકીય ષડયંત્ર ગણાવ્યું હતું અને તેમને બદનામ કરવા માટે ઘડવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ સાથે પુત્ર રણજીત એક પ્રસંગમાં હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

# મહેસાણાના ઊંઝાના ગોડાઉનમાંથી ૨૦ દિવસમાં 3.0૨ કરોડનું જીરું ચોરાયું, પાંચ આરોપીની ધરપકડઃ બે ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાના સૌથી મોટા ગંજ બજાર ગણાતા મહેસાણા જિલ્લાના ઊંઝામાં રૂ ૩.૦૨ કરોડના જીરાની ચોરીથી ખળભળાટ મચી ગયો હતો. ૧૨ ડિસેમ્બર ૨૦૨૫થી ૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન આ ચોરીની ઘટના બની હતી. વેપારી રીતેશ શેઠ અને અરવિંદકુમાર શેઠના વેરહાઉસ નંબર ૧૩,૧૪ અને ૧૫ના તાળા ખોલી તસ્કરોએ રાત્રિના અંધારામાં હજારોની સંખ્યામાં જીરાની બોરીઓ ટ્રક મારફતે સાફ કરી દીધી હતી અને તે જીરાની ચોરી કર્યા બાદ આરોપીઓએ આ જીરું ડીસા અને ઊંઝા માર્કેટમાં વેચી માર્યું હતું. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ પોલીસ હરકતમાં આવી હતી અને ગણતરીના દિવસોમાં જ પોલીસે આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. જોકે આખા પ્રકરણની તપાસમાં હાલ જે તથ્યો બહાર આવ્યા તે જાણીને ખુદ પોલીસ પણ ચોંકી ગઈ હતી, કારણ કે આ હાઈ-પ્રોફાઈલ ચોરી પાછળ કોઈ સામાન્ય તસ્કરો નહીં પરંતુ હાઈકોર્ટના વકીલ, દિલ્હીના ડુપ્લીકેટ ચાવી બનાવવાના એક્સપર્ટ અને રીઢા ગુનેગારોની એક ગેંગ હોવાનું મહેસાણા પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા પાંચ આરોપીઓની ધરપકડ કરી લાખોની રોકડ સહિત કુલ રૂ ૫૮.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મહેસાણા પોલીસે આ હાઈ-પ્રોફાઈલ ચોરીનો ભેદ ઉકેલીને ૫ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જીર્ણ | મરણોત્તર |
| જીવંત | નવીન |
| જિજ્ઞાસા | હાર |
| જીત | ઠોઠ |
| જીવતેજીવત | સ્વર્ગવાસી |

### માતૃભાષાની મહેક

આબાદીનો સમય આવે ત્યારે સોનાનો સૂરજ ઊગ્યો એમ કહેવાય છે. સોનુ અત્યંત મોંઘી ધાતુ છે એ આધાર આ રૂઢિપ્રયોગમાં જોવા મળે છે. લાખ કોશિશ કરો તો પણ સત્ય છુપાવી નથી શકાતું અને એક દિવસ એ જાહેર થઈ જ જાય છે એ દર્શાવવા સૂરજ છાબડે ઢાંક્યો ન રહે એમ કહેવાય છે. સૂર્યનો ઉલ્લેખ ધરાવતી સૌથી જાણીતી કહેવત છે ‘જ્યાં ન પહોંચે રવિ.’

### ગુજરાત મોરી મોરી રે

કોતરણીવાળા મંદિરના ખંડેરો, બે વાવ, એક કુંડ, શૃંગારિક શિલ્પો ધરાવતું કલેશ્વરી સ્મારક સમૂહ તરીકે જાણીતું પૌરાણિક સ્થળ કયા જિલ્લામાં છે?

અ) બોટાદ
બ) દ્વારકા
ક) નર્મદા
ડ) મહિસાગર

### ઈર્શાદ

સ્વતંત્રતા, દે વરદાન એટલું
ન હીન સંકલ્પ હજો કદી મન.
-- ઉમાશંકર જોશી

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | |
| | | ૬ | | | | | | | |
| ૭ | | | | ૮ | | | ૯ | | |
| | | ૧૦ | ૧૧ | | | | | | |
| ૧૨ | | | | | ૧૩ | ૧૪ | | | ૧૫ |
| | | ૧૬ | | | | | | ૧૭ | |
| | | | | | ૧૮ | | | | |
| ૧૯ | | | | ૧૯અ | | | | ૨૦ | ૨૧ |
| | | | ૨૨ | | ૨૩ | | ૨૪ | | |
| ૨૫ | | | ૨૬ | | | | ૨૭ | | |

**આડી ચાવી**

૧ મળવું મુશ્કેલ (૩)
૩ પ્રતિઘોષ, પડછંદો (૩)
૫ --- ને આંચ નહીં (૨)
૬ અથડામણ, સામનો (૩)
૭ તાંબુ (૨)
૮ ન્યૂનતા, અછત (૨)
૯ નઠારું, હલકટ (૩)
૧૦ પાવન (૩)
૧૨ --- ત્યાં જંપ (૨)
૧૩ મૂર્ખ, બેવકૂફ (૩)
૧૬ ભાઇ (૩)
૧૭ દીકરી (૨)
૧૮ છેવટનું, છેલ્લું (૩)
૧૯ બીમારી (૩)
૧૯અ જનાવર (૨)
૨૦ સફેદ, ઉજ્જવળ (૨)
૨૩ બાધા, આખડી (૩)
૨૫ સસ્તું --- ને સિદ્ધપુરની યાત્રા (૨)
૨૬ હવાઇજહાજ (૩)
૨૭ કૃત્યની, દેશદ્રોહી (૩)

**ઊભી ચાવી**

૧ દીકરી (૩)
૨ રસોઇયો (૨)
૩ પરાધીન (૪)
૪ ઘરડી ---- ને લાલ લગામ (૨)
૫ જાગ્રત, સાવધાન (૩)
૯ હોઠ (૩)
૧૧ વિરુદ્ધતા (૩)
૧૨ સુલેહ (૨)
૧૪ જાણ, ખબર (૩)
૧૫ જાનકી (૨)
૧૬ પ્રાર્થના (૩)
૧૮ સૂર્ય (૪)
૨૧ ભમરો (૩)
૨૨ નસીબ (૨)
૨૪ માણસનાં મનનો --- પામવો મુશ્કેલ છે (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કા | ન | ૨ ખ | ૩ જૂ | રો | | ૪ ચા | લ | ૫ બા | જી |
| ર્ય | | ૬ ત | જ | | ૭ મ | દ | | હો | |
| | ૮ વી | રો | | ૯ નીં | ભ | ર | | ૧૦ શ | ઠ |
| ૧૧ રો | જ | | | ૧૨ દ | મ | | ૧૩ ગ | | |
| ન | | ૧૪ ન | | ર | | ૧૫ તિ | ર | સ્કૃ | ૧૬ ત |
| ૧૭ ક | ઝા | ગ | ડું | | ૧૮ ઉ | | વ | | બી |
| | | ર | | ૧૯ અ | દા | | | ૨૦ છા | બ |
| ૨૧ વ્યો | ૨૨ મ | | ૨૩ સુ | વા | સ | | ૨૪ પા | ત્ર | |
| | મ | | ૨૫ ગં | જ | | ૨૬ રા | વ | | ૨૭ યુ |
| ૨૮ - | તિ | બં | ધ | | ૨૯ વ | ચ | ન | બ | ધ્ધ |

### ઓળખાણ પડી?



મૂર્છિત લક્ષ્મણ માટે સંજીવની બુટ્ટી લેવા જતી વખતે હનુમાનજીએ થોડી વિશ્રાંતિ લીધી હતી એ હનુમાન ટોક મંદિર કયા સ્થળે સ્થિત છે?

અ) ઈમ્ફાલ બ) લદાખ ક) ગેંગટોક ડ) અનંતનાગ

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

‘શિલાલેખ જર્જરિત થઈ ગયો છે’ પંક્તિમાં જર્જરિતનો અર્થ શું થાય એ જણાવો.

અ) જોશીલ બ) ખંડિત ક) જૂનવાણી ડ) મજબૂત

### માઈન્ડ ગેમ

સાડા સાત કરોડ રૂપિયા એક ધંધામાં રોકાણ કરતા વર્ષે ૧૫ ટકા નુકસાન થયું તો ધંધો સમેટી લીધા પછી હાથમાં કેટલી રકમ આવી એ કહો.

અ) ૫ કરોડ ૯૮ લાખ ૮૫ હજાર બ) ૬ કરોડ ૧૫ લાખ ૫૦ હજાર ક) ૬ કરોડ ૩૭ લાખ ૫૦ હજારડ) ૬ કરોડ ૪૦ લાખ

### સુડોકુ-૯૨૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | | | | | ૧ | | |
| ૧ | ૬ | ૮ | | ૪ | | | | |
| ૫ | | | | | ૮ | | | |
| | | | | ૩ | ૭ | | | |
| ૮ | ૪ | | | | | | ૩ | ૭ |
| | | | ૨ | ૫ | | | | |
| | | | ૫ | | | | | ૯ |
| | | | | ૯ | | ૩ | ૪ | ૫ |
| | | ૬ | | | | | ૭ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૩ | ૮ | ૫ | ૭ | ૯ | ૬ |
| ૬ | ૭ | ૯ | ૨ | ૪ | ૧ | ૩ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૨ | ૧ |
| ૨ | ૧ | ૫ | ૯ | ૩ | ૬ | ૮ | ૪ | ૭ |
| ૪ | ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૯ | ૧ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૮ | ૧ | ૪ | ૬ | ૫ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૫ | ૬ | ૭ | ૧ | ૩ | ૮ |
| ૭ | ૩ | ૧ | ૪ | ૨ | ૮ | ૫ | ૬ | ૯ |
| ૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૨ | ૭ | ૪ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જાકારો | આવકાર |
| જાગ્રત | ગાફેલ |
| જાચવું | આપવું |
| જાલિમ | દયાળુ |
| જાહેર | ખાનગી |

**ગુજરાત મોરી મોરી રેઃ** અમદાવાદ

**ઓળખાણ પડી?** રાજસ્થાન

**માઈન્ડ ગેમ :** ૫૭ લાખ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પતિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નીતા દેસાઈ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરુ કાપડિયા (૧૩) લજીતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) નિખીલ બંગાળી (૧૭) અમીષી બંગાળી (૧૮) મહેશ એન. સંઘવી (૧૯) તાહેર ઔરંગાબાદવાળા (૨૦) શીરીન ઔરંગાબાદવાળા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) કિરીટ છેડા (૨૩) ભરત કજરીયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) ચેતના છેડા (૨૭) વીણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) કમલ માટલીયા (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલીયા (૩૩) અલકા વાણી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૬) જયવંત પદમશી ચિખલ (૩૭) દિપીકા દોશી (૩૮) ડાયના સંતોક (૩૯) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) નિતીન જયંતીલાલ બજરીયા (૪૨) ફ્રગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) પ્રવીણ વોરા (૪૪) અરવિંદ કામદાર (૪૫) ડો. પ્રકાશ કટકીયા (૪૬) મહેશ દોશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) હીના દલાલ (૫૦) રમેશ દલાલ (૫૧) ઈનાક્ષી દલાલ.

# મેં હમણાં સાંભળ્યું કે ભારતમાં ક્રિકેટનો વર્લ્ડ કપ ચાલી રહ્યો છેઃ ટ્રમ્પ

## પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુએસએની ટીમને શુભેચ્છા પાઠવી

ન્યૂ યૉર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને શ્રીલંકામાં ટી-૨૦ વર્લ્ડ કપમાં રમી રહેલી યુએસએની ટીમને શુભેચ્છા પાઠવી છે અને તેમણે સોશ્યલ મીડિયા મારફત મોનાંક પટેલના નેતૃત્વ હેઠળની યુએસએની ટીમ માટે જણાવ્યું હતું કે આખો દેશ તમારી પડખે છે અને તમારી સફળતાની આશા રાખે છે.

ડોનલ્ડ ટ્રમ્પે રવિવારે ટ્રૂથ સોશ્યલ પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે ‘ મેં હમણાં સાંભળ્યું કે ભારતમાં ક્રિકેટનો વર્લ્ડ કપ ચાલી રહ્યો છે. યુએસએની ટીમને મારા તરફથી બેસ્ટ ઑફ લક. આપણી ટીમ બહુ મજબૂત છે.’

ભારત ખાતેના અમેરિકી રાજદૂત સર્જિયો ગૉરે એક પોસ્ટમાં પ્રમુખ ટ્રમ્પને પ્રતિસાદમાં જણાવ્યું, ‘ મિ. પ્રેસિડન્ટ, તમારી સુંદર શુભેચ્છા બદલ આભાર.’

ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ના ગયા ટી-૨૦ વર્લ્ડ કપમાં યુએસએની ટીમે ટાઇ પછીની સુપર ઓવરમાં પાકિસ્તાનને હરાવ્યું હતું. શનિવારે વાનખેડેમાં યુએસએની ટીમે ૭૭ રનમાં છ વિકેટ લઈ લીધી હતી જેમાં તમામ બૅટ્સમૅન કૅચઆઉટ થયા હતા. જોકે ત્યાર બાદ કૅપ્ટન સૂર્યકુમારે (૮૪ અણનમ) જબરદસ્ત ફટકાબાજીથી ભારતને ૯/૧૬૧નો સ્કોર અપાવ્યો હતો અને ત્યાર પછી ભારતીય બોલર્સે કમાલ દેખાડી હતી. યુએસએની ટીમે સારી લડત આપ્યા બાદ ૮/૧૩૨ના સ્કોર સાથે ૨૦ ઓવર પૂરી કરી હતી અને ભારતનો ૨૯ રનથી વિજય થયો હતો. ■

# ટચૂકડા નેપાળે હારતાં પહેલાં બ્રિટિશરોના શ્વાસ થંભાવી દીધા

## વાનખેડે સ્ટેડિયમમાં ઇંગ્લૅન્ડ માત્ર ચાર રનથી જીતી શક્યુંઃ કૅપ્ટન હૅરી બ્રૂક નેપાળી બૅટ્સમેનો પર આફરીન





ઇંગ્લૅન્ડના સૅમ કરૅને નેપાળના લોકેશ બામને જીતવા જરૂરી રન નહોતા બનાવવા દીધા. મૅચ પછી નેપાળનો સુકાની રોહિત પૉડેલ ભાવુક થઈ ગયો હતો.

મુંબઈઃ વાનખેડેમાં હૅરી બ્રૂકની કૅપ્ટન્સીમાં ઇંગ્લૅન્ડની ટીમની ગઈ કાલે જાણે એક ઘાત જ ગઈ સમજો. બ્રિટિશરો મોટી નામોશીથી બચી ગયા હતા, કારણકે નેપાળ જેવા ટચૂકડા દેશની ટીમ સામે એણે મહામહેનતે વિજય મેળવવો પડ્યો હતો. ઇંગ્લૅન્ડે બૅટિંગ લીધા પછી સાત વિકેટે ૧૮૪ રન કર્યા ત્યાર બાદ નેપાળની ટીમ વિજયની લગોલગ પહોંચી ગઈ હતી, પરંતુ ભારતના આ પાડોશી દેશની ટીમ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૦ રન બનાવી શકી અને ફક્ત ચાર રનથી પરાજિત થઈ હતી.

નેપાળ વતી દીપેન્દ્ર સિંહ એઇરીએ સૌથી વધુ ૪૪ રન અને કૅપ્ટન રોહિત પૉડેલ તથા લોકેશ બામે ૩૯-૩૯ રન કર્યા હતા. ૨૦મી ઓવર ઇંગ્લૅન્ડના સૅમ કરૅનની હતી જેમાં નેપાળે જીતવા ૧૦ રન કરવાના હતા, પરંતુ માત્ર પાંચ રન થઈ શક્યા અને ઇંગ્લૅન્ડના ખેલાડીઓએ ચાર રનથી જીત મેળવીને રાહતનો શ્વાસ લીધો. ઇંગ્લૅન્ડના લિઆમ ડૉસને સૌથી વધુ બે વિકેટ તેમ જ સૅમ કરૅન ઉપરાંત વિલ જૅક્સ, જોફ્રા આર્ચર અને લ્યૂક વૂડે એક-એક વિકેટ મેળવી હતી.

એ પહેલાં, ઇંગ્લૅન્ડની ઇનિંગ્સમાં જૉસ બટલર (જેકબ બેથેલ (પંચાવન રન, ૩૫ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર), કૅપ્ટન હૅરી બ્રૂક (૫૩ રન, ૩૨ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) અને વિલ જૅક્સ (૩૯ અણનમ, ૨૧ બૉલ, ચાર સિક્સર, એક ફોર)ની આતશબાજીએ વાનખેડેનું સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું.

આ જ સ્ટેડિયમમાં શનિવારે સૂર્યકુમાર યાદવે પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા અને રવિવારે ઇંગ્લૅન્ડના બૅટ્સમેનોએ અને પછીથી (પરાજિત થતાં પહેલાં) નેપાળના બૅટ્સમેનોએ પ્રેક્ષકોનો રવિવાર સફળ બનાવ્યો હતો. ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ ઇંગ્લૅન્ડના વિલ જૅક્સને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ઇંગ્લૅન્ડના કૅપ્ટન હૅરી બ્રૂકે મૅચ બાદ કહ્યું, ‘અમારા આદિલ રાશીદનો નેપાળના બૅટ્સમેનોએ જે રીતે સામનો કર્યો અને રન બનાવ્યા એ બદલ તેમને દાદ દેવી પડે. આવું ક્યારેક જ જોવા મળ્યું છે.’ ■

### ટી-૨૦ વર્લ્ડ કપમાં આજે કયા મુકાબલા?

ઇટલી-સ્કૉટલૅન્ડ
(કોલકાતા, સવારે ૧૧.૦૦)

ઓમાન-ઝિમ્બાબ્વે
(કોલંબો, બપોરે ૩.૦૦)

કૅનેડા-સાઉથ આફ્રિકા
(અમદાવાદ, સાંજે ૭.૦૦)

# વર્લ્ડ ચૅમ્પિયન અન્ડર-૧૯ ક્રિકેટરોનું મુંબઈમાં પરિવારજનો અને ચાહકોએ શાનદાર સ્વાગત કર્યું

મુંબઈઃ શુક્રવારે અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપનો તાજ જીતનાર આયુષ મ્હાત્રેના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમના ખેલાડીઓ ગઈ કાલે અહીં ઝિમ્બાબ્વેના હરારેથી શરૂ કરેલા પ્રવાસ બાદ મુંબઈ ઍરપોર્ટ પર આવી પહોંચ્યા ત્યારે ભારતીય ક્રિકેટના અધિકારીઓ તેમ જ અસંખ્ય ચાહકો અને ખુદ ખેલાડીઓના પરિવારજનોએ તેમનું શાનદાર સ્વાગત કર્યું હતું.

ભારત છઠ્ઠી વખત અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીત્યું છે. શુક્રવારે ઇંગ્લૅન્ડ સામેની ફાઇનલમાં ભારતે ૧૦૦ રનથી વિજય મેળવ્યો હતો. ભારતે નવ વિકેટે ૪૧૧ રન કર્યા બાદ ઇંગ્લૅન્ડની ટીમ ૩૧૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

મૂળ બિહારના ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ શુક્રવારની ફાઇનલમાં ૮૦ બૉલમાં ૧૫ છગ્ગા અને ૧૫ ચોગ્ગાની મદદથી ૧૭૫ રન કર્યા હતા. ૧૯૮૩માં કપિલ દેવે વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે સામેની મૅચમાં અણનમ ૧૭૫ રન કર્યા હતા એ યાદગાર ઇનિંગ્સની યાદ વૈભવે શુક્રવારની ઇનિંગ્સ સાથે અપાવી હતી.

મુંબઈ ઍરપોર્ટ પર ખાસ કરીને વૈભવ સૂર્યવંશી અને કૅપ્ટન આયુષ મ્હાત્રે, વલસાડનો હેનિલ પટેલ તેમ જ વિકેટકીપર બૅટ્સમૅન અભિજ્ઞાન કુન્ડુ છવાઈ ગયા હતા. ■

### નાલાસોપારાના મ્હાત્રેનો આખો પરિવાર ઍરપોર્ટ પર

અન્ડર-૧૯ ટીમનો સુકાની આયુષ મ્હાત્રે નાલાસોપારામાં નાલે ગામનો છે. શુક્રવારે ભારત વિશ્વ વિજેતા બન્યું ત્યાર બાદ આયુષના ઘરે અસંખ્ય લોકો આવ્યા હતા અને આયુષના પરિવાર સાથે જીત સેલિબ્રેટ કરી હતી. રવિવારે મુંબઈ ઍરપોર્ટ પર આયુષને રિસીવ કરવા તેનો આખો પરિવાર હાજર હતો. એમાં આયુષના મમ્મી-પપ્પા અને આયુષના બનેવી તેમ જ બીજા નજીકના સંબંધીઓનો સમાવેશ હતો. આયુષે ફાઇનલમાં ૫૧ બૉલમાં ૫૩ રન કર્યા હતા.

### આયુષના પપ્પા-મમ્મીએ શું કહ્યું?

આયુષ મ્હાત્રેનું નામ ભારત વતી અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીતનાર કૅપ્ટનોમાં મોહમ્મદ કૈફ, વિરાટ કોહલી, ઉન્મુક્ત ચંદ, પૃથ્વી શૉ અને યશ ધુલ સાથે લખાઈ ગયું છે. આયુષના પિતા યોગેશ કમલાકર મ્હાત્રેએ પીટીઆઇને રવિવારે ઍરપોર્ટ પર કહ્યું, ‘ પૅરેન્ટ્સ તરીકે અમે એટલા બધા રોમાંચિત છીએ કે એ વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી. આ ભારતીય ટીમના ખેલાડીઓએ વર્ષોથી જે તનતોડ મહેનત કરી એ રંગ લાવી.’

આયુષના મમ્મીએ કહ્યું, ‘ મારો પુત્ર કૅપ્ટન તરીકે ટ્રૉફી ભારત લેતો આવ્યો એ બદલ હું બેહદ ખુશ છું. તે ખૂબ નાનો હતો ત્યારથી તેને ક્રિકેટ રમવાનો શોખ છે. બાળપણના સમયથી તેણે જે મહેનત કરી એનું પરિણામ હવે જોવા મળ્યું છે. અમે ઘરે પહોંચ્યા પછી આ વિજયની વધુ ઉજવણી કરીશું.’ ■



**ચૅમ્પિયનોને વેલકમઃ**
વૈભવ સૂર્યવંશી તેમ જ બીજા ખેલાડીઓનું પરિવારજનો અને ચાહકોએ રવિવારે મુંબઈ વિમાની મથકે ભવ્ય સ્વાગત કર્યું હતું.

# ગુજરાત ક્રિકેટ અસોસિયેશને રાજ્યના ત્રણ ખેલાડીઓને સોશ્યલ મીડિયામાં બિરદાવ્યા



વર્લ્ડ ચૅમ્પિયન અન્ડર-૧૯ ભારતીય ટીમમાં ગુજરાતના ત્રણ ખેલાડી ફાસ્ટ બોલર હેનિલ પટેલ, સ્પિનર ખિલન પટેલ તેમ જ બૅટ્સમૅન વેદાંત ત્રિવેદીનો સમાવેશ હતો. શુક્રવારે ભારત વિશ્વ વિજેતા બન્યું એ સાથે જ સોશ્યલ મીડિયામાં ગુજરાત ક્રિકેટ અસોસિયેશને રાજ્યના ત્રણેય ખેલાડીની તસવીર સાથે એક પોસ્ટમાં તેમને બિરદાવતી સ્ટોરી મૂકી હતી. આ ત્રણેય ખેલાડીએ ભારતને ટાઇટલ અપાવવામાં મહત્ત્વના યોગદાન આપ્યા હતા.

# અફઘાની સ્પિનર મુજીબના શરૂઆતના બે આંચકા પછી ન્યૂ ઝીલૅન્ડનો હાઇએસ્ટ ચેઝ સાથે વિજય

ચેન્નઈઃ અહીં મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં રવિવારની પ્રથમ મૅચમાં અફઘાનિસ્તાને ન્યૂ ઝીલૅન્ડને આસાનીથી નહોતું જીતવા દીધું, કારણકે અફઘાનિસ્તાને આપેલા ૧૮૩ રનના પડકારરૂપ લક્ષ્યાંક બાદ મિચલ સૅન્ટનરના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડે શરૂઆતમાં બે મોટા આંચકા જોવા પડ્યા હતા, પરંતુ પછીથી પોતાના હાઇએસ્ટ ચેઝ સાથે વિજય હાંસલ કર્યો હતો. ન્યૂ ઝીલૅન્ડે ૧૭.૫ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૩ રન કર્યા હતા અને ટી-૨૦માં કિવીઓનો આ સૌથી મોટો સફળ ચેઝ છે.

ન્યૂ ઝીલૅન્ડે ૧૮૩ રનનો ટાર્ગેટ ચેઝ કરવા માટેની સફર શરૂ કરી ત્યારે અફઘાનના કૅપ્ટન રાશીદ ખાને બીજી ઓવર ઑફ સ્પિનર મુજીબ ઉર રહમાનને આપી હતી. એમાં તેણે ત્રીજા બૉલમાં ફિન ઍલન (એક રન)ને અને ચોથા બૉલમાં રચિન રવીન્દ્ર (૦)ને ક્લીન બોલ્ડ કરીને તરખાટ મચાવી દીધો હતો. તેણે આ બે ઝટકા આપ્યા એટલે ન્યૂ ઝીલૅન્ડની છાવણીમાં સોપો પાડી દીધો હતો. જોકે પછીથી ઓપનર ટિમ સિફર્ટ (૬૫ રન, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) અને ગ્લેન ફિલિપ્સ (૪૨ રન, પચીસ બૉલ, એક સિક્સર, સાત ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૭૪ રનની ભાગીદારી થતાં કિવીઓના વિજયની આશા વધી ગઈ હતી.

ટિમ સિફર્ટે વિકેટ ગુમાવતાં પહેલાં માર્ક ચૅપમૅન (૨૮ રન, ૧૭ બૉલ, એક સિક્સર, બે ફોર) સાથે ૩૬ રનની પાર્ટનરશિપ પણ કરી હતી. છેલ્લે ડેરિલ મિચલ (પચીસ અણનમ, ૧૪ બૉલ, એક સિક્સર, એક ફોર) અને કૅપ્ટન મિચલ સૅન્ટનર (૧૭ અણનમ, આઠ બૉલ, એક સિક્સર, બે ફોર)ની જોડીએ કિવીઓની નૌકા હેમખેમ પાર કરી હતી. અફઘાનિસ્તાન વતી મુજીબની બે વિકેટ ઉપરાંત અઝમતુલ્લા ઓમરઝાઈ, રાશીદ ખાન અને મોહમ્મદ નબીએ એક-એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, અફઘાનિસ્તાને એકમાત્ર ગુલબદીન નઇબ (૬૩ રન, ૩૫ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી છ વિકેટે ૧૮૨ રન કર્યા હતા. કિવી બોલર લૉકી ફર્ગ્યુસને સૌથી વધુ બે વિકેટ લીધી હતી, પરંતુ કિવીઓના સાત બોલર અફઘાનના બૅટ્સમેનોને ૧૮૨ રનના પડકારરૂપ ટોટલથી વંચિત નહોતા રાખી શક્યા. ■





# ભારતે ડેવિસ કપમાં નેધરલૅન્ડ્સને ૩-૨થી હરાવ્યું

બેંગ્લૂરુઃ બેંગ્લૂરુમાં ભારત અને નેધરલૅન્ડ્સ વચ્ચેના ડેવિસ કપ ક્વૉલિફાયર મુકાબલામાં બન્ને દેશની ટીમ ૨-૨ની બરાબરીમાં હતું અને ત્યારબાદ સિંગલ્સની પાંચમી અને છેલ્લી મૅચમાં ડી. સુરેશે જીતાડી દેતા ભારતનો ૩-૨થી વિજય થયો હતો. તેણે શનિવારે ડિ યૉન્ગને હરાવી દીધો હતો. એ પહેલાં, ડબલ્સમાં યુકી ભાંબરી અને ડી. સુરેશે ડેવિડ પેલ તથા સૅન્ડર આરેન્ડ્સની જોડીને ડબલ્સના ત્રણ કલાકના મુકાબલામાં ૭-૬ (૦), ૩-૬, ૭-૬ (૧)થી હરાવીને ભારતને ૨-૧થી સરસાઈ અપાવી હતી. જોકે જેસ્પર યૉન્ગ સામે સુમિત નાગલ સિંગલ્સમાં ૭-૫, ૧-૬, ૪-૬થી હારી જતાં સ્કોર ૨-૨થી બરાબરીમાં આવી ગયો હતો. ■

# રણજીમાં મુંબઈ સામે કર્ણાટકને ૨૧૨ રનની જરૂરી

મુંબઈઃ અહીં મુંબઈએ કર્ણાટકને રણજી ટ્રોફી ક્વૉર્ટર ફાઇનલમાં જીતવા ૩૨૫ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ કર્ણાટકે બીજા દાવમાં બે વિકેટે ૧૧૩ રન કર્યા હતા અને એને હજી બીજા ૨૧૨ રનની જરૂર છે. દરમ્યાન, ઝારખંડ સામે જીતીને ઉત્તરાખંડ સેમિ ફાઇનલમાં પહોંચી ગયું છે. ત્રીજી ક્વૉર્ટરમાં આંધ્ર સામે બેન્ગાલે ૧૨૩ રનથી સરસાઈ મેળવી છે, જ્યારે જમ્મુ-કાશ્મીર સામેની ક્વૉર્ટરમાં મધ્ય પ્રદેશે ૨૯૧ના લક્ષ્યાંક સામે ૮૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી છે અને એને હજી બીજા ૨૦૪ રનની જરૂર છે. ■

# અન્ડર-૧૯ વર્લ્ડ કપની ટીમ ઑફ ધ ટૂર્નામેન્ટમાં વૈભવ અને હેનિલ પટેલ સહિત ત્રણ ભારતીય

દુબઈઃ શુક્રવારે હરારેમાં અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડને ૧૦૦ રનથી હરાવીને ભારતે છઠ્ઠી વખત જે ટાઇટલ જીતી લીધું એ શાનદાર જીતના મુખ્ય ખેલાડી અને લેફ્ટ-હૅન્ડ ઓપનર વૈભવ સૂર્યવંશી ઉપરાંત પેસ બોલર હેનિલ પટેલ અને ઑલરાઉન્ડર કનિષ્ક ચૌહાણ સહિત ત્રણ ભારતીય ખેલાડીને આઇસીસી ટીમ ઑફ ધ ટૂર્નામેન્ટમાં સ્થાન મળ્યું છે. આ ટીમ સિલેક્ટ કરનારાઓમાં ઇયાન બિશન, ઍન્ડી ફ્લાવર, લીડિયા ગ્રીનવે અને ટેલ્ફર્ડ વાઇસનો સમાવેશ હતો.

૧૪ વર્ષના અને મૂળ બિહારના વૈભવે ફાઇનલમાં ૮૦ બૉલમાં ૧૫ છગ્ગા અને ૧૫ ચોગ્ગાની મદદથી ૧૭૫ રન કરીને ભારતની જીતનો પાયો નાખ્યો હતો. તેણે મૅન ઑફ ધ ફાઇનલ તેમ જ મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતી લીધો હતો.

કનિષ્ક ચૌહાણે બોલિંગ તેમ જ બૅટિંગ બન્નેમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, જ્યારે વલસાડમાં જન્મેલા હેનિલ પટેલે આખી ટૂર્નામેન્ટમાં ૧૧ વિકેટ લીધી હતી જેમાં ખાસ કરીને યુએસએ સામેની મૅચમાં તેણે ૧૬ રનમાં પાંચ વિકેટનો જે તરખાટ મચાવ્યો એને કારણે તેને આ સ્ટાર ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

આઇસીસીની ટીમ ઑફ ધ ટૂર્નામેન્ટમાં રનર-અપ ઇંગ્લૅન્ડના પણ ત્રણ ખેલાડી સામેલ છે. ઇંગ્લૅન્ડના કૅપ્ટન-વિકેટકીપર થૉમસ રેવને આ આઇસીસી ટીમમાં મહત્ત્વના જોડિયા સ્થાન તરીકે સમાવાયો છે. આ ટીમમાં સામેલ થૉમસના બે સાથી ખેલાડીમાંથી મૅની લુમ્સડેને ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૧૬ વિકેટ લીધી હતી અને બેન મેયસે હાઇએસ્ટ ૪૪૪ રન કર્યા હતા. ■



વૈભવ સૂર્યવંશી (ડાબે) માર્ચમાં ૧૫ વર્ષ પૂરા કરશે એટલે ત્યાર પછી તે ભારતની નૅશનલ ટીમમાં સ્થાન મેળવવાને પાત્ર બનશે. કનિષ્ક ચૌહાણે (જમણે) વર્લ્ડ કપમાં ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી ભારતને ટાઇટલ અપાવવામાં મોટું યોગદાન આપ્યું હતું.

### ૨૦૨૬ના અન્ડર-૧૯ વર્લ્ડ કપની આઇસીસી ટીમઃ

વૈભવ સૂર્યવંશી (ભારત), વિરેન ચામુદિથા (શ્રીલંકા), ફૈસલ ખાન શિનોઝાદા (અફઘાનિસ્તાન), થૉમસ રેવ (ઇંગ્લૅન્ડ, કૅપ્ટન-વિકેટકીપર), ઑલિવર પીક (ઑસ્ટ્રેલિયા), બેન મેયસ (ઇંગ્લૅન્ડ), કનિષ્ક ચૌહાણ (ભારત), નૂરિસ્તાની ઓમરઝાઇ (અફઘાનિસ્તાન), વિટેલ લૉવીસ (વેસ્ટ ઇન્ડિઝ), અલી રઝા (પાકિસ્તાન), મૅની લુમ્સડેન (ઇંગ્લૅન્ડ) અને હેનિલ પટેલ (ભારત).

### વિશ્વ વિજેતા અન્ડર-૧૯ ટીમને બીસીસીઆઇનું ₹ ૭.૫ કરોડનું ઇનામ

મુંબઈઃ આયુષ મ્હાત્રેના સુકાનમાં શુક્રવારે ઇંગ્લૅન્ડને ફાઇનલમાં ૧૦૦ રનથી હરાવીને ભારતને અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપનું છઠ્ઠું ટાઇટલ અપાવનાર ભારતીય ટીમ માટે બીસીસીઆઇએ કુલ ૭.૫ કરોડ રૂપિયાનું ઇનામ આપવાનું નક્કી કર્યું હોવાનું રવિવારે એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

આ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં કુલ ૧૫ ખેલાડીએ ભાગ લીધો હતો. એમાં ખાસ કરીને વૈભવ સૂર્યવંશીએ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મ કર્યું હતું. તેને પ્લેયર ઑફ ધ ફાઇનલનો તેમ જ પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

# બજારની નજર બુધવાર પરઃ વૈશ્વિક વલણો સાથે રિટેલ અને હોલસેલ ઈન્ફ્લેશનના ડેટા પર ફોકસ

**શેર બજાર**

નિલેશ વાઘેલા

મુંબઇઃ અમેરિકા સાથે વચગાળાના વ્યાપાર કરાર થવાને કારણે બજારને થોડો કરાર મળ્યો છે અને વિદેશી ફંડોએ પણ ફરી એક વાર ભારતમાં રોકાણ કરવાની દિશામાં હોય એવા લખખ્ણ દેખાડ્યા છે. જોકે, હજુ ઘણી બાબતો એવી રહી છે જે બજારને આગળ જતાં અસર કરશે. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૨૮૫૭.૪૬ પોઇન્ટ અથવા તો ૩.૫૩ ટકા અને નિફ્ટી ૮૬૮.૨૫ પોઇન્ટ અથવા તો ૩.૪૯ પોઇન્ટ ઊછળ્યો છે.

અમેરિકા સાથેની ટ્રેડ ડીલ બાદ આરબીઆઇની પોલિસીથી બજારને બુસ્ટ મળ્યું હતું. આરબીઆઇએ અપેક્ષા અનુસાર નીતિ દર યથાવત રાખ્યો હતો. કેન્દ્રીય બેંકે, ચાલુ નાણાકીય વર્ષ માટે તેની છઠ્ઠી અને અંતિમ દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષામાં, રેપો રેટ ૫.૨૫ ટકા પર જાળવી રાખવાનો નિર્ણય લીધો અને તટસ્થ વલણ જાળવી રાખ્યું છે. દરમિયાન, રોકાણકારોનું ધ્યાન યુએસ-ઈરાન ટેન્શન અને એઆઇ ટેકનોલોજી સંદર્ભના સમાચાર પ્રવાહ પર મંડાયેલું છે.

નિષ્ણાતો કહે છે કે, શેરબજારો આ અઠવાડિયે ૧૨ ફેબ્રુઆરીના રોજ જાહેર થનારા રિટેલ ફુગાવાના ડેટા, હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સના આંકડા અને ભારત-અમેરિકા વેપાર સોદા પર અપડેટ્સ પર નજર રાખશે. વૈશ્વિક સંકેતો, ભૂરાજનીતિ, કોર્પોરેટ પરિણામો, રૂપિયાની ગતિવિધિ અને એફઆઇઆઇ પ્રવાહ બજારોને અસ્થિર રાખશે, જેમાં નિફ્ટી મધ્યમ ગાળાના હકારાત્મક વલણ દર્શાવે છે.

શેરબજારો એક ઘટનાસભર સપ્તાહ માટે તૈયાર છે, જેમાં ફુગાવાના ડેટાથી લઈને ભારત-અમેરિકા વેપાર સોદા પર અપડેટ્સ સુધીના, રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરે એવાં ઘણાં મહત્વપૂર્ણ સ્થાનિક અને વૈશ્વિક પરિબળોની અપેક્ષા છે. સરવાળે આ સપ્તાહે પણ બજારો અસ્થિર અને સમાચાર-આધારિત ચાલ બતાવે એવી સંભાવના છે.

ભારતમાં, રોકાણકારો ૧૨ ફેબ્રુઆરીના રોજ જાહેર થવનારા રિટેલ ફુગાવાના ડેટા પર નજીકથી નજર રાખશે. આ ડેટા મહત્વપૂર્ણ છે કારણ કે તે ૨૦૨૪ના સુધારેલા આધાર વર્ષ સાથે બહાર પાડવામાં આવશે, જે અર્થતંત્રમાં ભાવ વલણોનો નવો દૃષ્ટિકોણ આપશે.

આ પછી ૧૩ ફેબ્રુઆરીના રોજ હોલસેલ પ્રાઇસ આધારિત ફુગાવાના આંકડા અને વિદેશી વિનિમય અનામત ડેટા રજૂ કરવામાં આવશે, જે રોકાણકારોને જથ્થાબંધ ભાવની ગતિવિધિઓ અને દેશની બાહ્ય નાણાકીય સ્થિતિને સમજવામાં મદદ કરશે.

ભારત-યુએસ વેપાર સોદાના વિકાસ

બજારો ભારત-યુએસ વચગાળાના વેપાર સોદાને લગતી નવી વિગતો પર પણ નજર રાખશે. કરારના માળખા અથવા સમયરેખા અંગે કોઈપણ સ્પષ્ટતા નિકાસ, ઉત્પાદન અને વૈશ્વિક વેપાર સાથે જોડાયેલા ક્ષેત્રોને અસર કરી શકે છે. અત્યારે તો બધું સકારાત્મક જણાઇ રહ્યું છે અને સરકાર પણ એવા સંકેત આપી રહી છે. જોકે, ટ્રમ્પની ગતિ અને દિશા અત્યંત અનિશ્ચિત રહે છે અને તેણે એવી ચીમકી તો આપી જ છે કે જો ભારત રશિયન ઓઇલની આયાત બંધ નહીં કરશે તો ટેરિફ ફરી વધારી દેવામાં આવશે.

રોકાણકારોની નજર કંપની પરિણામો પર પણ છે. એકંદર પરિણામો હજુ સુધી મિશ્ર રહ્યા છે અને ઘણી સારી કંપનીઓએ નુકસાની પણ નોંધાવી છે. નોંધવું રહ્યું કે કોર્પોરેટ કમાણીની મોસમ હજુ પણ સક્રિય છે, અને ઘણી કંપનીઓ પરિણામો જાહેર કરે તેવી અપેક્ષા છે. આ કમાણી ખાસ કરીને મિડ-કેપ અને લાર્જ-કેપ શેરોમાં સ્ટોક-વિશિષ્ટ હિલચાલ તરફ દોરી શકે છે. વૈશ્વિક સ્તરે, રોકાણકારો મુખ્ય યુએસ આર્થિક ડેટા અને નાસ્ડેક કમ્પોઝિટના પ્રદર્શન પર નજર રાખશે, જેમાં તાજેતરમાં કેટલીક નબળાઈ જોવા મળી છે.

શેરબજારની ચાલ માટે ભૂ-રાજકીય જોખમો મહત્વપૂર્ણ રહે છે. ભૌગોલિક રાજકીય અસરકર્તા બાબતોમાં, ખાસ કરીને યુએસ અને ઈરાન વચ્ચેની વાટાઘાટો પર પણ નજીકથી નજર રાખવામાં આવશે. કોઈપણ નકારાત્મક પરિણામ સંભવિત લશ્કરી કાર્યવાહી અંગે ચિંતાઓ ઉભી કરી શકે છે, જેના કારણે વૈશ્વિક ઇક્વિટી, ચલણ અને કોમોડિટી બજારોમાં વધુ અસ્થિરતા જોવા મળે છે. હાલ અમેરિકાએ ઇરાન પર દબાણ વધારવા તેના વિકરાળ યુદ્ધ જહાજો અને સબમરીનો ઇન્ડિયન ઓશનમાં ખડકી તો દીધા છે, પરંતુ ઇરાન સરળથી મચક આપે એવા અણસાર દેખાતા નથી.

ભારત-યુએસ વેપાર જાહેરાત પછી તાજેતરમાં રેકોર્ડ નીચા સ્તરેથી સ્વસ્થ થયેલો ભારતીય રૂપિયો એક મુખ્ય સૂચક રહેશે. આ સાથે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર (એફઆઇઆઇ) પ્રવાહ પર નજર રાખવામાં આવશે જેથી પ્રવાહિતા અને જોખમની ભૂખનું મૂલ્યાંકન કરી શકાય. કેન્દ્રીય બજેટ ૨૦૨૬ અને રિઝર્વ બેન્કના નીતિગત નિર્ણયો પહેલાથી જ સમાવિષ્ટ થઈ ગયા હોવાથી, બજારો એકીકરણના તબક્કામાં પ્રવેશી ગયા છે. રોકાણકારો હવે વાસ્તવિક ખર્ચ, મૂડીખર્ચ અમલીકરણ અને નીતિ અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર ગયા અઠવાડિયે, નિફ્ટી ઇન્ડેક્સ ઝડપથી આગળ વધ્યો, ૨૬,૩૪૧ની ઊંચી સપાટી અને ૨૪,૬૭૯ની નીચી સપાટીને સ્પર્શ્યો, અને પછી ૮૬૮ પોઈન્ટ વધીને ૨૫,૬૯૩.૭૦ પર બંધ થયો. ટેકનિકલી, ઇન્ડેક્સે મજબૂત તેજીનું પેટર્ન બનાવ્યું છે. તાત્કાલિક પ્રતિકાર ૨૫,૮૦૦ પર જોવા મળે છે, જ્યારે સપોર્ટ ૨૫,૫૦૦ ની નજીક છે.

કોર્પોરેટ હલચલમાં ક્યુપિડ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આદિત્ય કુમાર હલવાસિયાએ પાંચમી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ૬,૪૬,૫૧૩ શેરની બજાર ખરીદી દ્વારા કંપનીમાં તેમનો ઇક્વિટી હિસ્સો વધાર્યો છે. આ સંપાદન કંપનીના કુલ ઇક્વિટીનો ૦.૨૪ ટકા હિસ્સો થાય છે. આ સોદા બાદ, ક્યુપિડ લિમિટેડમાં તેમનું વ્યક્તિગત શેરહોલ્ડિંગ વધીને ૩૨.૮૨ ટકા થયું છે. પરિણામે, પ્રમોટર અને પ્રમોટર જૂથનું કુલ શેરહોલ્ડિંગ હવે ૪૫.૮૦ ટકા થયું છે.

ડિઝાઇન, સિવિલ વર્ક્સ, પીઈબી સ્ટ્રક્ચર્સ, એમઇપી સિસ્ટમ્સ, સોલાર ઇન્સ્ટોલેશન અને ઇન્ટિરિયર ફિટ આઉટ્સમાં એન્ડ ટુ એન્ડ ટર્નકી એક્ઝિક્યુશન પૂરું પાડતી અગ્રણી ઇપીસી કંપનીઓમાંની એક, સથલોખર સિનર્જીસ ઈએન્ડસી ગ્લોબલ લિમિટેડે ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૪૦૦.૮૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૮૯.૭૨ કરોડની કુલ આવક અને ૩૪૦.૦૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૯.૭૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

એલ્યુમિનિયમ, કોપર ફિન્સ, કોપર ટ્યુબ હીટ એક્સ્ચેન્જર્સ, વોટર કોઇલ્સ અને કન્ડેન્સર અને ઇવેપોરેટર કોઇલ્સના અગ્રણી ઉત્પાદક અને નિકાસકારોમાંની એક, કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણમમાં વાર્ષિક ધોરણે ૩૩.૨૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫૫.૦૯ કરોડની કુલ આવક, ૬૫.૦૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૨.૬૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

બિરલા પ્રિસિશન ટેકનોલોજી લિમિટેડ એ ગ્રોથ, ઇનોવેશન અને એડવાન્સ પ્રિસિશન મેન્યુફેક્ચરિંગને આવરી લેતી નવી બ્રાન્ડ આઇડેન્ટીટી ધારણ કરવા નવો લોગો લોન્ચ કર્યો છે. કંપની ટેક્નોલોજી અને ક્ષમતા વિસ્તરણ સાથે એરોસ્પેસ, ડિફેન્સ સહિતના સેગમેન્ટ પર ફોકસ કરશે.

# કોર્પોરેટ ગવર્નન્સઃ લિસ્ટેડ બેંકો માટે આરબીઆઈના નહીં, સેબીના જ નિયમો બાધ્ય

મુંબઈઃ જાહેર ક્ષેત્રની બેંકો સહિત લિસ્ટેડ એન્ટિટીઓએ તેમના ત્રિમાસિક કોર્પોરેટ ગવર્નન્સ પાલન અહેવાલો સંપૂર્ણ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સમક્ષ રજૂ કરવા પડશે અને આ જવાબદારી ઓડિટ સમિતિ જેવી બોર્ડ સમિતિઓને સોંપી શકાતી નથી, એવી સ્પષ્ટતા કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ જાહેર કરી છે.

આ સ્પષ્ટતા પંજાબ નેશનલ બેંક (પીએનબી)ને જારી કરાયેલી એક અનૌપચારિક માર્ગદર્શિકા દ્વારા કરવામાં આવી હતી, જેમાં સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૨૭ના પાલન અંગે સેબીના અર્થઘટનાત્મક દૃષ્ટિકોણની માગ કરવામાં આવી હતી. પીએનબીએ એવી દલીલ કરી હતી કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કોમર્શિયલ બેંકો, ગવર્નન્સ દિશાનિર્દેશો, ૨૦૨૫ જાહેર ક્ષેત્રની બેંકોને બોર્ડની સમિતિઓને કાનૂની અને નિયમનકારી આવશ્યકતાઓનું પાલન સહિત કેટલીક બાબતો સોંપવાની મંજૂરી આપે છે, જેથી બોર્ડ વ્યૂહાત્મક મુદ્દાઓ પર વધુ ધ્યાન આપી શકે.

આ નિયમનકારી માળખાના આધારે, બેંકે સેબીનો અભિપ્રાય માગ્યો હતો કે શું ત્રિમાસિક સંકલિત ગવર્નન્સ રિપોર્ટની દેખરેખ ઓડિટ સમિતિ અથવા બોર્ડની સમાન સમિતિને સોંપી શકાય. જોકે, સેબીએ જણાવ્યું હતું કે લિસ્ટેડ એન્ટિટીઝ માટે વ્યવસાય કરવાની સરળતા માટે જારી કરાયેલા એલઓડીઆર રેગ્યુલેશન્સ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજના તેના પરિપત્ર હેઠળની આવશ્યકતાઓ આરબીઆઇના ગવર્નન્સ ફ્રેમવર્કથી અલગ છે અને તેના દ્વારા તેને હળવી કરવામાં આવતી નથી.

સેબીએ તેના અનૌપચારિક માર્ગદર્શન પત્રમાં જણાવ્યું હતું કે "આરબીઆઇના નિર્દેશોના સંદર્ભમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સમિતિ દ્વારા પાલન આવશ્યકતાઓનું નિરીક્ષણ એલઓડીઆર રેગ્યુલેશન્સ અને સેબી પરિપત્રોની જોગવાઈઓનું પાલન ગણી શકાય નહીં".

પીએનબીએ સેબીને એ પણ જાણ કરી હતી કે તેણે નેશનલ સ્ટોક એક્સચેન્જ પાસેથી સ્પષ્ટતા માગી હતી, જેણે આવા પ્રતિનિધિમંડળને મંજૂરી આપવા અંગે નકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. સેબીએ સ્પષ્ટતા કરી હતી કે અનૌપચારિક માર્ગદર્શન બેંક દ્વારા રજૂ કરાયેલા ચોક્કસ તથ્યોના આધારે જારી કરવામાં આવ્યું હતું અને તે સેબી બોર્ડના બંધનકર્તા નિર્ણયની રચના કરતું નથી. તેણે એ પણ નોંધ્યું હતું કે એક અલગ તથ્યલક્ષી મેટ્રિક્સ અલગ નિયમનકારી પરિણામ તરફ દોરી શકે છે.આ અનૌપચારિક માર્ગદર્શન અન્ય લિસ્ટેડ જાહેર ક્ષેત્રની બેંકો અને નિયમનકારી સંસ્થાઓને સ્પષ્ટતા પ્રદાન કરશે તેવી અપેક્ષા છે જે સેબી અને આરબીઆઇ ફ્રેમવર્ક હેઠળ ખાસ કરીને કોર્પોરેટ ગવર્નન્સ ડિસ્ક્લોઝર માટે બોર્ડ-સ્તરની જવાબદારી પર, ઓવરલેપિંગ ગવર્નન્સ આવશ્યકતાઓને નેવિગેટ કરે છે.

અનૌપચારિક માર્ગદર્શન માળખા હેઠળ, નિયમનકારી સંસ્થાઓ ફી ચૂકવીને નિયમનકારી મુદ્દાઓ પર સેબીનો અભિપ્રાય મેળવી શકે છે. આ નિર્ણયો અમલમાં મૂકતા પહેલા નિયમનકારી ઉલ્લંઘનોને ટાળવામાં સંસ્થાઓને મદદ કરે છે અને વધુ નિયમનકારી સ્પષ્ટતા પ્રદાન કરે છે. સેબીએ તાજેતરમાં અનૌપચારિક માર્ગદર્શન માટે એક નોડલ સેલ બનાવ્યો છે, અગાઉ સંબંધિત વિભાગ આવા પ્રશ્નોનું સંચાલન કરતો હતો હવે તેને નોડલ સેલ દ્વારા સુવિધા આપવામાં આવે છે.

# ભારતીય કોર્પોરેટ જગત માટે સાયબર ક્રાઇમ સૌથી મોટી ચિંતા

નવી દિલ્હીઃભારતીય કોર્પોરેટ જગત માટે સાઇબર ક્રાઇમ સૌથી મોટી ચિંતા છે અને ભારતીય કંપનીઓ માટે સાયબર સુરક્ષા ભંગ મુખ્ય જોખમ તરીકે ઉભરી આવ્યો હોવાનું તારણ તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણ રિપોર્ટમાં રજૂ કરાયું છે. ભારતીય કંપનીઓના સંગઠનાત્મક પ્રદર્શન માટે સાયબર સુરક્ષા ભંગ અને હુમલા મુખ્ય જોખમો તરીકે ઉભરી આવ્યા છે, રવિવારે પ્રકાશિત થયેલા એક નવા સવક્ષણ રિપોર્ટ મુજબ, ૫૧ ટકા વરિષ્ઠ કોર્પોરેટ અધિકારીઓએ તેને તેમની પ્રાથમિક ચિંતા ગણાવી છે. ઉપરોક્ત જોખમ સર્વેક્ષણ રિપોર્ટમાં બદલાતી ગ્રાહક માગ (૪૯ ટકા) અને ભૂરાજકીય ઘટનાઓ (૪૮ ટકા)ને વ્યવસાયો સામેના આગામી બે સૌથી મહત્વપૂર્ણ જોખમો તરીકે ઓળખવામાં આવ્યા છે. વિવિધ ક્ષેત્રોમાં વરિષ્ઠ નિર્ણય લેનારાઓના ઇનપુટ પર આધારિત આ અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ટેકનોલોજી જોખમ હવે કાર્યકારી સાતત્ય સાથે ગાઢ રીતે જોડાયેલું છે.

# એફઆઈઆઈની ₹ ૪,૮૯૬.૯૦ કરોડની ચોખ્ખી લેવાલી, માર્કેટ કેપ ₹ ૭.૨૯ લાખ કરોડ વધ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શરેબજારના રોકાણકારો માટે ઘણાં લાંબા સમય બાદ જોરદાર સુધારા અને તેજી ફરી શરૂ થવાની આશા લઇને આવેલા સમીક્ષા હેઠળના વિગત સપ્તાહ દરમિયાન પાવર અને રિયલ્ટી શેરો સર્વાધિક વધ્યા હતા.

યુએસ ડીલની અસરે સપ્તાહમાં ફરી શરૂ થયેલી વિદેશી ફંડોની લેવાલી નોંધપાત્ર રહી હતી. એફઆઈઆઈની રૂ.૪,૮૯૬.૯૦ કરોડની ચોખ્ખી લેવાલી, માર્કેટ કેપ રૂ.૭.૨૯ લાખ કરોડ વધ્યું

શુક્રવાર તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૧,૩૧૦.૬૨ પોઈન્ટ્સ (૧.૫૯ ટકા) વધ્યો હતો.સપ્તાહનો આરંભ કેન્દ્રીય રજૂઆતને પગલે રવિવાર ૧ ફેબ્રુઆરીથી થયો હતો. પહેલી ફેબ્રુઆરી અને રવિવારના રોજ સેન્સેક્સ ૮૨,૩૮૮.૯૭ ખૂલી એ જ દિવસે નીચામાં ૭૯,૮૯૯.૪૨ અને ૩ ફેબ્રુઆરી, મંગળવારે ઊંચામાં ૮૫,૮૭૧.૭૩ સુધી જઈ શુક્રવારે ૮૩,૫૮૦.૪૦ બંધ રહ્યો હતો. ગત શુક્રવાર ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૬૦.૦૨ લાખ કરોડ હતું તે ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના અંતે રૂ.૭.૨૯ લાખ કરોડ વધીને રૂ.૪૬૭.૩૧ લાખ કરોડ થયું હતું.

સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ મિડકેપ ૧.૨૧ ટકા ઘટ્યો હતો, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૩૯ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૧.૬૭ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૧.૫૧ ટકા વધ્યા હતા.

એસએમઈ આઈપીઓ ૩.૨૨ ટકા અને બીએસઈ આઈપીઓ ૧.૧૯ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં પાવર ૬.૫૮ ટકા, રિયલ્ટી ૫.૪૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૪.૩૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૩.૭૨ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૩.૩૭ ટકા, ઓટો ૩.૧૭ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૩ ટકા, હેલ્થકેર ૧.૪૫ ટકા, એફએમસીજી ૧.૪૧ ટકા, મેટલ ૧.૩૧ ટકા, બેન્કેક્સ ૦.૭૨ ટકા અને પીએસયુ ૦.૦૮ ટકા વધ્યા હતા, જ્યારે આઈટી ૬.૧૮ ટકા, ટેક ૩.૫૮ ટકા અને પીએસયુ બેન્ક ૧.૬૮ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૬૫ સ્ક્રિપ વધી, ૩૫ ઘટી. બીએસઈ ૨૦૦માં ૧૩૩ સ્ક્રિપ વધી, ૬૭ સ્ક્રિપ ઘટી, બીએસઈ ૩૦માં ૨૨ સ્ક્રિપ વધી, ૮ સ્ક્રિપ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૯૮ સ્ક્રિપ વધી, ૨૦૨ સ્ક્રિપ ઘટી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં પાવર ગ્રીડ ૧૨.૪૮ ટકા, અદાણી પોર્ટ્સ ૮.૫૫ ટકા, ટ્રેન્ડ ૮.૦૯ ટકા, ઈન્ડિગો ૬.૪૦ ટકા અને સન ફાર્મા ૫.૮૮ ટકા વધ્યો હતો, જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપ્સમાં એશિયન પેઈન્ટ ઈન્ફોસિસ ૮.૮૬ ટકા, ટેક મહિન્દ્ર ૭.૬૭ ટકા, એચસીએલ ટેકનોલોજી ૬.૩૩ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૬.૨૪ ટકા અને બીઈએલ ૪.૫૩ ટકા ગબડ્યો હતો.

ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૨૫ કંપનીઓમાંથી ૪૪૩ કંપનીઓના ભાવ વધ્યા અને ૨૮૦ના ઘટ્યા હતા. જ્યારે બી ગ્રુપની ૧૫૧૩ કંપનીઓમાં ૯૯૪ કંપનીઓના ભાવ વધ્યા, ૫૧૨ના ભાવ ઘટ્યા અને ૭ના સ્થિર રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૫ કંપનીઓને નીચલી તેમ જ ૨૪ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૧,૨૬,૮૪૩.૨૬ કરોડની ખરીદી અને રૂ.૧,૨૪,૫૫૨.૧૫ કરોડની વેચવાલી કરી હતી. આમ સ્થાનિક સંસ્થાઓએ રૂ.૨,૨૯૧.૧૧ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૧,૨૩,૭૪૩.૨૪ કરોડની ખરીદી અને રૂ.૧,૧૮,૮૪૬.૩૪ કરોડની વેચવાલી કરી હતી. આમ એફઆઈઆઈએ રૂ.૪,૮૯૬.૯૦ કરોડની ચોખ્ખી લેવાલી કરી હતી.

# જો ભારત રશિયન ઓઈલની આયાતમાં ઘટાડો કરશે તો ફુગાવો વધવાનું જોખમઃ મૂડીઝ

નવી દિલ્હીઃ ભારત-અમેરિકાના વેપાર સોદા નિકાસ માટે સકારાત્મક છે, ખાસ કરીને શ્રમ-સંચાલિત ક્ષેત્રો માટે લાભકારી છે. જોકે, રશિયન તેલ આયાતમાં અચાનક બંધ થવાથી વૈશ્વિક પુરવઠો ટાઇટ થઈ શકે છે, તેલના ભાવમાં વધારો થઈ શકે છે, ફુગાવો વધી શકે છે અને વૈશ્વિક વિકાસ પર દબાણ આવી શકે છે, એવલી ચેતવણી આપતા મૂડીઝે કહ્યું છે કે સ્થિરતા માટે ઊર્જા સ્રોતોમાં ધીમે ધીમે ફેરફાર કરવું સલાહભર્યું હોય છે.

ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત વેપાર સોદાથી બજારો અને નીતિ વર્તુળોમાં સકારાત્મક ચર્ચા જાગી છે.

મૂડીઝના મતે, યુએસ ટેરિફમાં ઘટાડો ભારતના રત્નો, ઝવેરાત, કાપડ અને શ્રમ-સઘન ક્ષેત્રોને ફાયદો કરાવશે, જેનાથી આ સોદો ક્રેડિટમાં સકારાત્મક બનશે. તે ભારતની નિકાસમાં વધારો કરશે અને યુએસ બજારમાં પ્રવેશમાં સુધારો કરશે, ટેકનોલોજી, ઉત્પાદન અને સંરક્ષણમાં નવી તકો ખોલશે.

મૂડીઝે ચેતવણી જારી કરી છે કે જો ભારત રશિયાથી તેની તેલ આયાતમાં નોંધપાત્ર અથવા અચાનક ઘટાડો કરે છે, તો આ પગલું વૈશ્વિક ઓઇલ પુરવઠાને અસ્થિર બનાવી શકે છે. આનાથી ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થશે, જે ફક્ત ભારત જ નહીં પરંતુ અન્ય તેલ આયાત કરતા દેશોને પણ અસર કરશે.

તેલના ઊંચા ભાવનો અર્થ ફક્ત મોંઘા પેટ્રોલ કરતાં વધુ છે, તે પરિવહન, લોજિસ્ટિક્સ, ઉત્પાદન અને દૈનિક આવશ્યક ચીજવસ્તુઓના ખર્ચને અસર કરે છે, જે અંતે ફુગાવાને વધારે છે. તેલના મુખ્ય ગ્રાહક તરીકે, ભારતનું રશિયાથી દૂર થવું એ સ્થાનિક બાબત રહેશે નહીં. તે વૈશ્વિક ઉર્જા પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરી શકે છે, આયાતકારો વચ્ચે તેલ માટે સ્પર્ધા તીવ્ર બનાવી શકે છે અને વૈશ્વિક સ્તરે ફુગાવો વધારી શકે છે, જે આર્થિક વિકાસને ધીમો પાડી શકે છે.

**ભારત માટે રશિયન તેલ શા માટે મહત્ત્વનું છે?**

ઓછી કિંમત અને સરળ લોજિસ્ટિક્સને કારણે રશિયન તેલ ભારત માટે મહત્વપૂર્ણ ટેકો રહ્યું છે. જો ભારતને વધુ મોંઘા સ્રોતોમાંથી ખરીદવાની ફરજ પાડવામાં આવે છે, તો અર્થતંત્ર પરનો બોજ નોંધપાત્ર રીતે વધશે.

મૂડીઝ ભલામણ કરે છે કે ભારતે અચાનક રશિયન તેલ છોડવાને બદલે ધીમે ધીમે તેના ઊર્જા પુરવઠામાં વિવિધતા લાવવી જોઈએ. ઊર્જા સુરક્ષા અને સ્થિર પુરવઠો ભારતના આર્થિક વિકાસ માટે ચાવીરૂપ છે, અને કોઈપણ સંક્રમણ વ્યૂહાત્મક અને સંતુલિત હોવું જોઈએ.

# ભારતની ડેટા સેન્ટર ક્ષમતા ૨030 સુધીમાં બમણીથી વધુ થઇ જશે!

નવી દિલ્હીઃ ભારતની ડેટા સેન્ટર ક્ષમતામાં ૨૦૨૫માં બમણીથી વધુ વધારો થયો છે, જે ૩૮૭ મેગાવોટ આઇટી સુધી પહોંચી છે કારણ કે દેશ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા બજારોમાંના એક તરીકે ઉભરી આવ્યો છે. એક ગ્લોબલ રિસર્ચ એજન્સીના અહેવાલ મુજબ, આ આંકડો ૨૦૨૪માં ઉમેરાયેલા ૧૯૧ મેગાવોટ આઇટીથી ૧૦૩ ટકાનો વાર્ષિક વધારો દર્શાવે છે. ૨૦૩૦ સુધીમાં, ભારતની કુલ ડેટા સેન્ટર ક્ષમતા ત્રણગણી થવાનો અંદાજ છે, જે ૨૩ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર સાથે ચાર ગીગાવોટ આઇટીથી વધુ પહોંચશે. બજારની માગમાં પણ સતત વધારો જોવા મળ્યો, ડેટા સેન્ટર શોષણ વાર્ષિક પાંચ ટકા વધીને ૨૦૨૫માં ૪૨૭ મેગાવોટ આઇટી થયું, જે પાછલા વર્ષના ૪૦૭ મેગાવોટ આઇટી હતું. ૨૦૨૫ના અંત સુધીમાં કુલ ઓપરેશનલ સ્ટોક ૧.૫ ગીગાવોટ આઇટી સુધી પહોંચ્યો, જેમાંથી ૩૩ ટકા ક્ષમતા હાઇપરસ્કેલર્સને સમર્પિત હતી.

હાઇપરસ્કેલર્સ અને એન્ટરપ્રાઇઝના મિશ્રણને સેવા આપતી સુવિધાઓનો હિસ્સો ૫૯ ટકા હતો, જ્યારે એન્ટરપ્રાઇઝ-માત્ર સ્ટોક આઠ ટકા હતો. મુંબઈ અને ચેન્નાઈ માગના મુખ્ય ચાલક રહ્યા, જે ૨૦૨૫માં કુલ ઉપભોગનો સિત્તેર ટકા હિસ્સો ધરાવે છે. "મુંબઈએ તેનું નેતૃત્વ જાળવી રાખ્યું, ૨૦૨૫માં કુલ વપરાશમાં ૪૮ ટકા યોગદાન આપ્યું, ત્યારબાદ ચેન્નઇ ૨૨ ટકા અને ટાયર-ટુ શહેરોએ કુલ વપરાશમાં સાત ટકા યોગદાન આપ્યુ હતું. પુરવઠા બાજુએ, મુંબઈ એકંદર પુરવઠામાં તેના યોગદાનના ૩૪ ટકા સાથે પેકનું નેતૃત્વ કર્યું હતું, ત્યારબાદ દિલ્હી-એનસીઆર અને ચન્નાઈ ૧૯ ટકા સાથે આવે છે, એમ રિપોર્ટમાં જણાવાયું છે. એન્ટરપ્રાઇઝ અને હાઇપરસ્કેલ માગ બંને દ્વારા સંચાલિત ૨૦૨૫માં ડેટા સેન્ટર ઉપભોગ ૪૩૦ મેગાવોટ હોવાનો અંદાજ છે, ભારતનો ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ મજબૂત ગતિ પકડી રહ્યો છે. ઉદ્યોગો દ્વારા ક્લાઉડ અપનાવવામાં વધારો વૈશ્વિક હાઇપરસ્કેલર્સ અને સ્થાનિક ક્લાઉડ ખેલાડીઓની માગને વેગ આપી રહ્યો છે, જ્યારે નીતિ સપોર્ટ અને ખર્ચ લાભો દ્વારા સમર્થિત વિશાખાપટ્ટનમ જેવા ઉભરતા સ્થળો ડેટા સેન્ટર ડેસ્ટિનેશન તરીકે ભારતના આકર્ષણને મજબૂત બનાવી રહ્યા છે. મુખ્ય મહાનગરો ઉપરાંત, ફાઇવ-જીના રોલઆઉટ અને મોબાઇલ સ્ટ્રીમિંગ અને ડિજિટલ સેવાઓનો વધતો ઉપયોગ સ્થાનિક ડેટા અને લેટન્સી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ટાયર ટુ શહેરોમાં હાઇપરસ્કેલ માગને વેગ આપી રહ્યો છે, એમ રિપોર્ટમાં જણાવાયું હતું. રિપોર્ટ અનુસાર ૨૦૨૬ માટેનો અંદાજ સતત વિસ્તરણ સૂચવે છે, જેમાં ક્ષમતા વધારા ૬૦૦ મેગાવોટ આઇટીથી વધુ થવાની ધારણા છે અને ઉપભોગ ૫૦૦ મેગાવોટ આઇટીને વટાવી જવાનો અંદાજ છે.

# બીટીએલના નવા ચેરપર્સનની નિમણૂક સાથે ડિરેક્ટર બોર્ડમાં ફેરફાર

મુંબઇઃ ટેકનોલોજીની આગેવાનીમાં મિકેનિકલ અને ઇલેક્ટ્રો-મિકેનિકલ પાવર ટ્રાન્સમિશન અને ઇન્ડસ્ટ્રીયલ ડ્રાઇવ સોલ્યુશન્સ પ્રોવાઇડર કંપની બોનફિગ્લિઓલી ટ્રાન્સમિશન લિમિટેડ (બીટીએલ)એ ચેરપર્સન તરીકે રવિન્દ્ર પિશારોદીની અને સ્વતંત્ર ડિરેક્ટર્સ તરીકે સુંદરેસન અનંથનારાયણન અને રોસેલા સ્કિયાવિનીની નિયુક્તિ કરીને બોર્ડ ઓફ ડિરેક્ટરમાં ફેરફાર જાહેર કર્યો છે. બોનફિગ્લિઓલી બ્રાન્ડ ૮૦ દેશોમાં ૭૦ વર્ષથી હાજરી ધરાવતી વૈશ્વિક બ્રાન્ડ છે. કંપનીએ રવિન્દ્ર પિશારોદીને અધ્યક્ષ અને સ્વતંત્ર ડિરેક્ટર તરીકે પ્રમોટ કર્યા છે. એપ્રિલ ૨૦૧૮થી બોનફિગ્લિઓલી સાથે સંકળાયેલા રવિન્દ્ર પિશારોદી પ્રતિષ્ઠિત બિઝનેસ અગ્રણી ત્રણ દાયકાનો અનુભવ ધરાવે છે. પોતાની કારકિર્દીમાં પિશારોદીએ અગ્રણી કંપનીઓમાં સિનિયર લીડરશીપ પોઝિશન સંભાળી છે, જેમાં ફિલિપ્સ ઇન્ડિયા લિમિટેડ, બીપી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડસ, બીપી સિંગાપોર પ્રાઇવેટ લિમિટેડ અને ટાટા મોટર્સ લિમિટેડનો સમાવેશ થાય છે.

કંપની ગિયરમોટર્સ, ડ્રાઇવ સિસ્ટમ્સ, પ્લેનેટરી ગિયરબોક્સ અને ઇન્વર્ટરની સંપૂર્ણ શ્રેણીનું વિશ્વવ્યાપી ડિઝાઇનર, ઉત્પાદક અને વિતરક છે, જે ઔદ્યોગિક ઓટોમેશન, મોબાઇલ મશીનરી અને નવીનીકરણીય ઊર્જામાં સૌથી પડકારજનક અને માંગણી કરતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

# દેશમાં ૨૦૨૫માં ૬,૩૦૦થી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ બંધ થયા

નવી દિલ્હીઃ દેશમાં ૨૦૨૫માં ૬,૩૦૦થી વધુ માન્ય સ્ટાર્ટઅપ્સ બંધ થયા હોવાની સરકારે માહિતી આપી છે. સંસદમાં આપેલી માહિતીમાં જણાવાયું હતું કે, બંધ થવાનું કારણ સામાન્ય રીતે બજારની સદ્ધરતાના મુદ્દાઓ, ભંડોળના પડકારો, આર્થિક પરિસ્થિતિઓ અને ઉત્પાદન સુસંગતતા હોય છે, સ્ટાર્ટઅપ સ્વાસ્થ્યમાં પ્રણાલીગત બગાડને કારણે નહીં. મહારાષ્ટ્રમાં સૌથી વધુ બંધ (૧,૨૦૦) નોંધાયા, ત્યારબાદ કર્ણાટક (૮૪૫), દિલ્હી (૭૩૭) અને ઉત્તર પ્રદેશ (૫૯૮) આવે છે.

૩૧ ઓક્ટોબર સુધીમાં ૬,૩૮૫ જેટલા માન્ય સ્ટાર્ટઅપ્સ બંધ થયા હતા, સરકારે સંસદમાં માહિતી આપી, પરંતુ ૨૦૨૪ની સરખામણીમાં આ વર્ષે બંધ થવામાં કોઈ વધારો થયો હોવાના અહેવાલોને નકારી કાઢ્યા. માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ દ્વારા સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલ હેઠળ આવકવેરા લાભો જેવા અનેક પ્રોત્સાહનો માટે પાત્ર છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ, કોર્પોરેટ બાબતોના મંત્રાલય (૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ શેર કરાયેલા ડેટાના આધારે) અનુસાર, ૬,૩૮૫ માન્ય સ્ટાર્ટઅપ્સને બંધ (એટલે કે, વિસર્જન/બંધ) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય પ્રધાન જિતિન પ્રસાદે લોકસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૨૦૦ શટડાઉન થયા, ત્યારબાદ કર્ણાટક (૮૪૫), દિલ્હી (૭૩૭) અને ઉત્તર પ્રદેશ (૫૯૮) આવે છે. પ્રસાદે જણાવ્યું હતું કે સરકારે ૨૦૨૫ માં શટડાઉનની ગતિમાં કોઈ વધારો જોયો નથી, ઉમેર્યું હતું કે બંધ થવાના કારણો સામાન્ય રીતે વ્યવસાય-મૉડેલ પડકારો, ભંડોળની મર્યાદાઓ, બજારની સ્થિતિ અને ઉત્પાદનની કાર્યક્ષમતાને કારણે થાય છે.

તેમણે ગૃહને માહિતી આપી કે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં ૧,૯૭,૬૯૨ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે. જે બંધ થાય છે તે સામાન્ય રીતે બિઝનેસ મૉડેલની સધ્ધરતા, બજારની માંગ સાથે સંરેખણ, સ્થાનિક અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓ, વિકસિત ઉત્પાદનો અને સેવાઓની પ્રકૃતિ, ભંડોળ આકર્ષવાની ક્ષમતા અને અન્ય વ્યવસાય-વિશિષ્ટ વિચારણાઓ જેવા પરિબળોથી પ્રભાવિત થાય છે, એમ તેમણે કહ્યું.

મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણા મુખ્ય ભંડોળ પ્રાપ્તકર્તાઓમાં હતા. આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૦-આઇએસી હેઠળ, એક પાત્ર સ્ટાર્ટઅપ સતત ત્રણ આકારણી વર્ષ માટે પાત્ર વ્યવસાયમાંથી મેળવેલા નફા અને નફાના ૧૦૦ ટકા જેટલી રકમની કપાતનો દાવો કરી શકે છે.



રાજકોટના મંગળા રોડ પર ફાયરીંગ કેસમાં મુર્ગા ગેંગનો મુખ્ય આરોપી સમીર જુણેજા ઝડપાયો હતો. પોલીસ તેને ઘટનાસ્થળે લઈ જઈ રી-કન્સ્ટ્રક્શન કર્યું હતું... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં રફ્તારનો કહેરઃ ગાંધીધામના ટાગોર રોડ પર તેજ ગતિએ દોડતી નબીરાઓની લકઝરી કારે બે દ્વિચક્રી ચાલકોનો જીવ લીધો, બે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના પંચરંગી ગાંધીધામ શહેરના ટાગોર રોડ પર ગત મધરાત્રે નબીરાઓ દ્વારા પૂરઝડપે દોડાવેલી બેફામ લકઝરી કારની હડફેટમાં આવી ગયેલા દ્વચક્રી વાહનો પર જઈ રહેલાં ચાર યુવકો પૈકી બે યુવકોના કમકમાટીભર્યા મોત નીપજતાં કચ્છ સહીત રાજ્યભરમાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

અમદાવાદના તથ્યકાંડની યાદ અપાવતી આ ગોઝારી દુર્ઘટના અંગે ઈન્ચાર્જ ડી.વાય.એસ.પી સાગર સાંબડાએ જણાવ્યું હતું કે, ગત મધરાત્રે બે વાગ્યાના અરસામાં ગાંધીધામના રોટરી સર્કલ નજીકના ટાગોર રોડ પર આ બનાવ બન્યો હતો જેમાં પૂરઝડપે જતી લકઝરી કારે આગળ જઈ રહેલાં સ્કૂટરને ટક્કર મારતા આ સ્કૂટર પર સવાર મહેશ્વરી નગરમાં રહેતા ભાવિક ભાણજીભાઈ પાતારીયા (ઉં.વ.૨૫) અને કલ્પેશ સુમાર ફજલ (ઉં.વ.૧૮)ના ગંભીર ઈજાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતા જયારે બેકાબૂ કારે મૃતકોના દ્વિચક્રી વાહનને ટક્કર મારી દીધા બાદ આગળ જતી અન્ય એક મોટર સાઇકલને પણ અડફેટમાં લેતાં હવામાં ઉડીને જમીન પર પટકાયેલા બે યુવકો પણ ઘાયલ થયા છે.

ભયાનક બનાવ બાદ એકઠા થઇ ગયેલા લોકોએ ચારે યુવકોને અકસ્માતગ્રસ્ત કારમાંથી બહાર કાઢીને તેમની સાથે મારપીટ કરી હતી અને આ તમામ યુવકોએ દારૂનો નશો કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો.

ઈન્ચાર્જ ડી.વાય.એસ.પી સાગર સાંબડાએ વધુમાં જણાવ્યું હતું કે, મંડપ-ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલા મૃતક ભાવિકે તેના માટે અંતિમ બની રહેલા ૨૫માં જન્મ દિવસની ઉજવણી કરી હતી અને આંબેડકર ભવનમાં આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમ માટે એલઇડી લાઈટ લગાડવા માટે ગત રાત્રે ટાગોર રોડ પરથી જઈ રહ્યો હતો ત્યારે તેને આ ભયાનક અકસ્માત નડ્યો હતો.

લકઝરી કારને આદિપુરના સિંધીનગર ખાતે રહેનાર નીતિન ગોસ્વામી નામનો ૨૪ વર્ષનો યુવક હંકારતો હતો. તેની સાથે મનીષ ખેમચંદાણી, દીપક દુવાણી, તરુણ રીઝવાણી સવાર હતા. ઉગ્ર થયેલી ભીડ વચ્ચે તક મળતાં ભુજ તરફ નાસી છૂટેલા બે યુવકોને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા. અકસ્માત સમયે કારની ગતિ, યુવકો નશામાં હતા કે નહીં તે જાણવા માટે પુરાવા એકત્ર કરવા માટે ફોરેન્સિક નિષ્ણાતોએ કવાયત આદરી છે.

ગાંધીધામ પોલીસે સાપરાધ મનુષ્ય વધની કલમ ૧૦૫, ૨૮૧, ૧૨૫ મોટર વેહિકલ એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ તળે ગુનો દાખલ કર્યો હોવાનું તેઓએ જણાવ્યું હતું. ■

# બે ભાઈને ઢોરમાર મારીને ૫૦ હજાર માગવાના પ્રકરણમાં કોઠારાના સાત પોલીસકર્મીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાનો નલિયા કોર્ટનો હુકમ સેશન્સ કોર્ટે રદ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છના અબડાસાના છેવાડાના રાયધણઝર ગામમાં રહેતા બે ભાઈઓને કથિત રીતે ગેરકાયેદે રીતે ઉઠાવી, બંધક બનાવીને ઢોરમાર મારીને ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને ૫૦ હજાર રૂપિયાની માગણી માગવાના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં કોઠારા પોલીસ મથકના સાત પોલીસકર્મીઓ વિરુદ્ધ તાત્કાલિક એફઆઈઆર નોંધાવવા નલિયા કોર્ટે આપેલા હુકમને નામદાર સેશન્સ અદાલતે રદ કરી દીધો હતો. રાયધણઝર ખાતે મગફળીની વાડી પર નિગરાની કરી રહેલા ખીરસરા (વિઝાણ)ના ૩૯ વર્ષિય અસલમ હિંગોરાને કથિત રીતે ગત ૨૧-૧૦-૨૦૨૫ની રાત્રે કોઠારા પોલીસ મથકના રવિરાજસિંહ જાડેજા સહિત કુલ સાત કર્મચારીઓએ બંદુક અને દારૂગોળો ક્યાં છુપાવ્યો છે તેમ કહીને તેને સખત માર મારીને ફોન ઝૂંટવી લીધો હતો તેમજ નજીકની વાડીએ રહેલા તેના ભાઈ સલીમને પણ ઉઠાવી લેવાયો હતો.

પોલીસ જીપમાં બંને ભાઈઓને એક બકરાંના વાડા પર જવામાં આવ્યા હતા જ્યાં પોલીસકર્મીઓએ પચાસ હજાર રૂપિયાની માગણી કરીને ત્રણ-ચાર કલાક સુધી બકરાનાં વાડામાં ગોંધી રાખ્યા હતા. રવિરાજે અસલમના ભાગીદાર લાલજી રાઠોડના પુત્ર ભરતને ફોન કરીને બંને ભાઈને પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી, મોબાઈલ ફોન પરત આપીને ચાલ્યાં ગયા હતા. મારના લીધે અધમુઆ થઇ ગયેલા અસલમને જી.કે. જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાંથી ડિસ્ચાર્જ થયા બાદ હૉસ્પિટલ ચોકીએ એમએલસી દાખલ થઈ હોવા છતાં પોલીસ તેની ફરિયાદ લેવા માટે ન આવતાં ગત ૨૧-૧૦-૨૦૨૫ના અસલમે કોઠારા પીએસઆઈને ઉદ્દેશીને ફરિયાદ નોંધવા અરજી કરી હતી પરંતુ કોઠારા પોલીસે ફરિયાદ દાખલ કરી નહોતી અને તેનું નિવેદન પણ ન લેતાં અસલમે પશ્ચિમ કચ્છ વિસ્તારના પોલીસ વડાને ગત ૧૩-૧૧-૨૦૨૫ના રોજ કોઠારા પોલીસને ફરિયાદ નોંધવાનો હુકમ કરવા અરજી કરી હતી જોકે ફરિયાદ દાખલ ન થતાં અસલમે નલિયાના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ સમક્ષ દાખલ કરેલી અરજીને મંજૂર રાખી હતી અને એ અરજીના આધારે પ્રથમ દ્રષ્ટિએ ગુનો બન્યો હોવાનું જણાઈ આવતું હોઈ તેના આધારે પોલીસકર્મીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવા અને ૬૦ દિવસની અંદર કોર્ટ સમક્ષ તપાસ અહેવાલ રજૂ કરવા હુકમ કર્યો હતો. આ હુકમ સામે દાખલ કરવામાં આવેલી રિવિઝન અરજીમાં રજૂઆત કરાઈ હતી કે ,એમએલસીના આધારે મોટો કોગ્નિઝેબલ ગુનો બનતો હોવાનું ફલિત થતું નથી. અસલમને નિવેદન નોંધાવવા માટે પીએસઆઈએ બોલાવ્યો હોવા છતાં કોઈ કારણોસર તે આવ્યો ન હતો. આ અરજી સંબંધે કોઈપણ પ્રકારની તપાસ કરાઈ નથી, ઉપલા અધિકારીઓ પાસેથી કોઈ અહેવાલ મેળવાયો ન હોઈ, નીચલી કોર્ટનો હુકમ ભૂલભરેલો અને ટકવાપાત્ર નથી તેવી અરજીમાં દલીલ કરાઈ હતી. ભુજની સેશન્સ કોર્ટના ન્યાયાધીશ દિલીપ પી. મહિડાએ નલિયા કોર્ટના હુકમને રદ કરીને કાયદાકીય જોગવાઈ મુજબ અરજી સંબંધે આગળની કાર્યવાહી કરવા હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરના તળાજા યાર્ડ બહાર સીસીઆઇના બે કર્મચારીઓ પર કુહાડી-છરી વડે હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા માર્કેટિંગ યાર્ડમાં કપાસ ખરીદીનું કામ કરતા કેન્દ્ર સરકારના સીસીઆઇ સંસ્થાના બે કર્મચારીઓ ઉપર યાર્ડ બહાર હોટલ નજીક એક ઇસમે કુહાડી અને છરી વડે રાત્રે હુમલો કર્યાની ઘટનાએ સનસનાટી મચાવી દીધી છે. હુમલો કરનાર ઈસમ કાના નામનો કોઈ ઈસમ હોવાનું ઘટના સ્થળે થી જાણવા મળ્યું હતું.

કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાંથી કપાસ ખરીદી કરવા માટે સીસીઆઇ સંસ્થા કાર્યરત છે.આ સંસ્થા દ્વારા તળાજા યાર્ડની મંજૂરી લઈ ને અહીંના જિનિંગ ફેકટરીઓ સાથે સંકલન કરીને કપાસ ની ખરીદી ખેડૂત પાસે થી કરે છે.કપાસ નિયમ મુજબ ની ગુણવત્તાવાળો હોવો જોઈએ. તેના માટે તળાજા ખાતે સ્થાનિકથી લઈ આંતર રાજ્યના યુવાનો કર્મચારી તરીકે ફરજ બજાવે છે. જેમાં રાજસ્થાનના બે યુવાનો રાહુલ ચીનકાર અને સુમિત કટિયાર રાત્રીના ૯.૩૦ કલાક આસપાસ યાર્ડ ની બહાર આવેલ હોટલ નજીક ઊભા હતા.આ સમયે એક અજાણ્યો ઈસમ હાથમાં કુહાડી લઈને આવેલ હતો.આ ઇસમે પહેલા કુહાડીનો ઘા રાહુલ ચીનકાર ઉપર કરેલ હતો. આથી તેની સાથે રહેલા સુમિતએ કુહાડી પકડી લેતા અજાણ્યા ઇસમે પોતાના કબજામાથી છરી કાઢી બંને પર બે બે ઘા ઝીકી દીધા હતા.

કમરથી ઉપરના ભાગે ઘા માર્યા હતા. બંને ઇજાગ્રસ્તને સદવિચાર હૉસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા.અહીં પ્રાથમિક સારવાર આપી બંનેને ભાવનગર રીફર કરવામાં આવ્યા હતા.

હોટલ ચલાવનાર છોડાવવા જતા તે યુવાનને પણ હાથના ભાગે ઇજા થવા પામી હતી.સ્થળપર થી જાણવા મળ્યું હતુંકે હુમલો કરનાર ઈસમ નું નામ કાનો છે.માખણીયા ગામેથી અહીં આવે છે.સીસીઆઇના બંને કર્મીઓ અહીં સોડા પીને ઊભા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. જોકે એકી સાથે બે તીક્ષ્ણ હથિયાર લાવીને ઝનૂનપૂર્વક હુમલો કરવાનું કારણ અકબંધ છે. ■

# ભાવનગર શહેર ભાજપનું નવું સંગઠન માળખું જાહેરઃ કુણાલ શાહ દ્વારા હોદ્દેદારો અને વિવિધ મોરચાના પ્રમુખોની નિમણૂક કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)


ભાવનગરઃ ભારતીય જનતા પાર્ટીના ભાવનગર મહાનગરના અધ્યક્ષ કુણાલ કે. શાહ (કુમાર શાહ) દ્વારા વર્ષ ૨૦૨૬ માટે સંગઠનાત્મક નિમણૂકોની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તથા પ્રદેશના મોવડી મંડળ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ ભાવનગર મહાનગરના વિવિધ હોદ્દેદારો અને મોરચાના પ્રમુખ-મહામંત્રીઓની વરણી સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્ય સંગઠન માળખાના હોદ્દેદારોમાં મહાનગરના સંગઠનમાં ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી અને ૧૦ મંત્રીઓની નિમણૂક કરાઈ છે.ઉપપ્રમુખઃ હરેશભાઈ દેવરાજભાઈ નાવડીયા, બળદેવસિંહ અમરસિંહ ચુડાસમા, કીર્તિબેન હિતેશભાઈ દાણીધારીયા, વિજયભાઈ ગુણવંતભાઈ મકવાણા, જાગૃતિબેન રાજેશભાઈ રાવલ, શૈલેષભાઈ વશરામભાઈ હુંબલ, શિલ્પાબેન મુકેશભાઈ દવે અને હિતેશભાઈ ધરમશીભાઈ પરમાર. મહામંત્રીઃ નરેન્દ્રસિંહ લખુભા ગોહિલ, મુકેશભાઈ આનંદભાઈ ડાભી અને નિલેશભાઈ નરેન્દ્રભાઈ રાવલ.મંત્રીઃ રંજનબેન રજનીકાંત પરમાર, રાજદીપસિંહ ધ્રુવદેવસિંહ જેઠવા, ઊર્મિલાબેન જીતેન્દ્રભાઈ ભાલ, અરવિંદભાઈ રાજુભાઈ રાઠોડ, રેખાબેન શંભુભાઈ બારૈયા, મનીષભાઈ તુલસીદાસ આડવાણી, ભાવનાબેન ભૂપતભાઈ ખૈરૈયા, મેરાભાઈ નાગાભાઈ કસોટીયા. કોષાધ્યક્ષ તરીકે જસવંતભાઈ આર. ગાંધી અને કાર્યાલય મંત્રી તરીકે ખંધેડીયા વિવેક ધર્મશભાઈની વરણી કરાઈ હતી.

વિવિધ વિભાગોના વડામાં સોશિયલ મીડિયા વિભાગમાં નચિકેતભાઈ હરેશભાઈ દવે, આઈ.ટી. વિભાગમાં પાર્થભાઈ કિરીટભાઈ વાજા અને મીડિયા વિભાગની જવાબદારી દીપકભાઈ જસવંતરાય મહેતાને સોંપવામાં આવી છે.

વિવિધ મોરચાના પ્રમુખ અને મહામંત્રીઓઃ યુવા મોરચોઃ પ્રમુખ તરીકે ભવદીપસિંહ નટવરસિંહ ગોહિલ તથા મહામંત્રી તરીકે વિશાલકુમાર યોગેશભાઈ જોષી અને ગોપાલ ભરતભાઈ પટેલ. મહિલા મોરચોઃ પ્રમુખ તરીકે હીનાબેન અતુલભાઈ શાહ તથા મહામંત્રી તરીકે ઊર્મિલાબા યશવંતસિંહ રાણા અને દર્શનાબેન દીપકભાઈ દેસાઈ.

કિસાન મોરચોઃ પ્રમુખ તરીકે હર્ષદભાઈ લાલજીભાઈ સોલંકી તથા મહામંત્રી તરીકે ભરતભાઈ રાઘવભાઈ ગાંગાણી અને પથુભા નવુભા રાણા,બક્ષીપંચ (ઓબીસી) મોરચોઃ પ્રમુખ તરીકે ભાવેશભાઈ અશોકભાઈ રબારી તથા મહામંત્રી તરીકે ભાવેશભાઈ અશોકભાઈ રબારી તથા મહામંત્રી તરીકે ભરતભાઈ માધુભાઈ દિહોરા અને અભિજિતસિંહ વિક્રમસિંહ ડોડીયા,અનુસૂચિત જાતિ મોરચોઃ પ્રમુખ તરીકે કનુભાઈ દેહાભાઈ પરમાર તથા મહામંત્રી તરીકે ભૌતિક મનસુખભાઈ ચૌહાણ અને જયકિશન અરવિંદદાસ હાવલિયા,અનુસૂચિત જન જાતિ મોરચોઃ પ્રમુખ તરીકે સુનિલભાઈ ભોળાભાઈ ઉંમટ તથા મહામંત્રી તરીકે યતીનભાઈ પ્રતાપભાઈ મેઘલાતર અને અમિતભાઈ દિલીપભાઈ લુણાગતર, લઘુમતી મોરચોઃ પ્રમુખ તરીકે મહેબૂબભાઈ માંડવિયા તથા મહામંત્રી તરીકે નોમિનભાઈ અકબરઅલી ટીનવાલા અને મોમીન આરિફભાઈ હબીબભાઈની નિમણૂક કરવામાં આવી હતી. ■



જૂનાગઢના મહાશિવરાત્રીના વર્ષ ૨૦૨૬ના મેળાને ભવ્ય રીતે ઉજવવા માટે જિલ્લા વહીવટી તંત્ર તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત બન્યું છે. (તસ્વીરઃ હરેશ સોની, જુનાગઢ)

# ભચાઉમાં ફરજ દરમ્યાન નશો કરનારા એસ.આર.પી. જવાન વિરુદ્ધ ફોજદારી નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ ખાતે ફરજ પર નશો કરેલી હાલતમાં મળી આવેલા રાજ્ય અનામત પોલીસ ગ્રૂપના જવાન વિરુદ્ધ વિધિવત રીતે ગુનો નોંધાતાં ચકચાર પ્રસરી હતી.

આ મામલાની તપાસ કરી રહેલી ભચાઉ પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, એસ.આર.પી. ગ્રૂપ ૧૬માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવનારા વિપુલ હેમંત દરજી નશો કરતો હોવા અંગે ડી.વાય.એસ.પી. સિંધીને જાણકારી મળતાં તેઓએ તપાસ આદરી હતી.

જેમાં આ જવાન કેફીપીણું પીધેલી હાલતમાં મળી આવતાં એસ.આર.પી. ગ્રૂપના પી.એસ.આઈ. પુના તડવીએ જવાન વિરુદ્ધ ભચાઉ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો. ■

# મોટરસાઇકલ અને ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રામપર-વેકરાના યુવાનનું મોત, એક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક તરફ કચ્છભરમાં જ્યારે મહાશિવરાત્રી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે એ વચ્ચે માંડવી તાલુકાના રામપર-વેકરાના બે યુવાનોનું સેડાતા નજીક સર્જાયેલા માર્ગ અકસ્માતમાં મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.

બનાવ અંગે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખાતેની પોલીસ ચોકીએથી પ્રાપ્ત વિગતો મુજબ, રામપર-વેકરાના ૨૬ વર્ષીય સુલતાન અદ્રેમાન માંજોઠી અને અશ્વિન કોલી મોટરસાઇકલ પર ભુજના શનિદેવ મંદિર અને સેડાતા વચ્ચેના માર્ગ પરથી જઇ રહ્યા હતા, ત્યારે સામેથી આવતી ટ્રક સાથે ટક્કર થતાં બંને યુવાનોને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી જેમાં સુલતાન માંજોઠીએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. જ્યારે અશ્વિનને હાથ-પગમાં અસ્થિભંગ સહિતની ઇજા પહોંચતાં તેને ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો હતો. પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# રાજકોટ કૉંગ્રેસના પૂર્વ કોર્પોરેટરે પક્ષના જ કાન ખેંચ્યા, જૂથવાદ ફરી જાહેર થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના રાજકારણમાં આગામી સમયમાં જાહેર થનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે, તેવા ટાણે કૉંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો હોવાની ઘટના ફરીથી સપાટી પર આવી હતી.

રાજકોટ મનપાના પૂર્વ કોર્પોરેટર અને મહિલા કૉંગ્રેસ કોર્પોરેટરના પતિ પ્રવીણ સોરાણીએ શહેર પ્રમુખ રાજદીપસિંહ જાડેજાની કાર્યપદ્ધતિ સામે સવાલો ઉઠાવતા રાજકીય ગરમાવો આવી ગયો છે.

સોરાણીએ આક્ષેપ કર્યો હતો કે, શહેર કૉંગ્રેસના કાર્યાલયથી તેમને હડધૂત કરીને કાઢવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે જો શહેર પ્રમુખ નવું કાર્યાલય બનાવી શકતા ન હોય તો તેમણે તાત્કાલિક રાજીનામું આપી દેવું જોઈએ. સોરાણીએ ચેતવણી આપતા કહ્યું કે, જો સ્થિતિ આવી જ રહી તો આગામી સમયમાં કૉંગ્રેસને શૂન્ય બેઠકો આવશે.

પ્રવીણ સોરાણીએ ઈન્દ્રનીલ રાજગુરુની માલિકીના કાર્યાલય મુદ્દે પણ પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જ્યારે અતુલ રાજાણી પ્રમુખ હતા ત્યારે પણ કાર્યાલય બદલવાની માગ કરવામાં આવી હતી.

સોરાણીએ સ્પષ્ટ કર્યું કે, અમે કોઈ વ્યક્તિના માણસ નથી, પરંતુ કૉંગ્રેસના સૈનિક છીએ. તેમણે પોતાની નિષ્ઠા જાહેર કરતા એમ પણ ઉમેર્યું હતું કે તેઓ આગામી ચૂંટણી કૉંગ્રેસમાંથી જ લડશે, પરંતુ જો પાર્ટી તેમને ટિકિટ નહીં આપે તો તેઓ ભવિષ્ય અંગે વિચાર કરશે. આ આક્ષેપોને કારણે સ્થાનિક રાજકારણમાં ભડકો થયો હોવાની ચર્ચા ચાલી રહી છે.

બીજી તરફ, પૂર્વ કોર્પોરેટરના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપતા શહેર કૉંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ વળતો પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રવીણ સોરાણી ભાજપના મિત્રો સાથે ઉઠતા-બેસતા હોય તેવું લાગી રહ્યું છે અને તેઓ માત્ર પાયાવિહોણી વાતો કરી રહ્યા છે.

જાડેજાએ સ્પષ્ટતા કરી હતી કે જે કાર્યાલય વિશે વાત કરવામાં આવે છે તે કોઈ વ્યક્તિગત માલિકીનું નથી પણ કૉંગ્રેસ પાર્ટીનું છે. તેમણે સોરાણીને પડકાર ફેંક્યો કે જો તેમને પાર્ટીની આટલી જ ચિંતા હોય તો નવા કાર્યાલય માટે ફાળો આપવાની શરૂઆત કરે.

શહેર પ્રમુખે શિસ્તના ભંગ મુદ્દે કડક વલણ અપનાવતા જણાવ્યું હતું કે, કૉંગ્રેસ પાર્ટીના કાર્યક્રમોમાં પ્રવીણ સોરાણીને હંમેશા આમંત્રણ આપવામાં આવ્યું છે, તેમ છતાં તેઓ પક્ષને બદનામ કરવાનું કામ કરી રહ્યા છે.

પાર્ટીનું શિસ્ત ભંગ કરનાર અને પક્ષની છબી ખરડનાર કોઈ પણ વ્યક્તિને ચલાવી લેવામાં આવશે નહીં અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં બંને પક્ષો વચ્ચેની આ નિવેદનબાજીએ રાજકોટ કૉંગ્રેસના આંતરિક જૂથવાદને સપાટી પર લાવી દીધો છે. ■

# મુંબઈ-સૌરાષ્ટ્ર વચ્ચે દોડતી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાયા! જાણો શિડ્યુલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી દિવસો હોળી સહિતના તહેવાર તેમ જ વેકેશનની શરૂઆત થવા જઈ રહી હો તે સમયે પશ્ચિમ રેલવેએ મુંબઈથી સૌરાષ્ટ્ર તરફની મુસાફરી કરનારા હજારો મુસાફરો માટે એક સારા સમાચાર આપ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રાફિકને ધ્યાનમાં રાખીને રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી બે જોડી વીકલી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી દ્વારકા, રાજકોટ, સોમનાથ, જૂનાગઢ, ગીર, જામનગર તરફ મુસાફરી કરનારા પ્રવાસીઓને મોટી રાહત મળશે.

રેલવેના સત્તાવાર નિવેદન મુજબ, ઓખા બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ (૦૯૫૬૨) ના ફેરા ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી અને વળતી દિશામાં બાંદ્રા ઓખા સ્પેશિયલ (૦૯૫૬૧) ના ફેરા ૨૫ માર્ચ ૨૦૨૬ સુધી કાર્યરત રાખવામાં આવશે. આ ઉપરાંત, સૌરાષ્ટ્રના અન્ય મહત્વના રૂટ પરની વેરાવળ બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ (૦૯૦૧૮) ના ફેરા ૩૦ માર્ચ ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. તેવી જ રીતે, બાંદ્રા વેરાવળ સ્પેશિયલ (૦૯૦૧૭) ના ફેરા ૨૯ માર્ચ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. લાંબા અંતરની આ ટ્રેનોના સમયગાળામાં વધારો થવાથી ખાસ કરીને મુંબઈ અને સૌરાષ્ટ્ર વચ્ચે અવરજવર કરતા ધંધાર્થીઓ અને પ્રવાસીઓને ટિકિટ બુકિંગમાં સરળતા રહેશે.

તે ઉપરાંત રેલવે દ્વારા ટ્રેન નંબર ૦૪૮૨૮ બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સાપતાહિક સ્પેશિયલ હવે ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી અને વળતી ટ્રેન નંબર ૦૪૮૨૭ ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ ૨૮ માર્ચ, ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે. આ જ રીતે, બાંદ્રા ટર્મિનસ-અજમેર સાપ્તાહિક સ્પેશિયલ (૦૯૬૨૨) ના ફેરા ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી અને અજમેર-બાંદ્રા ટર્મિનસ (૦૯૬૨૧) ના ફેરા ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, વલસાડ-હિસાર સાપ્તાહિક સ્પેશિયલ (૦૪૭૨૮) હવે ૨૬ માર્ચ, ૨૦૨૬ સુધી દોડશે, જ્યારે હિસાર-વલસાડ ટર્મિનસ (૦૪૭૨૭) ને ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.આ સાથે જ રેલવે દ્વારા ઓખા ભાવનગર ઓખા એક્સપ્રેસ (૧૯૨૧૦/૧૯૨૦૯) ટ્રેનોમાં ચાર મહિના માટે એક વધારાનો થર્ડ એસી કોચ જોડવાનો નિર્ણય લીધો છે. ■